MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૧-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 લોકોએ બંધક બનાવનારની પત્નીને પત્થરો મારીને મારી નાખી, સીએમએ પોલીસની ઝાટકણી કાઢી

5 જામિયા હિંસા પર બોલિવૂડ અભિનેત્રીએ કર્યું ટ્વિટ : 'શું રામ આના પર ગર્વ અનુભવશે?'

8 ગાર્ડન નગરી 'વડોદરા'માં ૧૦૩ બગીચા, પણ સ્ટાફની અછતથી ભારે હાલાકી

12 સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ભારત ભવન સુધી જુલાઈ ૨૦૧૯ પછીના દબાણો દૂર કરવા હાઇકોર્ટનો આદેશ

સીતારમણનો આશાવાદ : '૨૦૨૦-૨૧માં જીડીપી ગ્રોથ ૬ ટકાથી ૬.૫ ટકા રહેશે'

યુનો સહિત રેટીંગ એજન્સીઓ ભારતની આર્થિક મંદી અંગે ચિંતિત છે ત્યારે નવી આશા ઝગમગાઈ, આ વર્ષનો આર્થિક સર્વે મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમે તૈયાર કર્યો



નરેન્દ્ર મોદી સરકાર ૨.૦ નો આ બીજો આર્થિક સર્વે છે, ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૫ ટકા રહેવાનું અનુમાન

ન્યુ દિલ્હી

સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો) સહિત જાણીતી આર્થિક બાબતોમાં રેટીંગ આપતી એજન્સીઓએ ભારતની વર્તમાન આર્થિક સ્થિતિ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી છે ત્યારે એનડીએ સરકારના નાણામંત્રી નિર્મલા સિતારામનને સંસદમાં બજેટ પૂર્વે રજૂ કરેલા આર્થિક સર્વે-૨૦૨૦ અહેવાલમાં દાવો કર્યો હતો કે નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતનો વિકાસ દર ૬ ટકાથી લઈને ૬.૫ ટકા રહેવાનું અનુમાન છે. નરેન્દ્ર મોદી સરકાર ૨.૦ નો આ બીજો આર્થિક સર્વે છે. નાણામંત્રી આજે એક ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરશે. જેમાં રેલવે બજેટનો પણ સમાવેશ થાય છે. આર્થિક સર્વે અહેવાલ રજૂ થયા બાદ સંસદની આજની બેઠક કાલે શનિવાર સવારે ૧૧ વાગ્યા સુધી માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. નોંધનીય છે કે આજે શનિવાર છતાં શેરબજાર કામકાજ માટે ચાલુ રહેવાનું છે.

સંસદમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ બાદ દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં આર્થિક સર્વે- ૨૦૨૦ રજૂ કર્યો હતો આ વર્ષના આર્થિક સર્વેમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિકાસ દર ૬થી ૬.૫ ટકા રહેવાનુ અનુમાન વ્યક્ત કરવામાં આવ્યુ છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન જીડીપી ૬.૮ ટકા રહ્યો હતો.

સર્વેમાં કહેવામાં આવ્યું કે ડુંગળી જેવી કોમોડિટીની કિંમતોમાં સ્થિરતા લાવવા માટે સરકારના ઉપાયો પ્રભાવી સાબિત થઈ રહ્યાં નથી. આ વખતે આર્થિક સર્વે લવેન્ડર રંગમાં છાપવામાં આવ્યો છે. આ રંગ ૧૦૦ રૂપિયાની નવી નોટ જેવો છે.

આર્થિક સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે આવનારા નાણાકીય વર્ષ (૨૦૨૦-૨૧)માં જીડીપી ગ્રોથ ૬-૬.૫ ટકા રહી શકે છે. વળી, ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૫ ટકા રહેવાનુ અનુમાન છે.

સર્વેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દેશના જીડીપી ગ્રોથને પ્રોત્સાહન આપવા માટે ચાલુ નાણાંકીય વર્ષમાં નાણાકીય ખાધ લક્ષ્યથી પાછળ હટવુ પડી શકે છે. ગ્લોબલ ગ્રોથમાં નબળાઈથી ભારત પણ આર્થિક રીતે

અનુસંધાન પાના નં. ૬

આર્થિક સર્વેમાં ટેક્સમાં રાહતના સંકેત....

ઈકોનૉમિક સર્વે પ્રમાણે, નાણાકીય વર્ષ ૨૦૨૦ની બીજા છ મહિનામાં દેશની અર્થવ્યવસ્થા પાટા પર ચડી જશે. જે બાદમાં ૨૦૨૧માં તે મજબૂત સ્થિતિમાં પહોંચી જશે તેવું અનુમાન રજૂ કરવામાં આવ્યું છે. આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૯માં જીડીપી ગ્રોથ ૪.૫ ટકા રહ્યો હતો, જે ૨૦૧૩ પછી સૌથી નીચલા સ્તર પર હતો. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે જીડીપી ગ્રોથ ઘટવાનું સૌથું મોટું કારણ માંગ અને રોકાણમાં ઘટાડો છે. આ જ કારણે સરકાર પર આર્થિક સુધારા કરવા માટે દબાણ બન્યું હતું. સરકાર બજેટ ૨૦૨૦માં વ્યક્તિગત કરદાતાઓને ઈકમ ટેક્સમાં રાહતની જાહેરાત કરી શકે છે. સાથે જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રોકાણ વધારવા માટે જાહેરાત પણ કરવામાં આવી શકે છે.

આર્થિક સર્વેક્ષણ ૨૦૨૦ પ્રમાણે અમેરિકા, ઈરાન અને ઈરાક વચ્ચે તણાવને કારણે ક્રૂડ ઓઈલની કિંમતો પર અસર પડશે. આનાથી નાણાકીય વર્ષ ૨૦૨૧માં પેટ્રોલિયમ સબસિડી પર અસર પડશે.

નોકરિયાત વર્ગ અને કોર્પોરેટ સેક્ટર સહિત સૌ કોઈની બજેટ પર નજર, રાહતોની લ્હાણી થશે...?

આર્થિક સુસ્તીના ઓછાયા હેઠળ નાણામંત્રી આજે કેન્દ્રીય બજેટ રજૂ કરશે

આજે બજેટને કારણે શેરબજાર પણ ખુલ્લુ રહેશે

ન્યુ દિલ્હી

આજે ૧, ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગે એનડીએ સરકારના નાણામંત્રી નિર્મલા સિતારામન વર્તમાન આર્થિક નબળાઇ વચ્ચે કેન્દ્રનું નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧નું સામાન્ય બજેટ રજૂ કરશે. જેના પર દેશના શેરબજાર સહિત કોર્પોરેટ સેક્ટર, નોકરિયાત વર્ગો, શ્રમજીવીઓ સહિત સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓની આશા છે. સામાન્ય બજેટની સાથે જ રેલવેનું બજેટ પણ રજૂ કરાશે. ૨૦૨૪ સુધીમાં ભારતની જીડીપીને ૫ ટ્રીલિયન ડોલરની ઈકોનોમી બનાવવા માટેનું આ બીજુ બજેટ છે.

સૂત્રોએ કહ્યું કે આજથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થઈ ગયો છે. શુક્રવારે નાણામંત્રીએ આર્થિક સર્વે-૨૦૨૦ અહેવાલ સદનમાં રજૂ કર્યો હતો. જેમાં આગામી નાણાકિય વર્ષમાં ભારતનો જીડીપી વિકાસ દર ૬ ટકાથી લઈને ૬.૫૦ ટકા રહેવાનો અંદાજ છે. એક રીતે જોતાં ઉજળા આર્થિક વિકાસ દરના અનુમાન વચ્ચે શનિવારે ૧૧ વાગ્યે ભારતનાં નાણામંત્રી નિર્મલા સીતારમણ પોતાનું બીજું બજેટ રજૂ કરશે, જેમાં આવકવેરામાં રાહત આપવાની સાથે આર્થિક સુસ્તીને દૂર કરીને અર્થતંત્રને ધબકતુ બનાવવાના પ્રયાસોરૂપે જાહેરાતો થવાની શક્યતા છે. શનિવારે બજેટને

અનુસંધાન પાના નં. ૬

સંસદ સંકૂલમાં પરંપરા અનુસાર મિડિયા સાથે વાતચીત કરીને વિપક્ષોને સલાહ આપી

સંસદનું બજેટ સત્ર દેશના ઉજ્જ્વળ ભાવિનો પાયો નાખશે: પીએમ

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે આશા વ્યક્ત કરી હતી કે આજથી શરૂ થવા જઇ રહેલ સંસદનું બજેટ સત્ર દેશના ઉજ્જ્વળ ભાવિનો પાયો નાખશે અને તેમની સરકાર દલિતો, વંચિતો અને મહિલા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

બજેટ સત્ર પહેલા પારંપારિક રીતે મિડિયા સાથેની વાતચીતમાં મોદીએ સંસદ ભવન સંકુલમાં જણાવ્યું હતું કે આ વર્ષ અને આ ૨૦૨૦થી શરૂ થયેલા નવા દાયકાનું આ પહેલું સત્ર છે. અમારો પ્રયાસ થવો જોઈએ કે આ સત્ર, દાયકાના ઉજ્જ્વળ ભવિષ્ય માટે એક મજબૂત પાયો છે. અમારી સરકારે અત્યાર સુધી દલિતો, શોષિતો, વંચિત અને મહિલાઓને સશક્ત બનાવવા તરફ કામ કર્યું છે અને આ દાયકામાં પણ આપણો પ્રયાસ રહેશે.

તેમણે કહ્યું કે આ સત્રમાં મહત્તમ આર્થિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે. તે સુનિશ્ચિત કરવું જોઈએ કે ભારત વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓથી કેવી રીતે

અનુસંધાન પાના નં. ૬

પોલીસે ટ્રક કબજે કર્યો, હાઈવે બંધ કરાયો, સીઆરપીએફનો એક જવાન ઈજાગ્રસ્ત

હથિયારો ભરેલી ટ્રક લઈને જઈ રહેલા ત્રણ આતંકવાદી ઠાર મરાયા

શ્રીનગર

જમ્મુ કશ્મીર હાઈવે પર હથિયારો ભરેલી ટ્રક લઈને જઈ રહેલા આતંકવાદીઓએ સીઆરપીએફ પોસ્ટ પાસે સિક્યોરિટી પર ગોળીબાર કરતાં સિક્યોરિટીએ કરેલા વળતા ગોળીબારમાં ત્રણ આતંકવાદી ઠાર થયા હતા. સીઆરપીએફનો એક જવાન પણ ઈજા પામ્યો હતો.

આ આતંકવાદીઓ ટ્રકમાં છૂપાઈને કશ્મીર ખીણ વિસ્તારમાં મોટો હુમલો કરવાના હોવાની બાતમી મળી હતી. જમ્મુ કશ્મીરમાં ઘુસવાના એમના પ્રયાસને સિક્યોરિટીએ નિષ્ફળ બનાવ્યો હતો અને ખાસ્સી મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કર્યા હતા.

હાલ આસપાસના વિસ્તારોમાં પણ સર્ચ ઓપરેશન ચાલુ છે અને બીજા આતંકવાદી આસપાસમાં છૂપાયો હોય તો તેમને પણ જેર કરવાની સિક્યોરિટીની યોજના હતી.સિક્યોરિટીએ પૂરો વિસ્તાર ઘેરી લીધો હતો અને કામચલાઉ રીતે હાઈ વે પરના ટ્રાફિકને રોકી દીધો હતો.

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

બજેટ સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ રામનાથ દ્વારા સંસદના સંયુક્ત સત્રને સંબોધન

સીએએ કાયદાથી મારી સરકારે ગાંધીજીનું સ્વપ્ન પરિપૂર્ણ કર્યું : કોવિંદ

હિંસાત્મક વિરોધ દેશ અને સમાજને નબળો બનાવે છે : સીએએના વિરોધીઓને રાષ્ટ્રપતિની સલાહ, વિપક્ષ દ્વારા વિરોધ થતાં સંબોધનમાં બે વાર વિક્ષેપ સર્જાયો



ન્યુ દિલ્હી

દેશની રાજધાની નવી દિલ્હીમાં સંસદના નવા બજેટ સત્રનો શુક્રવારે મહામહિમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધનથી પ્રારંભ થયો હતો. રાષ્ટ્રપતિએ પોતાના સંબોધનમાં મોદી સરકાર ૨.૦ના વખાણ કર્યા હતા અને સંશોધિત નાગરિકતા કાયદાનો ઉલ્લેખ કરતાં જ સંસદમાં સત્તાપક્ષની પાટલીઓ તરફથી તેને ઉમળકાભેર આવકાર મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના સત્તાપક્ષના સભ્યોએ ખાસ્સીવાર સુધી પાટલીઓ થપથપાવીને સમર્થન આપ્યું હતું. તો વિપક્ષ કોંગ્રેસ અને અન્ય પક્ષો દ્વારા આ કાયદાની વિરૂધ્ધમાં દેશભરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનનો પડઘો પાડીને તેનો વિરોધ કરીને શોરબકોર મચાવતાં સદનમાં ઉહાપોહ મચી ગયો હતો અને રાષ્ટ્રપતિને બે વાર પોતાનું સંબોધન થોડીક પળો માટે અટકાવવાની ફરજ પડી હતી.

દિલ્હીના શાહિનબાગ સહિત અન્યત્ર સંશોધિત નાગરિક કાયદા-સીએએ સામે વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે. યુપીમાં હિંસાના બનાવો પણ થયાં હતા. જેમાં ૨૫ કરતાં વધુ લોકો માર્યા ગયા હતા. તેનો અછડતો ઉલ્લેખ કરીને રાષ્ટ્રપતિ તેને વખોડી કાઢીને કહ્યું હતું કે, આ પ્રકારની હિંસા વિરોધ એ દેશને નબળો કરવાનો પ્રયાસ છે. મારી સરકારનો સ્પષ્ટ મત છે કે પારસ્પરિક ચર્ચા-પરિચર્ચા તથા વાદ-વિવાદ લોકતંત્રને

અનુસંધાન પાના નં. ૬



નવી દિલ્હીના મોડેલ ટાઉન ખાતે આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણી પૂર્વે ચૂંટણી પ્રચાર દરમિયાન આપના સ્વયંસેવકોએ પક્ષના પ્રતીક, ઝાડુ પકડ્યા છે.

લોકોએ બંધક બનાવનારની પત્નીને પત્થરો મારીને મારી નાખી, સીએમએ પોલીસની ઝાટકણી કાઢી

બર્થડે પાર્ટીનાં બહાને ૨૩ બાળકોને બાનમાં લેનાર આરોપીને ઠાર કરાયો

ફર્રુખાબાદ

ઉત્તર પ્રદેશના એક રીઢા અપરાધીને કલાકોની જહેમત પછી પોલીસે ઠાર કર્યો હતો અને એણે બાનમાં રાખેલાં ૨૩ બાળકોને ઊગારી લીધાં હતાં. અંદાજીત ૧૧ કલાક સુધી ચાલેલા આ બંધક સંકટનો સૂત્રાધાર સુભાષ બાથમને પોલીસે રાત્રે અંદાજીત ૧ વાગ્યે ઠાર કર્યો, જયારે તેની પત્નીને ગુસ્સે ભરાયેલા લોકોએ પત્થરો મારી અને માર મારીને મારી નાખી હતી. સુભાષે જન્મ દિવસ મનાવવાના બહાને બાળકોને ભેગા કર્યા હતા અને બપોરથી જ બંધક બનાવી દીધા હતા. તેને સમજાવવા આવેલા લોકો પૈકીના એક ગામવાસી પર તેણે ફાયરિંગ કરતાં પગમાં ગોળી વાગી હતી. ફર્રુખાબાદના એસપી ત્રિભુવનના કહ્યા મુજબ કાર્યવાહી દરમિયાન સુભાષએ દેશી બોમ્બથી પણ પોલીસ પર હુમલો કર્યો હતો.

જ્યારે બે કલાક પછી પણ બાળકો પાછા ઘરે ન આવ્યા તો પરિવારજનો સુભાષ બાથમના ઘરે ગયા જ્યાં પહોંચ્યા તો સુભાષે તેમના પર ફાયરિંગ કરી દીધું. આ અંગે વધુ ચકચાર થઈ જતાં ગ્રામજનોએ ૧૧૨ પર ફોન કરી દીધો અને ઘટના અંગે કહ્યું હતું. મોહમ્મદાબાદના ઈન્સપેક્ટર રાકેશને જાણકારી મળતાં તે સ્થળ પર પહોંચી ગયા અને વાત કરવાના પ્રયત્નો કર્યા પરંતુ સુભાષે કહ્યું કે તમે ઊભા રહો હું બતાવું છું. તેણે અંદરથી જ વિસ્ફોટ કરી દીધો અને આ જોઈને બધાના હોશ ઉડી ગયા. આ બ્લાસ્ટમાં ઈન્સપેક્ટર દીવાન ઘાયલ થઈ ગયા હતા.

પોલીસ અધિકારીઓ દળ-બળ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. અહીંના કેટલા બાળકો છે તે અહીંના ગ્રામજનો દ્વારા જાણવા મળ્યું હતું. પોલીસ અધિકારીઓને જાણ થઈ કે ૨૧ બાળકોને બંધક બનાવી લેવામાં આવ્યા છે. પોલીસ માટે પણ આ સ્થિતિ ગંભીર બની રહી હતી. પોલીસે સુભાષના મિત્રને તેની સાથે વાત કરવા મોકલ્યો હતો. સુભાષે તેના મિત્રને પણ ગોળી મારી દીધી હતી. પોલીસને પરિસ્થિતિ બેકાબૂ હોવાની જણ મળી ગઈ હતી, ત્યારબાદ એટીએસની મદદ લેવામાં આવી હતી.

એટીએસની ટીમ લખનઉથી ફરૂખાબાદ જવા રવાના થઈ હતી. ફરૂખાબાદમાં પોલીસ અધિકારીઓ હુમલાખોર બાથમને વ્યસ્ત રાખવા પ્રયાસ કરી રહ્યા હતા જેથી બાળકોને કોઈ નુકસાન ન થાય. સુભાષે પોલીસકર્મીઓ પાસે એક બિસ્કિટની પણ માંગ કરી હતી, જે તેને અપાયું હતું.

ઉત્તર પ્રદેશ રાજયના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી. તેમાં મુખ્ય સચિવ, ડીજીપી, એડીજી કાયદો અને વ્યવસ્થા અને ગૃહ વિભાગના મુખ્ય સચિવનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે બાળકોને સલામત રીતે બચાવી લેવામાં આવે. યોગીએ ફરરૂખાબાદ અધિકારીઓ સાથે પણ વાતચીત કરી અને પોલીસ અધિકારીઓને ઠપકો આપ્યો.

એસપી ત્રિભુવનસિંઘ કહે છે, 'રાત્રે ૧ વાગ્યાના સુમારે મોટા અવાજો થયા હતા. પોલીસ ટીમએ એટીએસ પહોંચે તે પહેલા જ ઘરમાં પ્રવેશ કરી લીધો હતો. ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ સુભાષ બાથમના ઘરે પત્થર ફેંકવાનું શરૂ કર્યું હતું. પોલીસની ટીમે ઓરડામાં પહોંચીને સુભાષ બાથમને ઠાર કર્યો હતો. આ સમય દરમિયાન સુભાષની પત્ની, જે તે પૂર્વઆયોજિત યોજનાનો ભાગ હતી, તે ઘરની બહાર આવી હતી અને ગામ લોકોએ તેને પત્થરો માર્યા અને માર માર્યો હતો. જે ઈજાગ્રસ્ત થઈ હતી જેથી તેને હોસ્પિટલ લઈ જવાઈ હતી. હોસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું.

દિલ્હી વિધાનસભા ચૂંટણી...

ભાજપનો ચૂંટણી ઢંઢેરો : 'રોજગારી, ભ્રષ્ટાચાર મુક્ત સરકારનું વચન'

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણી હવે નજીક છે ત્યારે મતદારોને આકર્ષવા માટે રાજકિય પક્ષો જોર લગાવી રહ્યાં છે. ભાજપે પોતાનો મેનીફેસ્ટો જાહેર કર્યો હતો. પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મેનિફેસ્ટો જાહેર કરતા કહ્યું કે, દિલ્હીનું નસીબ અમે બદલવાના છીએ. દિલ્હીમાં વાયુ-જળ પ્રદર્શન સૌથી મોટી સમસ્યા છે. અમારી કેન્દ્ર સરકાર બંન્ને દિશામાં મોટા કામ કરી રહ્યાં છીએ. અમારી સરકારનું ફોકસ દિલ્હીમાં સાફ પાણીની વ્યવસ્થા કરવાનું છે.

મોનિફેસ્ટોમાં આપેલા વચનો આ પ્રમાણેનાં હતા. દિલ્હીમાં ભ્રષ્ટાચાર મુક્ત સરકાર, નવી અધિકૃત કોલોની માટે ડેવલપમેન્ટ બોર્ડ, ભાડૂંઆતોના હિતોની રક્ષા કરવી, સીલિંગ નહી હોવા માટે નિયમ અને કાયદામાં ફેરફાર, વેપારીઓમાં એક વર્ષમાં લીઝ હોલ્ડથી ફ્રી હોલ્ડનું કામ પૂર્ણ કરવું, જેમને ઘઉં મળે છે તેમને ૨ કિલો લોટ, હર ઘર નલથી શુદ્ધ પાણી આપવાની યોજના, દિલ્હીને ટેંકર માફિયાથી મુક્ત કરાવશે, દિલ્હીમાં ૨૦૦ નવી શાળાઓ અને ૧૦ મોટી કોલેજ ખોલવામાં આવશે, નવમાં ધોરણના વિદ્યાર્થીઓને ફ્રીમાં સાઈકલ, ગરીબ વિધવા મહિલાઓની દિકરીઓના લગ્ન માટે ૫૧ હજાર રૂપિયા, ૧૦ લાખ બેરોજગારોને રોજગારી, યુવાનો મહિલા અને પછાત કલ્યાણ માટે અલગ બોર્ડ, રાણી લક્ષ્મી બાઈ મહિલા સુરક્ષા યોજના, દિલ્હી પોલીસના સહયોગથી ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને સુરક્ષાની ટ્રેનિંગ મળશે.

દિલ્હી યમુના વિકાસ બોર્ડ બનાવવાની જાહેરાત, યુમુના રિવરફ્રંટ, યમુના આરતી શરૂ થશે. દિલ્હીમાં આયુશમાન, પીએમ આવાસ, કિસાન સમ્માન નિધિ યોજવા લાગૂ થશે. સમૃદ્ધિ દિલ્હી ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાની જાહેરાત. ગરીબ પરીવારમાં દિકરીના જન્મ સમયે એકાઉન્ટ ખોલવામાં આવશે અને ૨૧ વર્ષની થવા પર ૨ લાખ રૂપિયા. કોલેજમાં અભ્યાસ કરતી ગરીબ વિદ્યાર્થીનીઓને ઈલેક્ટ્રીક સ્કૂટી ફ્રીમાં અપાશે. બે વર્ષમાં દુલ્હીમાંથી કચરાના પહાડોને હટાવશે.

સીએએની સામે બોલનાર મમતા બેનર્જીને સીએમપદ પરથી દૂર કરવા સુપ્રિમમાં રીટ

ન્યુ દિલ્હી

સી.એ.એ. એટલે કે કેન્દ્ર સરકારના સંશોધિત નાગરિકતા કાયદાની સામે વિરોધી ટિપ્પણી કરવા બદલ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીને તેમના પદ પરથી હટાવવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જો કે કોર્ટે આ અંગે હાઈકોર્ટમાં જવાની સલાહ આપીને રીટનો નિકાલ કર્યો હતો. સીએએના મુદ્દે બિનભાજપી સીએમની સામે અને તેમને પદ પરથી દૂર કરવાની આ કદાજ પ્રથમ રીટ માનવામાં આવી રહી છે.

કાયદા સાથે જોડાયેલી એક વેબસાઈટના રિપોર્ટ પ્રમાણે, આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આપેલા નિવેદનો સાર્વભૌમત્વ પર હુમલો કરે છે, જે "ઓથ ઓફ ઓફિસ" ની બંધારણીય જોગવાઈઓ વિરોધી છે.

સીએમ બેનરજીએ એમ કહ્યું હતું કે સીએએ, એનઆરસીનો અમલ પશ્ચિમ બંગાળમાં ફક્ત 'મારા ડેડ બોડી' ઉપર લાગુ કરવામાં આવશે. મારે જીવતે જીવ અમે ક્યારેય બંગાળમાં એનઆરસી અને સીએએને મંજૂરી આપીશું નહીં. રાજયમાંથી કોઈને હાંકી કાઢવામાં આવશે નહીં. તેમના આ નિવેદનને ભારતના સાર્વભૌમત્વ પરના હુમલા સમાન ગણીને રીટ અરજી કરવામાં આવી હતી.

સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ આ મામલો આવ્યો હતો.

જેમાં સીજેઆઈએ અરજીને ફગાવી દઈને અવલોકન કર્યું હતું કે આ રીટ માટે હાઈકોર્ટ એ યોગ્ય મંચ છે, સુપ્રીમ કોર્ટ નથી.

જો કે મમતાની પાર્ટી તૃણમૂલના સાંસદ મહુઆ મિત્રાએ પણ નાગરિક સુધારા અધિનિયમ, ૨૦૧૯ સામે રીટ અરજી દાખલ કરી છે.

બેનરો સાથે નાગરિકતા કાયદો એને એનઆરસીનો વિરોધ નોંધાવ્યો બજેટસત્ર પહેલાં સોનિયા ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા સંસદ સંકૂલમાં વિરોધ પ્રદર્શન

ન્યુ દિલ્હી

બજેટ સત્રની શરૂઆત થતાં જ પાર્ટીના અધ્યક્ષ સોનિયા ગાંધીની આગેવાની હેઠળના કોંગ્રેસના સાંસદોએ શુક્રવારે સંસદ સંકુલમાં મહાત્મા ગાંધીની પ્રતિમા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં સુધારેલા નાગરિકત્વ અધિનિયમ (સીએએ) અને એનઆરસીનો વિરોધ કરી રહેલા લોકો પ્રત્યે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. વિરોધ પ્રદર્શનમાં પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, વરિષ્ઠ નેતા અહેમદ પટેલ, લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરી અને અન્ય ઘણા સાંસદો હાજર રહ્યા હતા.

કોંગ્રેસના સભ્યોએ ભાજપના અનેક નેતાઓના વિવાદિત નિવેદનો સામે સૂત્રોચ્ચાર કર્યા હતા અને સરકાર પર બંધારણની વિરુદ્ધ કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. પાર્ટી સીએએ અને એનઆરસીનો ખુલ્લેઆમ વિરોધ કરી રહી છે. એવો આક્ષેપ કરવામાં આવે છે કે સરકાર આ મુદ્દાઓને અર્થતંત્રના મોરચે તેની નિષ્ફળતાઓને ઢાંકવા માટે મેદાનમાં લઈ રહી છે.

નાગરિકતા સુધારો કાયદાના મુદ્દે દેશમાં હંગામો વચ્ચે આજે બજેટ સત્રની શરૂઆત થઈ રહી છે. મોદી સરકારના બીજા કાર્યકાળનું આ પહેલું પૂર્ણ બજેટ છે અને સરકાર સમક્ષ પોતાનું વિઝન રજૂ કરવાનું પડકાર છે.

પરંતુ સત્ર શરૂ થાય તે પહેલા જ વિપક્ષોએ સીએએ મુદ્દે સરકારને ઘેરી લેવાનું શરૂ કરી દીધું હતું, શુક્રવારે વિપક્ષી નેતાઓએ મોદી સરકાર વિરુદ્ધ સંસદ સંકુલની બહાર દેખાવો કર્યા હતા.

સીએએ અને એનઆરસી વિરુદ્ધ વિરોધ કરી રહેલા લોકો સાથે એકતા સાથે પક્ષના ટોચનાં નેતૃત્વ હેઠળના કોંગ્રેસના સંસદસભ્યો શુક્રવારે બજેટ સત્રની શરૂઆત પહેલાં સંસદ સંકુલમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતા.

વિપ્રોના સીઈઓ અને એમડી આબિદઅલી નીમચવાલા રાજીનામું આપશે

બેંગલુરુ

આઈટી કંપની વિપ્રોના સીઈઓ-એમડી આબિદઅલી નીમચવાલા રાજીનામુ આપવાના છે. વિપ્રોએ શુક્રવારે જણાવ્યું છે કે, નીમચવાલા પારિવારિક જવાબદારીઓના કારણે રાજીનામુ આપી રહ્યા છે. જોકે તેમનો વિકલ્પ નહીં મળે ત્યાં સુધી તેઓ આ પદભાર સંભાળશે. કંપનીએ નવા સીઈઓ-એમડી માટે તપાસ શરૂ કરી દીધી છે.

નીમચવાલાએ એપ્રિલ ૨૦૧૫માં ગ્રૂપ પ્રેસિડન્ટ અને સીઈઓ પદ પર વિપ્રોમાં જોડાયા હતા. ફેબ્રુઆરી ૨૦૧૬માં તેઓ સીઈઓ બન્યા હતા. ગયા વર્ષે ૩૧ જુલાઈના રોજ તેમને સીઈઓ-એમડી બનાવવામાં આવ્યા હતા. નીમચવાલા ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટમાં આઈઆઈટી બોમ્બેથી પોસ્ટ ગ્રેજ્યુએટ કર્યું છે. એનઆઈટી રાયપુરથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. વિપ્રોના ચેરમેન રિશદ પ્રેમજીએ કહ્યું, નીમચવાલાના નેતૃત્વ અને યોગદાન માટે અમે તેમના આભારી છીએ. છેલ્લા ચાર વર્ષમાં તેમણે ઘણાં મજબૂત નિર્ણય લેવામાં મદદ કરી છે. તેમણે સમગ્ર દુનિયામાં ડિજીટલ બિઝનેસને પ્રોત્સાહન આપ્યું છે. જ્યારે નીમચવાલાએ કહ્યું છે કે, વિપ્રોએ પરિવર્તનના સમયમાં ઘણી પ્રગતિ કરી છે. કંપનીના ક્લાઈન્ટ પર ફોકસ કરીને ડિલીવરી પ્રોસેસમાં સુધારો કર્યો છે.



કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વાયનાડના કલ્પપેટા ખાતે 'બંધારણ બચાવો' પદયાત્રા દરમિયાન પાર્ટીના નેતાઓ સાથે.

ચીની ઉદ્યોગપતિ જેક મા દ્વારા ૧.૪૫ કરોડ ડૉલરની મદદ

WHOએ કોરોના વાયરસને લઈને ગ્લોબલ ઈમરજન્સી જાહેર કરી, ચીનમાં ૨૧૩ના મોત

ન્યુ દિલ્હી

ચીનમાંથી ઉદ્ભભવેલો કોરોના વાયરસ હવે દુનિયાભરમાં ફેલાઈને હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે હવે કોરોના વાયરસને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આંતરરાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય નિયમન સમિતિની બેઠકમાં આ મામલે ચર્ચા હાથ ધરાઈ. જે બાદ કોરોના વાયરસને ઈન્ટરનેશનલ ઈમરજન્સી જાહેર કરવામાં આવી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સીઈઓ ટેડ્રોસ અદનોમે ટ્વીટ કરી જણાયું કે હું કોરોના વાયરસને આંતરરાષ્ટ્રીય સંકટ તેમજ ચિંતા ગણી તેને એક સાર્વજનિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરું છું. તેમણે કહ્યું કે હાલમાં વાયરસને કારણે ચીનમાં જે સ્થિતિ ઉદ્ભભવી છે તેના કારણે નહીં પરંતુ આ વાયરસ હવે અન્ય દેશોમાં પણ પ્રસરી રહ્યો હોવાથી હું આ ઈમરજન્સીની જાહેરાત કરું છું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું કે દુનિયાભરમાં કોરોના વાયરસના ૮ હજાર ૨૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ છે. જેના કારણે કોરોના વાયરસને એક વૈશ્વિક કટોકટી જાહેર કરવો જોઈએ.

ભારતમાં ચીનનો ઘાતક વાઈરસ કોરોના પ્રવેશી ચૂક્યો છે. ચીનથી થોડા દિવસ પહેલા પરત આવેલી કેરળની વિદ્યાર્થીનીને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોવાનું કેરળ સરકારે જણાવ્યું હતું. એ વિદ્યાર્થીનીને હાલ આઈસોલેશન વૉર્ડમાં રાખવમાં આવી છે. તેની સતત તપાસ ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં તેના શરીરમાં કોરોના વાઈરસ હોવાનું જણાયું છે. હવે ચોવીસ કલાક પછી શુક્રવારે વધુ એક તપાસ થશે. જેથી વાઈરસની હલ-ચલ અને શરીર પર કેવી અસર કરે છે એ નોંધી શકાય.

આ કેસ કેરળના થ્રિસુર જિલ્લાનો છે. કેરળના અનેક વિદ્યાર્થીઓ ચીનમાં ભણે છે. ચીનમાં કોરોનાની મહામારી ફેલાવાની શરૂઆત થઈ એ પહેલા પરીક્ષાઓ પુરી થઈ ગઈ હોવાથી મોટા ભાગના વિદ્યાર્થી પરત આવી ગયા હતા. પણ અમુક વિદ્યાર્થી ત્યાં રહી ગયા હતા.

એ વિદ્યાર્થીઓને પાછળથી તક મળી ત્યારે ત્યાંથી નીકળી ગયા હતા. હવે ચીને એ બધા શહેરો તાળાબંધ કરી દીધા હોવાથી ત્યાંથી કોઈ પોતાની રીતે નીકળી શકે એમ નથી. સમગ્ર ચીનમાં ભારતના ૨૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એમાંથી ૨૧ હજાર તો મેડિકલ ફિલ્ડના વિદ્યાર્થી છે.

ચીનમાં મૃત્યુઆંક વધીને ૨૧૩ પહોંચી ગયો છે, જ્યારે ચેપ લાગ્યો હોય એવા દરદીની સંખ્યા ૭૭૦૦થી પણ વધારે નોંધાઈ છે. તેમાંથી ૧૪૦૦ દેટલા દરદીની હાલત ગંભીર છે. અગાઉ ફેલાયેલી સાર્સની બિમારી કરતાં આ આંકડો વધી ગયો છે. ગુરૂવારે જ ત્યાં ૧૭૦૦ નવા દરદી નોંધાયા હતા. ચીની સરકારના ગમે તેવા પ્રયાસો છતાં વાઈરસનો ફેલાવો અટકી શક્યો નથી.

કેરળ આવેલા વિદ્યાર્થી તથા અન્ય ચીની પ્રવાસીઓની તપાસ કરી શંકાસ્પદ જણાયા તેમના લોહીના નમુના પુના સ્થિત ઈન્સ્ટિટયૂટ ઑફ વાઈરોલોજીમાં તપાસ માટે મોકલાયો હતો. આ સંસ્થાએ કોરોના વાઈરસ હોવાની વાત કન્ફર્મ કરી હતી. કેરળમાં કેસ નોંધાયા પછી સરકારે સતર્ક થઈને હવે વિવિધ પગલાં પણ જાહેર કર્યાં હતા. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે ભારતમાં ચિંતા કરવાનું કોઈ કારણ નથી. સરકાર ગમે તે સ્થિતિને પહોંચી વળવા તૈયાર છે. ચીનથી પરત આવનારાઓ માટે કેન્દ્ર સરકારે કેટલાક સલાહ-સૂચન જાહેર કર્યા છે. એ પ્રમાણે એરપોર્ટ પર સ્કેન થયા પછી પણ જો કોઈ વ્યક્તિ શંકાસ્પદ જણાય તો તુરંત નજીકના સરકારી મેડિકલ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ. ઘરના અન્ય સભ્યોથી દૂર રહેવું, માસ્ક પહેરવું, તબીબી તપાસ કરાવવી.. વગેરે કેટલાક પગલાં લેવા જોઈએ. ભારતના તમામ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવનારા પ્રવાસીઓનું મેડિકલ ચેકઅપ પણ થઈ રહ્યું છે.

ચીની ઉદ્યોગપતી અને ઓનલાઈન શોપિંગ પોર્ટલ અલિબાબાના સ્થાપક જેક માએ સંશોધન માટે ૧.૪૫ કરોડ ડૉલરની મદદ જાહેર કરી હતી. તેમણે કહ્યું હતું કે સંશોધન માટે તેઓ પોતાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી પણ આપશે. જેના દ્વારા વાઈરસની તપાસ વધારે સરળ બનશે. આ ઉપરાંત પણ કેટલીક ચીની કંપનીઓ મદદ માટે આગળ આવી હતી. કેટલીક મેડિકલ ક્ષેત્રની કંપનીઓએ પોતાના દ્વાર પણ મદદ માટે ખોલી નાખ્યા છે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨જે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

મોટી રાજદ્ધારી જીત થઇ

સુધારવામાં આવેલા નાગરિક કાનુનની સામે યુરોપિયન સંઘની સંસદમાં છ રાજકીય પક્ષો દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવપર વોટિંગ ટળી ગઇ છે. આને ભારતની મોટી જીત તરીકે ગણવામાં આવે છે. જો કે નિયમિત પ્રક્રિયા હેઠળ પ્રસ્તાવ પર ચર્ચા થતી રહેનાર છે. મતદાનની પ્રક્રિયાને માર્ચ સુધી ટાળી દેવામાં આવી છે. ભારત વિરોધી લોબીના દબાણ હેઠળ યુરોપિયન સંસદમાં રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવ પર ભારતે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ યુરોપિયન સંસદના અધ્યક્ષ ડેવિડ મારિયાને પત્ર લખીને કહ્યુ હતુ કે નાગરિકતા કાનુનને ભારતીય સંસદના બંને ગૃહોમાં વિધીવત રીતે પસાર કરવામાં આવ્યુ છે. જેથી યુરોપિયન સંસદ દ્વારા આ સંબંધમાં કોઇ પણ નિર્ણય ભારતની અખંડતાની વિરુદ્ધમાં ગણવામાં આવશે. આના કારણે એક ખોટી પરંપરા શરૂ થઇ જશે. હવે માર્ચમાં શરૂ થતા નવા સત્રમાં જ આના પર વોટિંગ થઇ શકશે. માર્ચ મહિનામાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રસલ્સની યાત્રા કરનાર છે. તે પહેલા વિદેશ પ્રધાન એસ જયશંકર પણ યાત્રા થનાર છે. જયશંકર આધાર નક્કી કરવા માટે પહોંચનાર છે. એમ માનવામાં આવે છે કે યુરોપિયન યુનિયન આ બાબત પણ સહમત છે કે બારતના વલણને જાણ્યા વગર પ્રસ્તાવ પર આગળ વધવાની વાત યોગ્ય નથી. પાકિસ્તાન તરફી લોબી ઇચ્છે કે બ્રેગ્ઝિટ પહેલા યુરોપિયન સંસદ ભારતની સામે રહેલા પ્રસ્તાવને પાસ કરી નાંખે. સુધારવામાં આવેલ નાગરિક કાનુન ૨૦૨૦ દેશભરમાં અમલી છે. સંબંધિત બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યા બાદથી જ દેશના કેટલાક દેશોમાં હિંસક દેખાવો થઇ રહ્યા છે. ભારત પર આંતરરાષ્ટ્રીય દબાણ લાવવાના હેતુથી જ પાકિસ્તાને જુદા જુદા દેશોમાં દુત મોકલીને આ દિશામાં આગળ વધવા યુરોપિયન સંસદ પર દબાણ લાવ્યુ હતુ. આ જ કારણસર સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંકલ્પનો ઉલ્લેખ કરીને ભારતને ઘેરી લેવાની તૈયારી કરવામાં આવી રહી છે. એવો સંદેશ આપવાનો પ્રયાસ પણ થઇ રહ્યો છે કે ભારતમાં નાગરિક સુધારા કાનુન બનાવીને નાગરિતા વગરના લોકોની સંખ્યા ખુબ વધી જશે. માનવી પિડા વધારી દેવાની સાથે સાથે વિશ્વ માટે આ એક મોટી સમસ્યા બની શકે છે. જો કે ભારત સરકારના તર્ક ખુબ મજબુત રહ્યા છે. ભારતનુ કહેવુ છે કે આ કાનુનમાં કોઇ પણ ભારતીયની નાગરિકતા આંચકી લેવાની તેમાં કોઇ જોગવાઇ નથી. આ પડોશી દેશોમાં ધાર્મિક રીતે હેરાન કરનાર લોકોને નાગરિકતા આપવા સાથે સંબંધિત છે. યુરોપિયન સંઘની સંસદમાં નાગરિક સુધારા કાનુન પર પ્રસ્તાવ પર ચર્ચા ટળી ગયા બાદ આને ભારતની મોટી રાજદ્ધારી જીત તરીકે ગણવામાં આવે છે. હવે માનવામાં આવે છે કે યુરોપિયન યુનિયનના સભ્યોને પોતાની તરફેણમાં કરવા માટે ભારતને વધારે સમય મળી ગયો છે. વર્તમાનમાં ૭૫૧ સભ્યોની યુરોપિયન સંસદમાં આશરે ૬૦૦ સભ્ય ભારતની સામે છે. આવનાર દિવસોમાં આ આંકડો બદલાઇ શકે છે. બીજી બાજુ યુરોપિયન યુનિયન દ્વારા આ કાર્યવાહી ભારતની એકતા અને અખંડતાની સામે પ્રહાર તરીકે છે. યુરોપિયન યુનિયનના સભ્યો હવે ભારતના પાસાને જાણીને આગળ વધનાર છે.

સુધારવામાં આવેલા નાગરિક કાનુન સામે લાવવામાં આવેલ પ્રસ્તાવ પર વોટિંગ ટળી

પર્યાવરણ અપરાધ વધ્યા છે

આરોગ્યને લઈને કાનુની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પર્યાવરણીય અપરાધની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. નેસનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આંકડા પર વિશ્વાસ કરવામાં આવે તો વર્ષ ૨૦૧૬-૧૭ના ગાળા દરમિયાન પર્યાવરણ સાથે જોડાયેલા અપરાધોમાં આઠ ગણો વધારો થયો છે. હેરાની કરનાર બાબત એ છે કે પર્યાવરણ સાથે જોડાયેલા અપરાધના આશરે ૭૦ ટકા મામલા સિગારેટ અને બીજા તમાકુ પેદાશો સાથે સંબંધિત છે. સિગારેટ અને બીજા તમાકુ પેદાશો અધિનિયમ ૨૦૦૩ હેઠળ જાહેર સ્થળો પર ધુમ્રપાન કરવાની બાબત અપરાધ સમાન છે. તાજેતરમાંજ જારી કરવામાં આવેલા આંકડામાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૬માં પોલીસે ૪૭૩૨ પર્યાવરણીય અપરાધના મામલા દાખલ કર્યા હતા. જે વર્ષ ૨૦૧૭માં વદીને ૪૨૧૪૩ થઈ ગયા હતા. તેમાંથી ૨૯૬૫૯ મામલા તમાકુ કાનુન હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. તુલનાત્મક રીતે જોવામાં આવે તો પોલીસે વાયુ અને જળ પ્રદુષણના માત્ર ૩૬ મામલા દાખલ કર્યા છે. દુનિયાના સૌથી પ્રદુષિત ૨૦ શહેરોમાં ભારતના ૧૪ શહેરો સામેલ રહેલા છે. પોલીસે પર્યાવરણ અપરાધની શ્રેણીમાં નોંધવામાં આવેલા કુલ મામલામાં ૨૦ ટકા કેસોને નવા વર્ગની શ્રેણીમાં રાખ્યા છે. આ નવી શ્રેણી ધ્વનિ પ્રદુષણની રહેલી છે. માનવામાં આવે છે કે ધ્વનિ વન્ય વિસ્તારોને ભારે નુકસાન કરે છે. તમિળનાડુમાં પર્યાવરણ અપરાધ સૌથી વધારે દાખલ કરવામાં આવ્યા છે. કુલ ૨૯૬૫૯ મામલામાં આશરે ૭૦ ટકા કેસ અથવા તો ૨૦૬૪૦ મામલા તમિળનાડુમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી બાજુ ૨૩ ટકાની સાથે આ મામલામાં કેરળ બીજા સ્થાને છે. કેરળમાં ૬૭૪૩ કેસ દાખલ કરવામાં આવ્યા છે . સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન અધિનિયમ હેઠળ કેટલાક આંકડા ઉપલબ્ધ બની શક્યા નથી. વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ ૮૫૯-૮૨૬ કેસ નોંધાઈ ચુક્યા છે. વાયુ અને જળ પ્રદુષણ અધિનિયમ હેઠળ ૩૬-૩૬ કેસ દાખલ કરવામાં આવ્યા છે. પર્યાવરણ અને પ્રદુષણ સાથે સંબંધિત કાનુન હેઠળ પણ મોટી સંખ્યામાં કેસો દાખલ કરવામાં આવ્યા છે.

રોકાણ, નિકાસ અને માંગ વધે તે રીતે પગલા લેવાની જરૂર છે

બજેટ : અર્થવ્યવસ્થા પર ધ્યાન જરૂરી

રોકાણકારો માટે અનિશ્ચિતા અને વપરાશકારો માટે અસુરક્ષાનો માહોલ દુર થાય તે ખુબ જરૂરી છે : અર્થવ્યવસ્થા સ્ટેગનેશનમાં આવી ચુકી

કોઇ પણ દેશની આર્થિક પ્રગતિમાં ચાર પાસા ઉપયોગી હોય છે. જેમાં રોકાણ, નિકાસ, ઉપભોગ અને સરકારી ખર્ચનો સમાવેશ થાય છે. કમનસીબ બાબત એ છે કે આમાંથી શરૂઆતના ત્રણ પાસામાં રફતાર હાલમાં નહીંવત સમાન દેખાઇ રહી છે. અમારા રોકાણની સ્થિતી નબળી થયેલી છે. અમારુ રોકાણ આ સમય જીડીપીના માત્ર ૨૮ ટકા સુધી રહી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૧૧માં આ ટકાવારી ૪૧ ટકા હતી. વર્ષ ૨૦૧૩માં જ્યારે અર્થવ્યવસ્થા નબળી પડી ગઇ હતી ત્યારે પણ આ ટકાવારી ૩૦ ટકા રહી હતી. આ જ સ્થિતી હાલમાં નિકાસની થઇ ગઇ છે. નિકાસ વૃદ્ધિ આશરે શુન્ય થઇ ગઇ છે. માંગ અને ઉપભોગની સ્થિતી છેલ્લા દસ વર્ષમાં સૌથી નીચી સપાટી પર પહોંચી ગઇ છે. સરકાર તો પોતાની યોજનાઓ અને કાર્યક્રમો પર ખર્ચ કરી રહી છે પરંતુ પરંતુ તેની રાજસ્વ વસુલી ઘટી રહી છે. ૨૦ વર્ષમાં પ્રથમ વખત એવુ બન્યુ છે જ્યારે આવકવેરા પ્રાપ્તિમાં વધારો થવાના બદલે ઘટાડો થઇ રહ્યો છે. જીએસટી મારફતે પણ કરવેરા સંગ્રહ અપેક્ષા કરતા ઓછુ છે. વસુલાત એક લાખ કરોડથી દોઢ લાખ કરોડરૂપિયા ઓછી રહી છે. સરકારી આંકડા દર્શાવે છે કે રાજકોષીય નુકસાનનો આંકડો ૩.૩ ટકાથી ૩.૬ ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. જો કે મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે જીડીપી વૃદ્ધિ દર આ વર્ષે પાંચ ટકા રહી શકે છે. જો જીડીપી વૃદ્ધિ દર આના કરતા નીચે જશે તો રાજકોષીય નુકસાન વધી જશે. આ તમામ પરિસ્થિતીને ધ્યાનમાં લઇને સરકારની પાસે વધારે વિકલ્પ દેખાઇ રહ્યા નથી. આ સ્થિતી એટલા માટે વધારે કમનસીબ છે. કારણ કે છેલ્લા ૫-૬ વર્ષથી આંતરરાષ્ટ્રીય વાતાવરણ અમારી અર્થવ્યવસ્થા મુજબ નથી. દાખલા તરીકે અમે જે ક્રુડ ઓઇલની આયાત કરીએ છીએ તેની કિંમત ઓછી હતી. તેના કારણે વિદેશી ચલણ, આયાત સમતુલા અને સબસિડી પર થનાર ખર્ચની દ્રષ્ટિએ અમે લાભમાં હતા. આવુ હોવા છતાં અમે સ્ટેગનેશનની સ્થિતીમાં આવી ગયા છીએ. જો કે હવે ભય છે કે અમે સ્ટેગફ્લેશનની સ્થિતીમાં ન પહોંચી જઇએ. સ્ટેગફ્લેશનની સ્થિતીમાં માંગ જ ઠપ્પ થઇ જતી નથી બલ્કે ઉત્પાદન પણ ઠપ્પ થઇ જાય છે. જરૂરી ચીજોની કિંમતોમાં રેકોર્ડ ગતિથી વધારો થાય છે. બેરોજગારી આસમાને પહોંચી જાય છે. સામાન્ય રીતે જોવામાં આવે તો હાલમાં ફુગાવાનો દોર ૭.૫ ટકાની સપાટી પર પહોંચી ગયો છે. જેથી આ બાબત કરવામાં કોઇ અતિશયોક્તિ નથી ક અમે આના કિનારા સુધી તો પહોંચી ગયા છીએ. કોઇ પણ સમય અમે સ્ટેગફ્લેશનની સ્થિતીમાં આવી શકીએ છીએ. કરવેરાથી મળનાર રાજસ્વની જેમ જ સરકારના બિન કરવેરા રાજસ્વની હાલત પણ ખરાબ છે. જીવન



વિમા નિગમે બેંક ઓફ ઇન્ડિયામાં ભારત સરકારના શેર ખરીદી લીધા છે. જ્યારે ઓએનજીસીએ એચપીસીએલમાં સરકારના શેર ખરીદી લીધા છે. આ એક ખિસ્સામાંથ બીજા ખિસ્સામાં પૈસા મુકવાની પ્રક્રિયા છે. આના કારણે આંકડા તો દર્શાવી શકાય છે પરંતુ પ્રભાવી ફેરફાર કરી શકાય નહીં. આ જ સરકારે વર્ષ ૨૦૧૪ના બજેટમાં ઇચ્છા વ્યક્ત કરી હતી કે પબ્લિક સેક્ટર બેંકમાં ભારત સરકાર પોતાની ઇક્વિટીપર ટકા સુધી લઇ આવશે. એ વખતે કહેવામાં આવ્યુ હતુ કે આ રીતે સરકારને પોણા બેતી બે લાખ કરોડ રૂપિયા મળી જશે. આ રકમને સરકાર બેંકોમાં રિકેપિટલાઇઝ કરીને આગળ વધી શકશે. સાથે સાથે આટલી જ રકમ પ્રાઇવેટ સેક્ટરથી આવશે. આ રીતે બેંકોમાં ચાર સાઢા ચાર લાખ કરોડ રૂપિયા આવશે. જેથી તેમની સ્થિતી ખુબ સારી બની જશે. જો કે તેના પર કામ સારી રીતે આગળ વધી શક્યુ નથી. જો પોતાની જ આ સ્કીમને જાહેર કરી દેવામાં આવે તો બેંકોની સ્થિતીમાં સુધારો થઇ શકે છે. આવી જ રીતે જો સરકારને લોન તરીકે વધારા નાણાં એકત્રિત કરવાના છે તો રોકાણને વધારી દેવા માટે પગલા લેવાના રહેશે. રાજસ્થાન સરકારે હાલમાં નવા કાનુનની રચના કરીને મધ્યમ, લઘુ, તેમજ સુક્ષ્મ ઉદ્યોગોને ત્રણ વર્ષ સુધી કોઇ પણ મંજુરીથી મુક્તિ આપી છે. ભારત સરકારને પણ આ જ પ્રકારના સુધારા કરવાની જરૂર દેખાઇ રહી છે. જેના કારણે રોકાણકારોને સરકારી મંજુરી સંબંધિત અડચણોથી બચાવી શકાશે. હાલના સમયમાં તો રોકાણકારો અને મોટા કારોબારીઓને સીબીઆઇ, આવકવેરા વિભાગ અને ઇડીને લઇને દહેશત રહે છે.

કોઇ પણ ઇમાનદાર કારોબારીને બિનજરૂરી અત્યાચારનો સામનો કરવો ન પડે તે માટે ખાતરી કરવાની રહેશે. નિકાસને વધારી દેવા માટે ખાસ યોજના બનાવવી પડશે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરના કારણે ચીનામંથી અનેક ઉદ્યોગ બહાર ગયા છે. ઉપયોગને વધારી દેવા માટે સીધી રીતે સામાન્ય લોકોને નાણાં પહોંચાડી દેવા માટે ખાસ યોજના લાવવી પડશે. જુદા જુદા ટુકડામાં પ્રયાસ થશે તો લાભ થનાર નથી.

ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન

નાણામંત્રી નિર્મલા સીતારામન તેમના બજેટમાં કેટલાક મોરચા પર રાહત આપીને અર્થતંત્રની ગતિને વધારી શકે છે. હાલમાં જુદા જુદા સેક્ટરમાં જોરદાર મંદી છે. ખાસ કરીને મેન્યુફેકચરિંગ, ટેક્સટાઇલ,રિયલ એસ્ટેટ સેક્ટરનો સમાવેશ થાય છે. આર્થિક સુસ્તીના માહોલમાં પણ સરકારને કેટલાક પગલા તો લોકલક્ષી લેવાની જરૂર રહેશે જ. બજેટમાં વિવિધ સેક્ટરને રાહત આપવામાં આવી શકે છે. દેશમાં ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાના હેતુસર શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરી શકે છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટમાં ખરીદદારો માટે ટેક્સ રાહતોને વધારીને આગળ વધવા મોદી સરકાર ઇચ્છુક છે. સાથે સાથે સરકાર ઇલેક્ટ્રિકવાહનો ઉપર જીએસટીને ઘટાડવાની પણ ઇચ્છા ધરાવે છે. નજીકના સુત્રોએ કહ્યું છે કે, જાહેર ઉપયોગ માટે ૧૦૦ ટકા વિજળીના વાહનો લાવવાની ઇચ્છા સરકારની રહેલી છે. આ દિશામાં પહેલ કરીને ઇલેક્ટ્રીક વાહનો માટે ટેક્સ રાહતો બજેટમાં જાહેર થઇ શકે છે. ૨૦૩૦ સુધી અંગત વપરાશ માટે ૪૦ ટકા ઇલેક્ટ્રીક વાહનો આવી જાય તે માટે પણ ટાર્ગેટ સરકાર ધરાવે છે. ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવનાર નવી સરકારના બીજા બજેટમાં ઇલેક્ટ્રીક ઉપયોગ માટે શ્રેણીબદ્ધ ટેક્સ રાહતો જાહેર થશે. આને લઇને વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ઇલેક્ટ્રીક વાહનો ઉપર જીએસટીને વધુ ઘટાડી શકાય છે. ઇલેક્ટ્રીક વાહનોની ખરીદી કરનાર લોકોને ઇન્કમટેક્સમાં પણ રાહત આપવામાં આવશે. સરકાર પાસે અન્ય કેટલાક વિકલ્પો પણ રહેલા છે. આ બજેટ મારફતે ખરીદદારોને ટેક્સ રાહતો આપવામાં આવી રહી છે ત્યારે જીએસટી કાઉન્સિલની મંજુરીની જીએસટી રેટને ઘટાડવા માટે રહેશે નહીં. આ જાહેરાતોના લીધે જીએસટીનો વિરોધ કરી રહેલા લોકોને રાહત મળી શકે છે. હજુ સુધી દેશમાં ઇલેક્ટ્રીક વાહનોનું વેચાણ એક ટકા પણ થયું નથી. કોમર્શિયલ વાહનો સહિત વાહનોના કુલ વેચાણમાં ઇલેક્ટ્રીક વાહનોનું વેચાણ એક ટકા સુધી રહ્યું નથી ત્યારે મોદી સરકાર બજેટમાં આને લઇને નવી પહેલ કરી શકે છે. બજેટને લઇને જુદા જુદા વિભાગો દ્વારા પોત પોતાની રજૂઆત કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં તમામની બાબતો પર વિચારણા જારી છે.

છેલ્લા બજેટમાં નિરાશા હાથ લાગ્યા બાદ નવી આશા દેખાય છે

બજેટમાં સેલરી ક્લાસ આશાવાદી છે

નાણાંપ્રધાન નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરતી વેળા તમામ વર્ગને રાજી કરવામાં સફળ થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. આર્થિક સુસ્તી અને મંદી તેમજ પ્રતિકુળ વૈશ્વિક સંજોગોમાં સરકાર પાસે મર્યાદિત વિકલ્પો રહેલા છે. સાથે સાથે અનેક મોરચા પર નિરાશા પ્રવર્તી રહી છે. અગ્રીમ અંદાજ મુજબ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા કેટલાક પરિબળો નીચલી સપાટી પર જઇ રહ્યા છે. આમાં રોકાણમાં વધારો પણ સામેલ છે. જેમાં માત્ર એક ટકાનો ઘટાડો થઇ શકે છે. જો કે આની સાથે સાથે તે ૧૭ વર્ષની નીચી સપાટી પર પહોંચી શકે છે. જીડીપી ગ્રોથ રેટ હાલમાં પાંચ ટકા છે જે ૧૧ વર્ષની નીચી સપાટી છે. આવી જ રીતે વપરાશ ૫.૮ ટકા છે જે સાત વર્ષમાં સૌથી ઓછો દર છે. રોકાણ માત્ર એક ટકા છે જે ૧૭ વર્ષની સૌથી નીચી સપાટી પર છે. આવી જ રીતે મેન્યુફેકચરિંગ બે ટકા છે જે પાંચ વર્ષની નીચી સપાટી છે. કૃષિની વાત કરવામાં આવે તો તે ૨.૮ ટકા છે જે ચાર વર્ષની સૌથી નીચી સપાટી છે. ડિસેમ્બર મહિનામાં સીપીઆઇ આધારિત ફુગાવાનો દર આરબીઆઇના ટાર્ગેટને પાર કરીને ૭.૩૫ ટકા સુધી પહોંચી ગયો છે. શાકભાજી વધારે મોંઘી થવાના કારણે આ સ્થિતી સર્જાઇ છે. ઉચા મોંઘવારીના દરને ધ્યાનમાં લઇને રેટ કટ પર અંકુશ મુકતા પહેલા આરબીઆઇ રેપો રેટમાં છ વખત ઘટાડો કરીને વ્યાજદરને ૧.૩૫ ટકા સુધી કરી ચુકી છે. સુત્રોના હવાલેથી કહેવામાં આવ્યુ છે કે બજેટમાં હોમ લોનના વ્યાજ પર ટેક્સ છુટછાટની મર્યાદા બે લાખથી વધારીને ચાર લાખ સુધી કરવામાં આવી શકે છે. વર્તમાનમાં ઇન્કમ ટેક્સના સેક્શનમાં વ્યાજ પર બે લાખ રૂપિયા સુધીની છુટછાટ આપવામાં આવે છે. સુત્રોના કહેવા મુજબ હોમ



૨૦ અને ૩૦ ટકા સ્લેબવાળા કરદાતા માટે બજેટમાં કોઇ નવી રાહતની સ્કીમ જાહેર થઇ શકે છે : તમામને ખુશ-સંતુષ્ટ કરી શકાશે નહીં

લોનની પ્રિન્સિપાલ એમાઉન્ટ પર પણ છુટછાટ આપવામાં આવી શકે છે. હાલમાં હોમલોનની પ્રિન્સિપાલ એમાઉન્ટ પર અલગથી છુટ આપવાના વિકલ્પ પર ચર્ચા જારી છે. સેકશન ૮૦ સી હેઠળ હોમ લોનના પ્રિન્સિપાલ પર છુટ મળે છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે સરકાર ઇચ્છે છે કે હોમ લોન પર છુટ આ રીતે મળે કે સરકાર પર વધારે બોજ ન પડે. આવુ થવાની સ્થિતીમાં રિયલ એસ્ટેટમાં ખરીદારી વધશે. વધારે મકાન વેચાશે. માર્કેટમાં મની ફ્લો વધશે. સાથે સાથે સરકાર એ પણ કહી શકશે કે તે લોકોને આવાસ આપવા માટેના જુદા જુદા વચનોને પૂર્ણ કરી રહી છે. આ વખતે બજેટથી સેલરી ક્લાસ અને કોર્પોરેટ જગતને ખુબ આશા રહેલી છે. છેલ્લા બજેટમાં સેલરી ક્લાસને નિરાશા હાથ લાગી હતી. પરંતુ આ વખતે આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ બજેટમાં તેમના માટે કોઇ સારી જાહેરાત કરવામાં આવી શકે છે. આ બજેટમાં સેલરીવાળા લોકોને ટેક્સમાં વધારે રાહત મળી શકે છે. અલગ અલગ સુત્રોના હવાલેથી કહેવામાં આવ્યુ છે કે સરકાર ૨૦ અને ૩૦ ટકા સ્લેબવાળા કરદાતા માટે સ્પેશિયલ સ્કીમ બજેટમાં આવી શકે છે. તેમના પર ફ્લેટ ટેક્સ લાગુ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત હોમ લોન અને તેના પર ચુકવવામાં આવતા વ્યાજ પર છુટછાટની મર્યાદાને વધારવામાં આવી શકે છે. આ બજેટમાં શક્ય છે કે સરકાર ૨૦ અને ૩૦ ટકા કરવેરાની ચુકવણી કરનાર ટેક્સ કરદાતાઓ માટે ૧૫-૧૮ ટકાના ફ્લેટ ટેક્સ રેટ લાગુ કરવામાં આવનાર છે. વર્તમાનમાં ૨.૫ લાખ સુધી આવક ટેક્સ ફ્રી છે. ૨.૫ લાખથી પાંચ લાખ સુધી ટેક્સ રેટ પાંચ ટકા છે. આવી જ રીતે પાંચ લાખથી દસ લાખ વચ્ચે ૨૦ ટકા અને ૧૦ લાખથી ઉપરની આવક માટે ૩૦ ટકા ટેક્સ છે. ટેક્સેબલ ઇનકમ પર ચાર ટકા સેસ અલગથી લાગુ કરવામાં આવે છે. ૫૦ લાખ કરતા ઉપરની આવક ધરાવતા લોકોને સુપર રિચ કેટેગરીમાં રાખવામાં આવે છે. તેમના પર સરચાર્જ પણ લાગુ કરવામાં આવે છે. હોમલોન પર ટેક્સ છુટછાટને વધારી દેવામાં આવે તેવી શક્યતા છે..

ફાસ્ટ ફુડથી બ્લડપ્રેશર વધે છે

આધુનિક સમયમાં ફાસ્ટ ફુડની બોલબાલા સૌથી વધારે જોવા મળે છે. તમામ લોકો અને ખાસ કરીને યુવા પેઢી તો ફાસ્ટ ફુડને લઈને ખુબ ક્રેઝી રહે છે. હવે આને લઈને એક ચોંકાવનારી વિગત સપાટી પર આવી ગઈ છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ફાસ્ટ ફુડ ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેશરની બાબતને ઝડપથી વધારે છે. કિડની ખરાબ થવા માટેના મુખ્ય કારણ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જ છે. ફાસ્ટ ફુડના કારણે તેમાં ઝડપથી વધારો થાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અમારા જેનેટિક કોડ બીજા દેશોની તુલનામાં વધારે ખતરનાક છે. જ્યારે જેનેટિક કોડ અને ફાસ્ટ ફુડ વચ્ચે તાલમેળ થાય છે ત્યારે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરનો ખતરો વધી જાય છે. દિલ્હીની રાજીવ ગાંધી કેન્સર હોસ્પિટલના યુરો-ઓન્કોલોજિસ્ટ સુધરી રાવલ દ્વારા લખનૌમાં કેજીએમયુના કલામ સેન્ટરમાં યુરોલોજી દ્વારા આયોજિત બેઠકમાં આ મુજબની ઉપયોગી વાત કરવામાં આવી હતી. નિષ્ણાંત તબીબોનુ કહેવુછે કે કિડનીના કેન્સર માટે કારણ સ્પષ્ટ નથી. જેનુ કારણ જેનેટિક ફેરફારો, ખાવા પીવાની ટેવ અને શરીરમાં કોઈ પણ પ્રકારના મ્યુટેશન હોઈ શકે છે. શરૂઆતમાં આની જાણકારી મળતી નથી. કેન્સર જ્યારે હાડકામાં પહોંચી જાય છે ત્યારે ભીષણ દુખાવો થવાની સ્થિતીમાં આની માહિતી મળે છે. નિષ્ણાંત તબીબોનુ કહેવુ છે કે પુરૂષોમાં કિડનીના કેન્સર માટે મુખ્ય કારણ સ્મોકિંગ છે. તબીબોનુ કહેવુ છે કે અમારા ભોજનમાં એટળી હદ સુધી ભેળસેળ છે કે આના કારણે અમારી રોગપ્રતિકારક ક્ષમતા હવે ઘટી રહી છે. આના કારણે કેન્સરના સેલ ઝડપથી વધી જાય છે. પ્રોસેસ્ડ ફુડ શક્ય તેટલા પ્રમાણમાં ઓછા લેવાની સલાહ પણ તબીબો આપે છે.

ફિલ્મી ગપસપ...



કંગના રનૌત હાલ તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાની બાયોપિક 'થલાઈવી'નું શૂટિંગ કરી રહી છે. તેણે સેટ પરથી પોતાના હેર સ્ટાઈલિસ્ટ મારિયા શર્મા સાથેનો ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો.

જામિયા હિંસા પર બોલિવૂડ અભિનેત્રીએ કર્યું ટ્વિટ : 'શું રામ આના પર ગર્વ અનુભવશે?'

મુંબઈ

જામિયા યૂનિવર્સિટીની પાસે થઈ રહેલ નાગરિકતા સંશોધન કાયદા વિરૂદ્ધ પ્રદર્શનમાં એક વ્યક્તિ ખુલ્લેઆમ બંદુક લઈને ઘૂસ્યો અને તેણે ફાયરિંગ પણ કર્યું. તેણે ફાયરિંગ કરતા એવું પણ કહ્યું કે, 'આ લો આઝાદી'. આ ફાયરિંગમાં એક વ્યક્તિ



ઈજાગ્રસ્ત પણ થયો. ઝામિયામાં થયેલ આ ઘટના બાદ બોલિવૂડ કલાકાર પણ નિવેદનો આપી રહ્યા છે. હાલમાં જ આ ઘટનાને લઈ બોલિવૂડ એક્ટ્રેસ સયાની ગુમાએ પણ ટ્વીટ કર્યું છે. જે સોશિયલ મીડિયામાં પણ ખુબ જ વાયરલ થઈ રહ્યું છે. પોતાના ટ્વીટમાં સયાની ગુમાએ વ્યંગ કરતા કહ્યું કે, શું તમે આ રામ રાજ્યની વાત કરી રહ્યા હતાં. સયાની ગુમાએ પોતાના ટ્વીટમાં ઝામિયામાં થયેલ હિંસા પર પ્રતિક્રિયા આપતા લખ્યું,''શું આ રામ રાજ્યની વાત કરી રહ્યા હતા? શું રામ આના પર ગર્વ અનુભવશે? હિંદુત્વ હિંદુ ધર્મના એક દમ વિપરિત છે. પહેલા આ હિંસા અને ધૃણાને ઉપસાવે છે. અને તેના પછી એકતા અને સદ્ભાવની ઉજવણી કરે છે.'' સયાની ગુમાનું આ ટ્વીટ સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થયુ અને ચર્ચામાં આવ્યું. સાથે જ લોકો આ ટ્વીટ પર રિએક્શન પણ આપી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, સયાની ગુમા સિવાય આ મુદ્દા પર સ્વરા ભાસ્કર, જીશાન અય્યૂબ, ઋચા ચઢ્ઢા અને ગણા કલાકારોએ પોતાની પ્રતિક્રિયા આપી છે.

વિક્કી કૌશલની ફિલ્મ 'ભૂત'નું ટ્રેલર રિલીઝ



મુંબઈ

નિર્દેશક કરણ જોહર પોતાના ભવ્ય સેટ્સ અને રોમાન્સ માટે જાણીતા છે. પણ હવે કરણનું મન હોરર ફિલ્મો પર આવ્યું છે. નેટફ્લિક્સની ગોસ્ટ સ્ટોરીઝ પછી ફરી એક વાર ધર્મા પ્રોડક્શન ભૂતિયા ફિલ્મ લઈને આવી રહી છે. જેનું નામ ભૂત છે. અને તે હવે આ ફિલ્મથી લોકોને ડરાવશે. ઉલ્લેખનીય છે કે ભૂત ધર્મા પ્રોડક્શન બેનર હેઠળ બનનારી પહેલી હોરર ફિલ્મ છે. ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શિપનું ટીઝર બહાર આવ્યું છે.

આ ફિલ્મ એક હોન્ટેડ પાણીના જહાજની સ્ટોરી પર આધારિત છે. જેમાં વિક્કી કૌશલ નજરે પડશે. ટીઝરમાં વિક્કી ટોર્ચ લઈને શિપમાં જ્યારે નીચેની તરફ આગળ વધે છે તો તેમને દિવાલો પર ખૂનવાળા હાથના નિશાન દેખાય છે. અને તે આ નિશાનો કંઈ તરફ આગળ વધી રહ્યા છે તે જોવા આગળ જાય છે. પણ ત્યાં જ અંતમાં તે પોતાની જ લોહીથી બનેલી તસવીર દેખે છે અને પછી તેમની સાથે એક ભયાનક અનુભવ થાય છે.

આ ફિલ્મના પોસ્ટરમાં વિક્કી કૌશલ ખૂબ જ ઈમ્પ્રેસિવ દેખાઈ રહ્યા છે. આ ફિલ્મમાં ભૂમિ પેડણેકર અને આશુતોષ રાણા પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ હોરર ઝોનરામાં જવાની કરણ અને ધર્મા પ્રોડક્શનનો પહેલી પ્રયાસ છે.

કરીના સાથે ફ્લર્ટ કરવા પર સૈફ અલી ખાને લીધી કપિલ શર્માની ક્લાસ



મુંબઈ

સૈફ અલી ખાન હાલ તેમની ફિલ્મ 'જવાની જાનેમન'ના પ્રચારમાં વ્યસ્ત છે. તેવામાં તે પોતાની આખી સ્ટારકાસ્ટ સાથે કપિલ શર્માના શો પર પહોંચ્યા હતા. પ્રોમા વીડિયો જોઈને લાગે છે કે કપિલ શર્માની સામે પહોંચીને જ સૈફ અલી ખાને સૌથી પહેલા કપિલ શર્માની ક્લાસ લગાવી હતી. સૈફે કપિલ શર્માને કહ્યું કે તે લગ્ન કરી લીધા છે ને તો પછી આ પહેલા જ્યારે કરીના કપીર શો પર આવી હતી તો ફ્લર્ટિંગ કેમ શરૂ કરી દીધું હતું. સૈફ વધુમાં કહ્યું કે જ્યારે કરીના આવી હતી ત્યારે તું આટલો ફેલાઈ કેમ રહ્યો હતો. જો કે સામે કપિલ પણ તેનો ખૂબ જ કોમિક જવાબ આપ્યો હતો. તેણે કહ્યું કે ખાલી તમારી જ પત્ની નહીં હું તો દરેકની પત્નીને જોઈને ફેલાઈ જવું છું. આ પર હાજર તમામ લોકો હસવા લાગ્યા હતા.

તાપસી પન્નૂ અભિનીત 'થપ્પડ'નું ટ્રેલર રિલીઝ

મુંબઈ

પિંક, મુલ્ક અને નામ શબાના જેવી ફિલ્મોમાં નજર આવી ચૂકેલી અભિનેત્રી તાપસી પન્નૂ એક વાર ફરી દમદાર વિષય પર ફિલ્મ લઈને આવી છે. તાપસી જલ્દી જ ફિલ્મ થપ્પડમાં નજરે પડશે. જેનું ટ્રેલર રીલિઝ થઈ ગયું છે. અસલ જીવનમાં લગ્ન જીવનમાં ક્યારેક પ્રેમ અને ચિંતાના નામે જાતીય હિંસા કરવામાં આવે છે. ફિલ્મના ટ્રેલરમાં સાફ કરવામાં આવ્યું છે કેવી રીતે એક થપ્પડ જીવનમાં ઘણું બધું બદલી દે છે.

ટ્રેલર ખૂબ જ દમદાર છે. જેમાં એક યુવતી તેના પતિથી તલાક લેવાની અરજી કરે છે. આ મહિલાને તેના પતિએ જાહેરમાં એક પાર્ટી દરમિયાન થપ્પડ મારી હોય છે. જે પછી તે થપ્પડ મારવા મામલે લગ્ન તોડવાની વાત કરે છે. ત્યારે સમાજ તેને એક થપ્પડ માટે આટલો મોટો નિર્ણય ન લેવાનું કહે છે. તેની પોતાની માંથી લઈને પરિવાર, મિત્રો ખુદ વકીલ તેને ફરી વિચારવાનું કહે છે.

થપ્પડના આ ટ્રેલર દ્વારા તાપસી મહિલાઓ સાથે થયેલી હિંસાને રૂપેરી પડદે મજબૂત રીતે બતાવી છે. આ ફિલ્મ મુલ્ક અને આર્ટિકલ ૧૫ જેવી ફિલ્મો બનાવી ચૂકેલા નિર્દેશક અનુભવ સિંહાએ નિર્દેશિત કરી છે. આ ફિલ્મ ૨૮ ફેબ્રુઆરીના રોજ રીલિઝ થશે.


કુમાર સાનુએ આદિત્ય નારાયણ તરફથી નેહાને ખાસ ચુંદડી ગિફ્ટ કરી

મુંબઈ

'ઈન્ડિયન આઈડોલ ૧૧'ની જજ નેહા કક્કર અત્યારે તેના મેરેજને લઈને ચર્ચામાં છે. કેટલાક રિપોર્ટ્સ અનુસાર આદિત્ય નારાયણની સાથે તેના ટૂંક સમયમાં મેરેજ થવા જઈ રહ્યા છે. આ બધાની શરૂઆત 'ઈન્ડિયન આઈડોલ ૧૧'ના સેટ્સ પરથી થઈ હતી. સેટ પર આદિત્ય અને નેહાના પેરેન્ટ્સ પહોંચ્યા હતા. અહીં ઉદિત નારાયણે નેહાને પોતાની બહુ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બીજી તરફ નેહાના પેરેન્ટ્સ પણ એ સંબંધ માટે તૈયાર થઈ ગયા હતા.


સેટ પર સૌથી પહેલાં આદિત્યના પરિવાર તરફથી નેહાને શગુન આપવામાં આવ્યું છે. આ સાથે જ તેમના મેરેજની તારીખ પણ નક્કી થઈ ગઈ. તેઓ ૧૪મી ફેબ્રુઆરીએ મેરેજ કરે એવી શક્યતા છે. વિશાલ દદલાણીએ પહેલી ફેબ્રુઆરીએ મહેંદીની તારીખ પણ નક્કી કરી. જે સાંભળીને નેહાએ કહ્યું હતું કે, 'અરે, લગવા લેંગે યાર મેહંદી.' લેટેસ્ટ વાત એ છે કે, રિસન્ટલી કુમાર સાનુને આ શોમાં ઈન્વાઈટ કરવામાં આવ્યો હતો. અહીં કુમાર સાનુએ નેહાને એક સ્પેશિયલ ગિફ્ટ આપી હતી. કુમારે આદિત્ય નારાયણ તરફથી નેહાને ખાસ લાલ ચુંદડી ગિફ્ટમાં આપી હતી. મેરેજનું શગુન માનીને નેહાએ એનો સ્વીકાર કર્યો હતો. હવે જોવાનું એ રહે છે કે, નેહા ખરેખર નારાયણ પરિવારની બહુ બને છે કે, પછી આ શોનો અંત આવ્યા બાદ આ લવ સ્ટોરીનો પણ ધી એન્ડ થઈ જશે.

રમત જગત વિશેષ



મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સમાં ભારતીય ડર્બીની આગળ તાલીમ સત્ર પછી હેન્ડલર્સ તેમના ઘોડાઓ સાથે પાછા વળ્યા છે.

સચિન અને ધોની મ્યુચ્યુઅલ ફંડ્સ માટે કેમ્પેઈન કરશે



'મ્યુચ્યુઅલ ફંડ્સ સહી હૈ' કેમ્પેઈન સાથે જોડાવાથી હું રોમાંચિત છું. સફળતા મેળવવા માટે શિસ્ત અને લાંબા ગાળાનો અભિગમ પાયાની બાબતો છે, પછી તે સ્પોર્ટ્સ હોય કે વ્યક્તિગત રોકાણ હોય.'

ધોનીએ કહ્યું હતું કે 'મ્યુચ્યુઅલ ફંડ કેમ્પેઈન સાથે જોડાવાનો મને ખૂબ જ ગર્વ છે. વહેલી શરૂઆત કરી દઈએ, લક્ષ્ય આધારીત અભિગમ અપનાવીએ, શિસ્તબદ્ધ રીતે આગળ વધીએ, વોલેટિલિટીથી વિચલિત ન થઈએ, આ ચાર મંત્રને હું અનુસર્યો છું, તે ક્રિકેટ હોય કે વ્યક્તિગત મની મેનેજમેન્ટ.'

ન્યુ દિલ્હી

એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ સૌપ્રથમવાર તેના ઈન્વેસ્ટર અવેરનેસ કેમ્પેઈન માટે સેલિબ્રિટીને સાઈન કર્યા છે. સૌપ્રથમ માર્ચ ૨૦૧૭માં કેમ્પેઈન લોન્ચ કર્યું હતું. એમ્ફીના ચેરમેન નિલેશ શાહે કહ્યું હતું કે સચિન અને ધોની બન્ને વિશ્વાસ અને આધાર રાખી શકાય તેવા ખેલાડીઓ તરીકે છાપ ધરાવે છે અને ક્રિકેટ ક્ષેત્રે તેમની લાંબા ગાળાની કારકિર્દીને જોતા રિટેલ રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ્સમાં લાંબા ગાળાના રોકાણ માટેનો અભિગમ અપનાવે તે માટે આ બન્નેને કેમ્પેઈન માટે પસંદ કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે ક્રિકેટ હોય કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ, લાંબા ગાળાનો અભિગમ જરૂરી છે. ધીરજ રાખો તો સારું ફળ મળે છે, તે ક્રિકેટર હોય કે ઈન્વેસ્ટર. તેંડૂલકરે આ અંગે કહ્યું હતું કે

ભારત-૧૬૫/૮, ન્યૂઝીલેન્ડ- ૧૬૫/૭, સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડ-૧૩ રન, ભારત-૧૬ રન બનાવ્યા હતા

ચોથી ટી-૨૦માં ટાઈ પડતા રમાઈ સુપર ઓવર, ભારતે ફરી ન્યૂઝીલેન્ડને હરાવ્યું

ટોસ જીતી ન્યૂઝીલેન્ડે બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, મનિષ પાન્ડેએ બે વર્ષ પછી ટી-૨૦માં અડધી સદી ફટકારી



વેલિંગ્ટન

ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની ચોથી ટી-૨૦ મેચ પણ ટાઈ થઈ હતી. સુપર ઓવરમાં ભારતી જીત થઈ હતી. ન્યૂઝીલેન્ડે સુપર ઓવરમાં ૧૩ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે સુપર ઓવરમાં ૧૬ રન બનાવ્યા હતા. ત્રીજી ટી-૨૦ મેચ પણ ટાઈ થઈ હતી જેમાં પણ ભારતની જીત થઈ હતી. ન્યૂઝીલેન્ડ સાતમીવાર સુપર ઓવરમાં હાર્યું છે.

આ મેચમાં ૧૬૬ રનના વિજય લક્ષ્યાંક માટે મેદાનમાં ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ સાત વિકેટના નુકસાને ૧૬૫ રન બનાવી શક્યું હતું. છેલ્લી બે ઓવરમાં મેચ પલટાઈ ગઈ હતી. છેલ્લી બે ઓવરમાં ન્યૂઝીલેન્ડે જીત માટે ૧૧ રનની જરૂર હતી, પણ તે ન બનાવી શક્યું. છેલ્લી બે ઓવરમાં તેની ચાર વિકેટ પડી હતી.

ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ ટી-૨૦ મેચની સીરિઝમાં ચોથી મેચ વેલિંગ્ટનના સ્કોય મેદાનમાં રમાઈ હતી. ભારતે ૨૦ ઓવરમાં આઠ વિકેટના નુકાસાને ૧૬૫ રન બનાવ્યા હતા. મનિષ પાન્ડે જરૂરીયાતના સમયે સારી ઈનિંગ રમીને નોટ આઉટ રહ્યો હતો. તેણે ૩૬ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. મનિષ પાન્ડેએ બે વર્ષ પછી ટી૨૦માં અડધી સદી ફટકારી, આ તેના કેરિયરની ત્રીજી અડધી સદી છે. નવદીપે સેની ૧૧ રન બનાવી નોટ આઉટ રહ્યો હતો.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ૧૪ રન પર ભારતની પ્રથમ વિકેટ પડી હતી. સંજૂ સેમસન આઠ રન બનાવી આઉટ થયો હતો. ભારતની બીજી વિકેટ ૪૮ રને પડી હતી. વિરાટ કોહલી ૧૧ રન બનાવી આઉટ થયો હતો. ૫૩ રન પર ભારતની ત્રીજી વિકેટ પડી હતી. શ્રેયસ અય્યર ૧ રન બનાવી આઉટ થયો હતો.

એક છેડે વિકેટો પડી રહી હતી અને બીજી તરફ તોફાની બેટિંગ કરી રાહુલ ભારતના સ્કોરને ૧૦ની રનરેટથી આગળ વધારી રહ્યો હતો. પરંતુ નવમી ઓવરમાં તે આઉટ થઈ ગયો હતો. ૭૫ રન પર ભારતની ચોથી વિકેટ પડી હતી. તેણે ૨૬ બોલમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી ૩૯ રન બનાવ્યા હતા. શિવમ દૂબેના રૂપમાં ભારતની પાંચમી વિકેટ પડી હતી. તે ૯ બોલમાં ૧૨ રન બનાવી આઉટ થયો હતો.

આજની મેચમાં તક આપવામાં આવનાર વોશિંગ્ટન સુંદર શૂન્ય રને આઉટ થયો હતો. ૮૮ રન પર ભારતની છઠ્ઠી વિકેટ પડી હતી. ૧૭મી ઓવરમાં ભારતની સાતમી વિકેટ પડી હતી. ૧૫ બોલમાં ૨૦ રન બનાવી શાર્દુલ ઠાકુર આઉટ થયો હતો. ૧૪૩ રન પર ભારતની આઠમી વિકેટ પડી હતી. ચહલ એક રન બનાવી આઉટ થયો હતો.

૧૬૬ રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરતા ૨૨ રન પર ન્યૂઝીલેન્ડની પ્રથમ વિકેટ પડી હતી. માર્ટિન ગુપ્ટિલ ૪ રને આઉટ થયો હતો. ત્યાર બાદ કોલિન મુનરો અને ટિમ શિફર્ટ સારી બેટિંગ કરી ન્યૂઝીલેન્ડની ઈનિંગને આગળ વધારી હતી. ૧૨ ઓવરમાં ૯૬ રન પર ત્રીજી વિકેટ પડી હતી. મુનરો ૬૪ રન બનાવી આઉટ થયો હતો. ૯૭ રન પર જ ન્યૂઝીલેન્ડની ત્રીજી વિકેટ પડી હતી. ટોમ બ્રુસ શૂન્ય રને આઉટ થયો હતો.

કોલિન મુનરોએ ૪૭ બોલમાં ૬૪ રનની ઈનિંગ રમીને ન્યૂઝીલેન્ડને જીતની નજીક લાવી દીધું હતું. પરંતુ આજે પણ ન્યૂઝીલેન્ડ જીત મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ૧૫૯ રનમાં તેની ચોથી, ૧૬૩ રનમાં પાંચમી, ૧૬૪ રનમાં છઠ્ઠી, ૧૬૫માં રનમાં સાતમી વિકેટ પડી હતી. છેલ્લી બે ઓવરમાં તેમને ૧૧ રનની જરૂર હતી પણ ન કરી શક્યું.



મેલબોર્નની ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં હંગેરીની ટાઈમા બાબોસ, ડાબી બાજુ અને ફ્રાન્સની ક્રિસ્ટિના મ્લાડેનોવિકે, ડાબી બાજુ, ઓસ્ટ્રેલિયન ઓપન વિમેન્સ ડબલ્સ ટ્રોફી યોજી હતી.

ચાહકે ઈસ્લામ કબૂલ કરવાનું કહેતા કનેરિયા બોલ્યા : 'હિન્દુ હોવા પર મને ગર્વ છે'

ઈસ્લામાબાદ

પાકિસ્તાનનો પૂર્વ લેગ સ્પિનર દાનિશ કનેરિયા ફરી એક વખત ચર્ચામાં છે. કનેરિયા ટ્વિટર પર ફેન્સના સવાલોના જવાબ આપી રહ્યો હતો ત્યારે એક મહિલા ચાહક આમના ગુલે કનેરિયાને ઈસ્લામ કબૂલ કરી લેવા માટે અપીલ કરીને કહ્યું હતું કે, ઈસ્લામ વગર તમારી જિંદગી મોત જેવી છે. જેના પર કનેરિયાએ જવાબ આપ્યો હતો કે, આ પ્રયત્ન તો કેટલાય કરી ચુક્યા છે પણ કોઈ સફળ થયુ નથી. અન્ય એક યુઝરે પણ આવો જ સવાલ કર્યો હતો. જેના જવાબમાં કનેરિયાએ કહ્યું હતું કે, હિન્દુ હોવા પર મને ગર્વ છે.

એક યુઝરે પૂછ્યું હતું કે, તમારા પર પાકિસ્તાનમાં ધર્મ પરિવર્તનનો દબાવ છે તો તમે પાકિસ્તાનમાં સેફ મહેસૂસ કરો છો ત્યારે કનેરિયાએ કહ્યું હતું કે હા હું સુરક્ષિત છું પણ મેં પહેલા પણ કહ્યું હતું કે, કેટલાક લોકોએ પ્રયત્ન કર્યા હતા.

દાનિશ કનેરિયા ત્યારે ચર્ચામાં આવ્યો હતો જ્યારે પૂર્વ ફાસ્ટ બોલર અને સાથી ખેલાડી શોએબ અખ્તરે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ટીમમાં કનેરિયા સાથે હિન્દુ હોવાથી ભેદભાવ કરાતો હતો.



ગેંગરેપના દોષિતો માટેનો તૈયાર કરાયેલો ફાંસીનો ફંદો સમગ્ર કાનૂની દાવપેચમાં ફસાયો...!

નિર્ભયાના ૪ દોષિતોની ફાંસી ફરી એકવાર ટળી, આખરે પરિવારજનોને ક્યારે ન્યાય મળશે...?

ન્યુ દિલ્હી

સમગ્ર દેશ અને પિડિતા નિર્ભયાના પરિવારજનો જે ન્યાયનો ઇન્તજાર કરી રહ્યાં છે તે ચકચારી નિર્ભયા ગેંગરેપ-મર્ડર કેસના ૪ દોષિતોને ફરીએક વાર ફાંસી ટળી ગઇ છે. દિલ્હીની પતિયાલા હાઉસ કોર્ટ દ્વારા આજે સાંજે એવો આદેશ આપવામાં આવ્યો હતો કે કોૂટનો આગામી આદેશ ના થાય ત્યાં સુધી ૪ દોષિતોને હાલમાં ફાંસી નહીં થાય. આ જ કોર્ટના બીજીવારના ડેથ વોરંટ અનુસાર આવતીકાલ એક ફેબ્રુઆરીના રોજ સવારે ચારેય નરાધમોને તિહાર જેલમાં ફાંસી આપવાનો હુકમ કરાયો હતો. જો કે દોષિતો દ્વારા પતિયાલાહાઉસ કોર્ટમાં ફરીથી દાદ માંગવામાં આવતાં તેના પર સુનાવણી ચાલી રહી હોવાથી કોર્ટે આવતીકાલનની ફાંસી પર રોક લગાવાતા આ કેસમાં નરાધમોને હવે ખરેખર ક્યારે ફાંસીએ લટકાવાશે તે હવે ન્યાયતંત્ર અને સામાન્ય વર્ગમાં ટોક ઓફ ધી ટાઉન બની રહ્યું છે અને ફરી એકવાર તારીખ પે તારીખ..તારીખ પે તારીખ..નો ફિલ્મી ડાયલોગ ગાજી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટે નિર્ભયા ગેંગરેપ-હત્યા કેસમાં એક દોષિત પવન ગુપ્તાની કિશોર વય હોવાનો દાવો કરતી અરજીને ફગાવી દીધી છે. પવને એવો દાવો કર્યો હતો કે ગુના સમયે તે સગીર હતો તેવી અરજી કરી હતી.

તે જ સમયે, દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં, તિહાર જેલ પ્રશાસને કહ્યું કે નિર્ભયાના ત્રણ દોષિતોને ૧ ફેબ્રુઆરીએ ફાંસી આપવા માટે તેમની તરફથી સંપૂર્ણ તૈયારી છે. તિહાર જેલનું પ્રતિનિધિત્વ કરતા સરકારી વકીલ ઇરફાન અહમદે જણાવ્યું હતું કે માત્ર એક દોષી વિનય શર્માની દયા અરજી બાકી છે અને અન્યને ફાંસી આપી શકાય છે. તેમણે કહ્યું કે તે કોઈપણ રીતે ગેરકાયદેસર નથી. તે જ સમયે, કોર્ટે આ કેસમાં ચુકાદો અનામત રાખ્યો હતો.

નોંધનીય છે કે દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી પટિયાલા હાઉસ કોર્ટમાં ચાલી રહી છે, જેમાં તેઓએ ૧ ફેબ્રુઆરીએ ફાંસીની સજા પર રોક લગાવવાની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલ ઇરફાન અહેમદે દોષિતોની અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે દોષિતોની આ અરજી સુનાવણીને પાત્ર નથી.

આ ઉપરાંત આરોપી પવન ગુપ્તાએ શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરીને સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશને સગીર હોવાનું જણાવી તેમની અરજી ફગાવી દીધી હતી.

ગુરુવારે સુપ્રીમ કોર્ટે દોષી અક્ષય કુમાર સિંહની સુધારાત્મક અરજીને ફગાવી દીધી હતી. આ પછી દોષિતોને એપી સિંહે સલાહ આપી હતી કે સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયાધીશો અથવા રાષ્ટ્રપતિ, જેમણે આ ચુકાદો આપ્યો છે તે ભગવાન નથી. એવું નથી કે તેઓ ભૂલો કરી શકતા નથી. દોષિતો એ.પી.સિંહે કહ્યું હતું કે, અક્ષયની સુધારાત્મક અરજી માટે આપવામાં આવેલા આધારોથી કોર્ટ સંમત નથી.

પાક મંત્રી બોલ્યા : 'દિલ્હી ચૂંટણીમાં મોદીને હરાવો', ખુદ કેજરીવાલ ઉતર્યા મોદીના બચાવમાં

મોદીજી ભારતના અને મારા પણ પીએમ, દિલ્હીની ચૂંટણી દેશનો આંતરિક મામલો: કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા પાકિસ્તાનના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી ચૌધરી ફવાદ હુસેને મોદીને આ ચૂંટણીમાં હરાવવાની અપીલ કરતુ વિવાદાસ્પદ નિવેદન આપ્યુ છે.

ફવાદે કહ્યુ હતુ કે, ભારતના લોકોએ મોદી મેડનેસને હરાવવી પડશે. વધુ એક ચૂંટણી હારવાના દબાણ હેઠળ પીએમ મોદી હવે ધમકી આપવાની ભાષા બોલી રહ્યા છે. તેમણે કાશ્મીર મુદ્દે તેમજ સીએએ મુદ્દે દુનિયાએ આપેલી પ્રતિક્રિયા બાદ સંતુલન ગુમાવી દીધુ છે.

ટ્વિટર પર આ નિવેદન સામે લોકોના આકરા પ્રત્યાઘાત જોઈને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ફવાદ ચૌધરીને જવાબ આપતા કહ્યુ હતુ કે, મોદીજી ભારતના અને મારા પણ પીએમ છે. દિલ્હીની ચૂંટણી ભારતનો આંતરિક મામલો છે અને આંતકવાદના સૌથી મોટા પ્રાયોજકો તેમાં દખલગીરી કરે તે સહન નહી થાય. પાકિસ્તાન ગમે તે કરે પણ દેશની એકતા પર પ્રહાર નહી થાય.



કેલિફોર્નિયાના ન્યુપોર્ટ બીચ પર એલિસા અલ્ટોબેલી માટે વિદ્યાર્થીઓ, માતાપિતા અને મિત્રો એક મીણબત્તીની દેખરેખ માટે એકઠા થાય છે.

ઉર્મિલા માતોંડકરે સીએએ કાયદાની આલોચના કરી, રોલેટ એકટ સાથે કરી તુલના

મુંબઈ

નાગરિકતા સંશોધન કાયદાની વિરૂદ્ધ બોલિવુડની કેટલીક હસતીઓના વિરોધ બાદ હવે અભિનેત્રી ઉર્મિલા માતોંડકરે પણ આ કાયદાની આલોચના કરી છે. ઉર્મિલાએ નાગરિકતા સંશોધન કાયદાની તુલના અંગ્રેજોના રોલેટ એકટ સાથે કરી છે. રોલેટ એકટને બ્રિટિશ શાસકોએ ૧૯૧૯મા બીજા વિશ્વ યુદ્ધ બાદ આ રાયદો પાસ કર્યો હતો અને આ કાયદાને ઇતિહાસમાં કાળા કાયદા તરીકે ઓળખાય છે.

ગુરૂવારના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર નાગરિકતા સંશોધન કાયદાની આલોચના કરતાં ઉર્મિલા માતોંડકરે કહ્યું કે ૧૯૧૯મા બીજું વિશ્વ યુદ્ધ ખત્મ થયા બાદ અંગ્રેજ એ સમજી ગયા હતા કે હિન્દુસ્તાનમાં તેમની વિરૂદ્ધ અસંતોષ વધી રહ્યો છે. આથી તેમણે રોલેટ એકટ જેવા એક કાયદાને ભારતમાં લાગૂ કરાવ્યો. ૧૯૧૯ના આ રોલેટ એકટ અને ૨૦૧૯ની સિટિજનશીપ અમેંડમેટ એકટને હવે ઇતિહાસના કાયદા તરીકે ઓળખાશે. ઉર્મિલાની પહેલાં બોલિવુડથી તમામ અન્ય લોકોએ પણ નાગરિકતા સંશોધન કાયદાની આલોચના કરી હતી. અભિનેતા નસીરૂદ્દીન શાહ, ફિલ્મ નિર્માતા મીરા નાયર, ગાયક ટીએમ કૃષ્ણા, લેખક અમિતાવ ઘોષ, ઇતિહાસકાર રોમિલા થાપર સહિત ૩૦૦થી વધુ હસતીઓએ સંશોધિત નાગિરકતા કાયદા (સીએએ) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીજન્સ (એનઆરસી)નો વિરોધ કરનાર વિદ્યાર્થીઓ અને અન્યની સાથે એકજૂથતા પ્રકટ કરી છે.

જામિયા ફાયરીંગ કેસ :

ધરપકડ થયેલા સગીરે કહ્યું, 'પોતાના કૃત્ય પર અફસોસ નથી, ઈચ્છો તો મારું એક્કાઉન્ટર કરી દો'

ન્યુ દિલ્હી

જામિયા મિલિયા ઈસ્લામિયાની પાસે ગુરુવારે તમંચાથી ફાયરિંગ કરવાના સગીરે આ ઘટના પર કોઈ અફસોસ નથી વ્યક્ત કર્યો. એક ન્યુઝ મુજબ આરોપીએ પોલીસની પૂછપરછમાં અત્યાર સુધી કોઈ પણ સંગઠન સાથે જોડાયેલા હોવાની વાત સ્વીકારી નથી. દિલ્હી પોલીસના સૂત્રોનું કહેવું છે કે આરોપી સોશિયલ મીડિયા પર વીડિયો જોયા બાદ કટ્ટર થયો. સૂત્રોએ જણાવ્યું કે આરોપી સગીર જાન્યુઆરી ૨૦૧૮માં યૂપીના કાસગંજમાં ચંદન ગુપ્તાની થયેલી હત્યાનો બદલો લેવા માંગતો હતો. એવી પણ જાણકારી સામે આવી રહી છે કે દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચ આ સગીરને શુક્રવારે કિશોર ન્યાય બોર્ડ (જસ્ટિસ જ્યૂવેનાઇલ બોર્ડ)ની સમક્ષ રજૂ કરશે.

દિલ્હી પોલીસના સૂત્રોનું કહેવું છે કે આરોપીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે મને પોતાના કૃત્ય પર પસ્તાવો નથી. ઈચ્છો તો મારું એક્કાઉન્ટર કરી દો. પોલીસ સૂત્રો મુજબ આરોપી સગીરે પૂછપરછમાં જણાવ્યું કે તે દિલ્હી એકલો આવ્યો હતો. ત્યારબાદ તે ગુરુવાર બપોરે લગભગ ૧૧ વાગ્યે જામિયા પહોંચ્યો હતો. પોલીસ સૂત્રો મુજબ, જામિયામાં ફાયરિંગ દરમિયાન ઉપયોગમાં લેવાયેલા તમંચાને તેણે બુધવારે જ પોતાના ગામના કોઈ વ્યક્તિની મદદથી લીધું હતું.

સૂત્રો મુજબ ગોળી વાગવાથી ઘાયલ સ્ટુડન્ટ શાદાબે પણ પોલીસને પોતાનું નિવેદન આપવાનો ઈકાર કરી દીધો છે. તેણે પોતાની તબિયત ખરાબ હોવાની વાત કહેતા ના પાડી દીધી છે. પોલીસની સામે સગીર આરોપીએ એવું પણ કબૂલ્યું કે કાશ્મીરી પંડિતો પર થયેલા જુલમ, કાસગંજ હિંસાથી તે દુઃખી હતો, તેથી તેને પોતાના કૃત્ય પર પસ્તાવો નથી.

બેંગ્લુરુનાં ૬૨ વર્ષીય દાદીએ 'મિસિસ ગ્રાન્ડમા અર્થ ૨૦૨૦'નું ટાઈટલ જીત્યું

બેંગલુરુ

આ દુનિયાની કોઈ પણ વ્યક્તિના શોખ અને તેની સિદ્ધિને ઉંમર સાથે કોઈ લેવા-દેવા હોતા નથી. બેંગ્લુરુનાં ૬૨ વર્ષીય આરતી ચટલાનીએ 'મિસિસ ગ્રાન્ડમા અર્થ ૨૦૨૦'નું ટાઈટલ પોતાને નામ કર્યું છે. બલ્ગેરિયા દેશમાં ૧૯ જાન્યુઆરીથી ૨૩ જાન્યુઆરી દરમિયાન ગ્રાન્ડમા યુનિવર્સ પેજન્ટનું આયોજન થયું હતું. વર્ષ ૨૦૨૦નાં 'મિસિસ ગ્રાન્ડમા અર્થ' વિનર આરતી બન્યા છે. આરતી વર્ષ ૨૦૧૯માં 'મિસિસ ગ્રાન્ડમા ઈન્ડિયા' બન્યાં હતાં.

ગ્રાન્ડમા અર્થનું ટાઈટલ જીતવા પર આરતીએ જણાવ્યું કે, હું ઈચ્છું છું કે, આ દુનિયાની દરેક દાદીને આવી પ્રેરણા આપતી સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ. મને આ સ્પર્ધા માટે મારા પૌત્રોએ પ્રેક્ટિસ કરાવી હતી. ત્રણેય રાઉન્ડમાં સૌ પર્ફોર્મન્સ આપવા બદલ હું ઘણી ખુશ છું. બલ્ગેરિયા દેશની રાજધાની સોફિઆએ આ શો કરવાનું વિચાર્યું હતું. શોના આયોજક દુનિયાને દરેક ગ્રાન્ડમધરની જવાબદારીઓ પાછળ તેમની સુંદરતા બતાવવા માગતા હતા. આ ઈવેન્ટમાં ભારત સહિત અન્ય બ્યુટીફુલ ગ્રાન્ડમધરે પણ ભાગ લીધો હતો.

સિક્યુરિટી રિસર્ચરે સ્પાઈસજેટના ૧૨ લાખ પેસેન્જરનો ડેટા લીક થયાનો ઘટસ્ફોટ કર્યો

ન્યુ દિલ્હી

સામાન્ય રીતે ડેટા લીક થવાની ઘટનાઓ છાસવારે બનતી રહે છે ત્યારે વિમાની સેવાની કંપની પણ આમાંથી બાકાત રહી નથી. દેશની ખાનગી એરલાઈન્સ સ્પાઈસ જેટે કન્ફર્મ કર્યું છે કે, આશરે ૧૨ લાખ યાત્રીઓના ડેટા લીક થયા છે. સ્પાઈસજેટે ત્યારે નિવેદન આપ્યું જ્યારે એક સિક્યુરિટી રિસર્ચરે એરલાઈનની સિસ્ટમમાં સિક્યુરિટી લેપ્સ મળી હતી.

એક વેબસાઈટ પ્રમાણે સિક્યુરિટી રિસર્ચે પોતાના એક્શનને એથિકલ હેકિંગ ગણાવતા કહ્યું છે કે સરળતાથી અંદાજ લગાવી શકાય તેવા પાસવર્ડ થકી તેણે એરલાઈનની સિસ્ટમને હેક કરી હતી. ડેટા, બેકઅપ ફાઈલ્સમાં સ્ટોર હતો જે અનક્રિપ્ટેડ ન હતો. આ કારણે ૧૨ લાખથી વધારે લોકોની માહિતી હેક કરી શકાઈ.

સીતારમણનો આશાવાદ પહેલા પાનાથી ચાલુ

પ્રભાવિત થઈ રહ્યું છે. ફાઈનાન્સિયલ સેક્ટરની મુશ્કેલીઓના કારણે રોકાણમાં ઘટાડાના કારણે પણ ચાલુ નાણાકીય વર્ષમાં ગ્રોથ ઘટ્યો છે. બજેટ પહેલા આર્થિક સમીક્ષા એટલે કે આર્થિક સર્વે રજૂ કર્યું છે. આર્થિક સર્વેમાં દેશની આર્થિક સ્થિતિના વાર્ષિક લેખા-જોખા સંસદ સામે મૂકવામાં આવે છે. આર્થિક સર્વેને નાણા મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકારની ટીમ તૈયાર કરે છે. આ વર્ષનો આર્થિક સર્વે મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમે તૈયાર કર્યો છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અભિભાષણ સાથે જ શુક્રવારથી બજેટ સત્રની શરૂઆત પણ થઈ ગઈ છે. બજેટ સત્રનો પહેલો તબક્કો ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે. એક વિરામ બાદ આનો બીજો ભાગ ૨ માર્ચથી શરૂ થઈને ૩ એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્રમાં આ પ્રકારનો વિરામ એક સામાન્ય પરંપરા રહી છે અને વર્ષોથી તેનું પાલન થઈ રહ્યું છે.

આર્થિક સુસ્તી પહેલા પાનાથી ચાલુ

કારણે શેરબજાર પણ ખુલ્લુ રહેશે. બજેટમાં ખેડૂતો માટે-યુવાનો માટે, સ્ટાર્ટઅપ કંપનીઓ માટે, નોકરિયાત વર્ગ માટે રાહતો આપવામાં આવે તેમ નિષ્ણાતોનું માનવુ છે.

સૂત્રોએ કહ્યું કે આ બજેટ પર સૌ કોઈની નજર એટલા માટે નહીં રહે કે બજેટથી સરકારની આગામી વર્ષની પ્રાથમિકતાની જાણ થશે, પરંતુ એટલા માટે રહેશે કે કે સુસ્ત થઈ ગયેલા અર્થતંત્રને સચેત કરવા માટે સરકારે કેટલાંક આકરાં પગલાં લેવાં પડે તેમ છે, તે સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે.

ગયા વર્ષે બજેટના ભાષણમાં સીતારમણે કહ્યું હતું કે "આગામી થોડાં વર્ષોમાં અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચાડી દેવાની ક્ષમતા અમારામાં છે." જો કે સમસ્યા એ છે કે સરકારે પોતે જ ૨૦૨૦ના વર્ષમાં પાંચ ટકાના દરે વિકાસ થશે એમ કહ્યું છે, જે છેલ્લાં છ વર્ષમાં સૌથી ઓછો છે. ઇન્ટરનેશનલ મૉનિટરી ફંડે પણ ભારતના વિકાસદરનો લક્ષ્યાંક ઘટાડીને ૪.૮ ટકાનો કર્યો છે. આવા સંજોગોમાં આ વર્ષનું બજેટ કેવી રીતે અર્થતંત્રને ફરી ચેતનવંતુ કરશે? નિષ્ણાતો કહે છે કે રોજગારીનો અભાવ તે વર્તમાન સરકાર સામેનો સૌથી મોટો પડકાર છે.

સેન્ટર ફૉર મૉનિટરિંગ ઇ ન્ડ ય ન ઇકૉનૉમી(સીએમઆઈઈ) નામની અભ્યાસુ સંસ્થા જણાવે છે કે "ભારતમાં બેકારીનો દર ૭.૫ ટકાનો છે, પણ તેના પરથી મૂળ સમસ્યાનો ખ્યાલ આવતો નથી. તે સમસ્યા છે કે યુવાન ગ્રેજ્યુએટને નોકરીઓ મળતી નથી. દર ચારમાંથી એક ગ્રેજ્યુએટને નોકરી મળી રહી નથી."

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગયા વર્ષના જુલાઈમાં બજેટના ભાષણમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ગ્રામીણ વિસ્તારમાં દરેક ઘરને વીજળી અને રાંધણ ગૅસ પૂરાં પાડી દેવામાં આવશે. ગ્રામીણ વિસ્તારમાં વાહનવ્યવહાર અને આવાસો ઊભા કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી. "ગામ, ગરીબ અને ખેડૂત અમારી દરેક નીતિઓમાં કેન્દ્રસ્થાને છે," એમ તેમણે કહ્યું હતું.

સંસદનું બજેટ પહેલા પાનાથી ચાલુ

લાભ મેળવી શકે છે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓથી ભારતને કેવી રીતે લાભ થઈ શકે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સંસદના બંને સત્રોમાં લોકોના આર્થિક સશક્તિકરણ પર વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. .

સંસદના બજેટ સત્ર પહેલાં, પીએમ મોદીએ કહ્યું કે તમામ પક્ષોએ ખાતરી કરવી જોઈએ કે સંસદના બંને ગૃહોમાં સારી ચર્ચા થાય. આપણે બધાએ ખાતરી કરવી જોઈએ કે આ સત્રમાં, અમે આ દાયકા માટે એક મજબૂત પાયો નાખ્યો છે. આ સત્ર મુખ્યત્વે આર્થિક મુદ્દાઓ પર કેન્દ્રિત કરવામાં આવશે. હું ઈચ્છું છું કે બંને ગૃહોમાં આ મુદ્દાઓ પર સારી ચર્ચાઓ થાય, એમ પીએમ મોદીએ કહ્યું હતું.

હથિયારો ભરેલી પહેલા પાનાથી ચાલુ

પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું કે જમ્મુ-કશ્મીર હાઇ વે પર એક ટોલ પ્લાઝા પર શ્રીગર તરફ જઈ રહેલા ટ્રકને રોકવામા આવતાં ટ્રકમાં છૂપાયેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો તેથી સિક્યોરિટી દળ તરત સાબદું થઈ ગયું હતું. એ લોકો ટ્રકમાં ચૂપચાપ પડ્યા રહ્યા હોત તો ઈતિહાસ કદાચ જુદો હોત. પરંતુ તેમણે ઉતાવળે ગોળીબાર કર્યો એમાં ઓળખાઈ ગયા અને સિક્યોરિટીએ વળતો ગોળીબાર કરીને એ લોકોને ઠાર કર્યા. આ લખાઈ રહ્યું હતું ત્યારે પણ એક્કાઉન્ટર ચાલુ હતું.

ઉલ્લેખનીય છે કે આની પહેલાં ગુરૂવારના રોજ જમ્મુ-કાશ્મીરના કુપવાડા વિસ્તારમાં સુરક્ષા બળોએ એક આતંકીને પકડી પાડ્યો હતો. ધરપકડ કરાયેલા આતંકી હિઝબુલ મુઝાહિદ્દીનના છે. તેમની ઓળખ ફયાઝ મીર તરીકે થઈ છે.

તો મંગળવારના રોજ ઉતર કાશ્મીરના બારામુલ્લાથી લશ્કર-એ-તૈયબાના આતંકીને ધરપકડ કરી હતી. આ મામલે એક પોલીસ અધિકારીએ કહ્યું કે બાંદીપોર જિલ્લાના હાજિન નિવાસી સજ્જાદ અહમદ ડાર ઉર્ફે અદનાનને બારામુલ્લા સ્થિત પટ્ટનના અંદેરગમ ગામથી પકડી પાડ્યો.

કોવિંદ પહેલા પાનાથી ચાલુ

વધુ સશક્ત બનાવે છે, બીજી તરફ વિરોધના નામે કોઈ પણ પ્રકારની હિંસા, સમાજ અને દેશને નબળા કરે છે. આમ તેમણે સંવાદની ભૂમિકા બનાવવા ભાર મૂક્યો હતો.

સંસદના સંયુક્ત સત્રને સંબોધતા રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું કે ૨૦૨૦થી શરૂ થયેલો આ દાયકો ભારત માટે મહત્વપૂર્ણ છે, આ જ દાયકામાં ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થશે. આપણે નવું ભારત બનાવવું છે, મારી સરકારના પ્રયત્નોથી, છેલ્લા પાંચ વર્ષમાં આ દાયકાને "ભારતનો દાયકો" બનાવવાનો પાયો નાખ્યો છે.

રાષ્ટ્રપતિએ નાગરિકતા કાયદાના સંદર્ભમાં કહ્યું હતું કે દેશના ભાગલા દરમિયાન ભારતની જનતાને ઘણી મુશ્કેલી હતી. તે વખતે મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે જે હિન્દુઓ પાકિસ્તાનમાં રહેવા નથી માંગતા તેઓ ભારત આવી શકે છે, મારી સરકારે નાગરિકત્વ કાયદો લાગુ કરીને બાપુની ઇચ્છા પૂરી કરી છે. સંબોધનમાં આમ રાષ્ટ્રપતિએ સીએએનો ઉલ્લેખ કર્યો કે તરત જ વિપક્ષી નેતાઓએ સંસદમાં ખળભળાટ મચાવી દીધો અને સૂત્રોચ્ચાર કર્યા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ સમયગાળા દરમિયાન પાકિસ્તાનમાં હિન્દુઓ પર થયેલા હુમલાની નિંદા કરી હતી અને નાનકના સાહિબની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિપક્ષ દ્વાર શોરબકોરને કારણે મહામહિમને પોતાનું સંબોધન ૫-૧૦ સેકન્ડ અટકાવવાની ફરજ પડી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે પૂજ્ય બાપુનું સ્વરાજ ગ્રામ સ્વરાજ, નહેરુજીનું આધુનિક ભારત બનાવવાનું સ્વપ્ન અથવા દીન દયાળ ઉપાધ્યાયનું અંત્યોદયનું સ્વપ્ન. ભારતનું બંધારણ આ તમામના સપના પૂરા કરવા માટે આપણું માર્ગદર્શક છે. અમારું બંધારણ દેશના નાગરિકોના હક્કોનું રક્ષણ કરે છે અને તેમને તેમની ફરજો વિશે જણાવે છે.

આતંકના સ્વરૂપને ધ્યાનમાં લેતા, જનસમર્થન ખૂબ જ ઉપયોગી છે એમ કહીને તેમણે કહ્યું કે, મારી સરકાર આતંકવાદ સામે લડવા માટે પ્રતિબદ્ધ છે. આતંકવાદ ફેલાવવા સામે સક્ષ કાર્યવાહી કરવા સેનાના જવાનોને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. સરકાર વિદેશી નીતિને મહત્વપૂર્ણ ભાગ માને છે અને સરકાર પાડોશી દેશો સાથેના સંબંધોને સુધારવામાં આગળ વધી રહી છે.

ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બન્યો છે, મારી સરકાર મેક ઈન ઈન્ડિયાને દબાણ કરી રહી છે. હું ભારતીય લોકોને સ્થાનિક માલ ખરીદવા અપીલ કરૂ છું.

રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં એમ કહ્યું કે સરકાર દ્વારા ડિજિટલ ક્રાંતિ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં ડિજિટલ સિસ્ટમ્સ વિકસિત થઈ છે. દેશમાં ૧૨૧ કરોડ લોકો પાસે આધારકાર્ડ છે, ભીમ એપ જેવી સુવિધાઓ પણ લોકોને મદદ કરી રહી છે. આ યોજનાઓથી સરકારના પૈસા ખોટા હાથમાં જતા બચાવે છે અને ગરીબોને સીધો લાભ મળી રહ્યો છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે કેન્દ્ર સરકાર યુવાનો માટે સ્ટાર્ટ અપ્સ, રમતગમત ક્ષેત્રે મોટા પગલા લઈ રહી છે. યુવાનો આનો ફાયદો કરી રહ્યા છે અને દેશનું ભવિષ્ય મજબુત થઈ રહ્યું છે.

રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં લઘુમતી સમુદાય માટે સરકારે લીધેલા પગલાઓનો ઉલ્લેખ કર્યો. લઘુમતી સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે કામ કરી રહી છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી છે, સાઉદી અરેબીયાએ પણ મારી સરકારની વિનંતીને માન આપીને ભારતનો હજનો ક્વોટા મર્યાદામાં વધારો કર્યો છે

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે ઉત્તર પૂર્વમાં વિકાસની ગતિ સરકારે વધારી હતી, ત્યાંથી કનેક્ટિવિટી વધારવામાં આવી છે. લોકોનું જીવન સરળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, સરકારે બોડો સમસ્યા નિવારવા માટે પગલાં લીધાં છે.

સંસદમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સરકારે કરતારપુર કોરિડોર રેકોર્ડ સમયમાં પૂર્ણ કર્યો. દેશની રાજધાની દિલ્હીમાં ૪૦ લાખથી વધુ લોકો ઘરની માલિકી મેળવશે તેવી આશાએ વર્ષોથી જીવી રહ્યા હતા, મારી સરકારે આ સપનું પૂરું કર્યું છે

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે છેલ્લા સાત મહિનામાં સંસદે નવા રેકોર્ડ બનાવ્યા, મારી સરકારની ઈચ્છાને કારણે મુસ્લિમ મહિલાઓને ન્યાય આપતા તીન તલાક નિવારણ છૂટાછેડા કાયદા, દેશને સશક્તિકરણ આપતા ગ્રાહક કાયદો, ચીટ ફંડ કાયદો, બાળકો સામેના ગુનાઓ અટકાવવા કડક સજાનો કાયદો બનાવવામાં આવ્યા છે.

રામજન્મભૂમિ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ દેશવાસીઓ જે રીતે સમૃદ્ધ રીતે વર્તે છે તે આવકાર્ય છે. લોકશાહીમાં ચર્ચા મહત્વપૂર્ણ છે, પરંતુ વિરોધના નામે થતી હિંસા સમાજને નબળી બનાવે છે, એમ પણ તેમણે કહ્યું હતુ.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત દ્વિતીય દિવસે ધોળકા તાલુકામાં વિવિધ કાર્યક્રમ યોજાયા



અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વટામણ અને કૌકા ગામમાં રસોઈ શો, બાળ તંદુરસ્તી હરીફાઈ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વટામણ અને કૌકા ગામમાં રાજય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વટામણ અને કૌકા ગામમાં રસોઈ શો, બાળ તંદુરસ્તી હરીફાઈ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ચેરમેન ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ કુશળસિંહ પઢેરિયા તથા મુખ્ય અતિથિ તરીકે કિરીટસિંહ ડાભી ચેરમેન જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, તાલુકા વિકાસ અધિકારી ધોળકા સાધુ સાહેબ, સીડીપીઓ ધોળકા ઘટક ૨ દર્શનાબેન પટેલ, ભાજપના અન્ય હોદ્દેદારો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સીડીપીઓ ધોળકા ઘટક ૨ દર્શનાબેન પટેલે જણાવ્યુ હતુ કે, ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત બાળકો તંદુરસ્ત હરીફાઈમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આવેલ તે બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ પોષણ સંદર્ભે રસોઈ શો નું આયોજન કરી અને તેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય આવેલ બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવેલ છે તેવા દત્તક લેનાર વાલી ઓને પણ સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. જેવો દાતા તેમજ પાલક પિતા તરીકેનો રોલ ભજવશે. આ પોષણ અભિયાન હેઠળ રાજય સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અને આંગણવાડી દ્વારા આપવામાં આવતી સવલતોની વિગતવાર માહિતી સાથે વક્તવ્ય આપવામાં આવ્યુ હતુ. પધારેલ મહાનુભાવો દ્વારા આંગણવાડીની મુલાકાત કરવામાં આવી અને મુલાકાત બાદ નિયત નમૂનામાં આપેલ ચેક લીસ્ટ પણ ભરવામાં આવ્યુ હતુ. તેની સાથે સાથે નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા તે તમામ બાળકોને મહાનુભાવો દ્વારા ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ નાની ફિલ્મો જેવી કે બીજું પિયરઘર તથા વૃક્ષમાં બીજ તું તેમજ અમૂલ્ય ૧૦૦૦ દિવસ બધા તથા પોષણ અદાલત કે જે શાળાના બાળકો દ્વારા નાટક ભજવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત પોષણની આરતી પણ કરવામાં આવી હતી.

બચાવવા ગયેલા સસરાનું દાઝી જતા મોત નીપજ્યું

માતા-પિતાના વિયોગમાં સગર્ભાએ અગ્નિસ્નાન કરતા ખળભળાટ

રાજકોટ

ભગવતીપરામાં રહેતી ફીઝા શબ્બીર ગાયલ નામની પરિણીતાએ ગુરૂવારે સાંજે અગ્નિસ્નાન કરી લેતાં સસરા રમઝાનભાઈ ઉમરભાઈ ગાયલ તેને બચાવવા દોડતાં તે પણ ગંભીર રીતે દાઝી ગયા હતાં. તેમજ પતિ શબ્બીર પણ હાથના ભાગે દાઝ્યો હતો. ત્રણેયને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જયાં શબ્બીરને પ્રાથમિક સારવાર આપી ફીઝા અને તેના સસરા રમઝાનભાઈને દાખલ કરવામાં આવ્યા હતાં. પરંતુ મોડી રાતે રમઝાનભાઈએ દમ તોડી દીધો હતો.

હોસ્પિટલ ચોકીએ બી-ડિવીઝનમાં જાણ કરી હતી. ફીઝાના માતા-પિતા હયાત નથી. તે બે બહેન અને એક ભાઈમાં નાની છે. લગ્ન થયા ત્યારથી તે અવાર-નવાર પતિને પોતાના માતા-પિતા ન હોય તેમની બહુ યાદ આવતી હોવાની વાત કરતી હતી. આઠ માસ પહેલા જ તેના લગ્ન થયા હતા. ફીઝાએ માતા-પિતાના વિયોગમાં આ પગલુ ભર્યાનું જાણવા મળ્યું છે. પતિ શબ્બીર ગાયલ ભંગારના ડેલામાં મજૂરી કરે છે. પુત્રવધૂને ઠારવા જતાં દાઝી જતાં મોતને ભેટેલા રમઝાનભાઈ પાંચ ભાઈ અને ત્રણ બહેનમાં વચેટ હતાં અને કડીયા કામની મજૂરી કરતાં હતાં.

પડતર માગણીઓને લઈ સૌરાષ્ટ્રના ૫૦૦૦ બેંક કર્મચારીઓ હડતાળમાં જોડાયા

રાજકોટ

પડતર માગણીઓને લઈને ગુજરાતભરના બેંક કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે. ત્યારે રાજકોટના ૩૨૦૦ સહિત સૌરાષ્ટ્રના ૫૦૦૦ જેટલા બેંકકર્મી શુક્રવારથી હડતાળમાં જોડાયા છે. રાજકોટમાં જ્યુબિલી પાસે બેંકના કર્મચારીઓ એકત્ર થઈ સુત્રોચ્ચાર કર્યા હતા.

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલી બેંકોમાં હડતાળ જાહેર કરવામાં આવી છે. જુદી જુદી પડતર માગણીઓને લઈ ધરણા અને પ્રદર્શન કરી રહ્યા હતા. બેંક કામદાર સંઘોના વેતનમાં ૨૦ ટકાનો વધારો, સપ્તાહમાં પાંચ દિવસની સેવા, નવી પેન્શન યોજના રદ કરવા, વિશેષ ભથાને બેઝિક પેકેજ સાથે જોડવાની બેંક કર્મીઓ માંગણી કરી રહ્યા છે. ત્યારે રવિવારના રોજ જાહેર રજા હોવાના કારણે બેંકો સીધી સોમવારે ખુલશે.

ગીરમાં એક જ રાતમાં પાંચ ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ

ગીર

તાલાલા ગીરમાં ગત એક જ રાતમાં ભૂકંપના પાંચ આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટ જોવા મળ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૪ કિમી દૂર નોર્થ ઈસ્ટમાં નોંધાયું હતું.

પ્રથમ આંચકો રાત્રે ૧૦.૩૭ વાગે ૩.૧નો, બીજો આંચકો ૧૦.૩૯ વાગે ૧.૩ની તીવ્રતાનો, ત્રીજો આંચકો ૧૦.૪૩ વાગે ૧.૩, ચોથો આંચકો ૧૨.૫૬ વાગે ૧ અને પાંચમો આંચકો ૧.૦૬ વાગે ૧.૭ની તીવ્રતાનો નોંધાયો હતો.

કોરોના વાયરસનો હાહાકાર... રાજ્યમાંથી રોજના ૫ લાખથી વધુ માસ્કની ચીનમાં નિકાસ

અમદાવાદ

ચીનમાં અત્યારે કોરોના વાયરસે એવો તે હાહાકાર મચાવ્યો છે કે, આખી દુનિયામાં પ્રોડક્શન હાઉસ તરીકેની ખ્યાતિ મેળવનારું ચીન પોતાની જ જરૂરિયાત જેટલા માસ્કનું ઉત્પાદન કરી શકતું નથી. ડિસ્પોઝેબલ માસ્કનો એક દિવસ જ વપરાશ કરી શકાય છે અને આ કારણે હવે ચીનમાં વપરાશ સામે માસ્કનું ઉત્પાદન ઘટી ગયું છે. આથી જ પહેલી વાર એવું બન્યું છે ચીને પોતાની જરૂરિયાત માટે ભારતથી માસ્કની ખરીદી શરુ કરી છે. આનો સીધો ફાયદો ગુજરાતના માસ્ક ઉત્પાદકોને મળ્યો છે.

રાજયના ઉત્પાદકોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાંથી હાલ રોજના ૫ લાખથી વધુ ડિસ્પોઝેબલ માસ્કની ચાનમાં નિકાસ થઈ રહી છે. હજી પણ ત્યાંની માગને જોતા સ્થાનિક ઉત્પાદકોએ એપ્રિલ સુધી બીજા કોઈ ઓર્ડર લેવા પડશે નહીં.

અમદાવાદના માસ્ક ઉત્પાદક સેલ્સ પ્રોડક્ટ્સના પાર્ટનર આશિષ કોટાડિયાએ જણાવ્યું કે, ચીને અગાઉ કદી ભારતમાંથી માસ્ક ખરીદ્યા નથી. પરંતુ કોરોના વાયરસના કારણે ત્યાં સર્જીકલ માસ્ક અને રેસ્પોરેટરી માસ્કની માગ ખૂબ વધી છે, જેને પૂર્ણ કરવા ગુજરાતના કારખાનાઓમાં મજૂરો ડબલપાળી કરી રહ્યા છે. આ ઉપરાંત ચેન્નાઈ અને મદુરાઈમાં પણ ચીનથી માસ્કની ડિમાન્ડ આવી રહી છે.

કોરોના વાયરસના કારણે ચીનમાં ઝડપથી માસ્ક પહોચાડવા પડે તેવી સ્થિતિ છે અને આના માટે એર ટ્રાન્સપોર્ટ એક માત્ર રસ્તો છે. જોકે ચીનમાં જે રીતે ઈમરજન્સી છે તેના કારણે ઘણી એરલાઈન્સે ફ્લાઈટ્સ રદ કરી છે. આ સ્થિતિમાં ઉત્પાદકોને ચીનમાં માલ મોકલવામાં મુશ્કેલી આવી રહી છે.

હવસખોર શિક્ષકે ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને શારીરિક અડપલાં કરતા હાહાકાર

અમદાવાદ

અમદાવાદના વાડજમાં હવસના ગુરુએ ૧૧ વર્ષની એક વિદ્યાર્થિનીને શારીરિક અડપલાં કર્યા હતા. એટલું જ નહીં, તેણે માતા-પિતાને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે વાડજ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ શાળાના શિક્ષકની નજર ૧૧ વર્ષની વિદ્યાર્થિની પર બગડી હતી. તેણે વિદ્યાર્થિનીને ગાલ પર બટકું ભરી લીધું હતું. અને તેની છાતી પર હાથ ફેરવીને શારીરિક છેડતી કરી હતી. એટલું જ નહીં શિક્ષકે અડપલાં કર્યા બાદ બાળકીને માતા-પિતાને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. જે મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

બાવળામાં પંચશીલ સોસાયટીમાં રહેતાં દર્શનભાઈ જયેશભાઈ સોની શ્રીનગર સોસાયટીમાં સહજાનંદ કલાસીસ અને બાવળાની ગર્લ્સ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતો હતો. તેના કલાસીસમાં બાવળામાં રહેતી ૧૫ વર્ષની સગીરા ટ્યુશન જતી હતી. સાંજે ટ્યુશનથી ઘરે આવ્યા બાગ સગીરાને ચક્કર આવતાં તે સૂઈ ગઈ હતી. બીજા દિવસે સ્કૂલમાં પણ ચક્કર આવતાં સગીરાની મિત્ર તેને ઘરે મૂકી ગઈ હતી. આ મામલે પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરી છે.

સેટેલાઈટ જ્વેલર્સ લૂંટ કેસઃ ચોરીનું તરકટ જાતે જ રચ્યું હોવાની વેપારીની કબૂલાત

અમદાવાદ

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશન પાછળ આવેલા આર.એસ. જ્વેલર્સના વેપારીને કોઈ કેફી પદાર્થ સૂંઘાડીને લાખો રૂપિયાના દાગીના લૂંટી ગયાના સમાચાર મળતા જ પોલીસ દોડતી થઈ ગઈ છે. આ કેસમાં હવે નવો જ ખુલાસો થયો છે. વેપારીએ પોલીસ પૂછપરછમાં સ્વીકાર કર્યો છે કે તેણે જાતે જ લૂંટનું તરકટ રહ્યું હતું.

૨૭ જાન્યુઆરીના રોજ આવી ઘટના બની હોવાની જાણ થતાં જ ડીસીપીએ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા અને વેપારીઓની પૂછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને વેપારી પર શંકા પડી હતી. પોલીસને આશંકા હતી કે વેપારીએ જ સમગ્ર લૂંટનું કાવતરું ઘડ્યું છે. જે બાદમાં પોલીસે વેપારીની ઉલટ પૂછપરછ શરૂ કરી હતી. આ ઉપરાંત એફ.એસ.એલ.માં વિવિધ પ્રકારના ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

જોકે, આ ટેસ્ટના ત્રણ તબક્કા પૂરા થાય તે પહેલાં જ વેપારીએ સ્વીકાર્યું હતું કે તેને ધંધામાં દેવું થઈ જતાં તેણે આ પ્રકારની લૂંટનું તરકટ રચ્યું હતું. વેપારીના કહેવા પ્રમાણે ધંધામાં ઉઘરાણી વધી જતા વારંવાર ઉઘરાણી કરનારા લોકોના ફોન આવતા હતા. આથી કંટાળીને તેણે આ લોકોને પૈસા ન આપવા પડે તે માટે ચોરીનું તરકટ રચ્યું હતું. પોલીસે એફએસએલમાં એસ.ડી.એસ ટેસ્ટ કરાવ્યા હતા. જોકે, આ ટેસ્ટના ત્રણ તબક્કા પૂરા થાય તે પહેલા બીજા તબક્કે જ વેપારીનો ભાંડો ફૂટી ગયો હતો. જે સમયે બનાવ બન્યો તે સમયે જ્વેલર્સના સીસીટીવીનું રેકોર્ડિંગ થતું ન હતું, પરંતુ માત્ર લાઈવ સીસીટીવી જોઈ શકાતા હતા. ઉપરાંત આ જ્વેલર્સમાં કામ કરનાર અન્ય કર્મચારીને પણ રજા આપવામાં આવી હતી. આથી આ કેસમાં પોલીસને વેપારી પર જ શંકા પડી હતી.

અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલ-૨ પર ૨૪ કલાક એક ડૉક્ટર તેમજ બે પેરા મેડીકલ સ્ટાફ રખાયો

ચીનમાં ફસાયેલા ગુજરાતીઓને લાવવા ૨ ચાર્ટર પ્લેનની વ્યવસ્થા કરાઈ : નીતિન પટેલ

ગાંધીનગર



ચીનમાં કોરોના વાઈરસે કહેર વર્તાવ્યો છે ત્યારે ત્યાં ફસાયેલા ગુજરાતીઓને લાવવા સરકાર ચિંતિત છે. અમદાવાદ બીજે મેડિકલ કોલેજના એક કાર્યક્રમ બાદ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, ચીનમાં ફસાયેલા ગુજરાતીઓને લાવવા માટે ૨ ચાર્ટર પ્લેનની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાઈરસનો ફેલાવો ચીન સહિત વિશ્વના અન્ય ૧૭ દેશોમાં જોવા મળ્યો છે, ત્યારે ગુજરાતમાં કોરોના વાઈરસનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી. તમામ પ્રકારની આરોગ્ય સવલતો પૂરી પાડવા રાજ્યનું આરોગ્ય તંત્ર સુસજ્જ છે. નાગરિકોને ત્વરિત સારવાર મળી રહે તે માટે અમદાવાદ એરપોર્ટ ખાતે ૨૪ કલાક સ્ક્રિનિંગ માટે ટર્મિનલ-૨ ઉપર ૨૪ કલાક એક ડૉક્ટર તેમજ બે પેરા મેડીકલ સ્ટાફ સાથેની મેડીકલ ટીમ એમ્બ્યુલન્સ સાથે તૈનાત કરાઈ છે. મેડીકલ ટીમની સાથે થર્મલ સ્કેનર, પી.પી.ઈ.કીટ, એન-૯૫ માસ્ક, થ્રી લેયર માસ્ક, ઓક્સિજન, ઈમરજન્સી દવાઓ તથા સેલ્ફ ડિક્લેરેશન અંગેના ફોર્મ રાખવામાં આવી છે. આ ઉપરાંત ૨૪૮૭ એડવાન્સ લાઈફ સપોર્ટ સાથેની એમ્બ્યુલન્સ રાખવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ ખાતે ટર્મિનલ ૧ તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર પણ હેલ્થ એલર્ટ ડિસ્પ્લે કરવામાં આવી છે. કોરોના વાઈરસ માટે સિવિલ હોસ્પિટલ, અમદાવાદને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં અધતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરૂ કરાયો છે. આરોગ્ય કમિશનરની કચેરી અને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે કોરોના વાઈરસ અંગે કંટ્રોલરૂમ કાર્યરત કરાયો છે.

ઈન્ફેક્શન થયું નથી. વિદેશ વિભાગ ચીન સાથે સતત સંપર્કમાં છે. ચીનમાં વસતા ભારતીયો પૈકી જેટલા પરત આવવા માંગે છે તેમને પરત લવાશે.

નોવેલ કોરોના વાઈરસનો ફેલાવો ચીન સહિત વિશ્વના અન્ય ૧૭ દેશોમાં જોવા મળ્યો છે, ત્યારે ગુજરાતમાં કોરોના વાઈરસનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી. તમામ પ્રકારની આરોગ્ય સવલતો પૂરી પાડવા રાજ્યનું આરોગ્ય તંત્ર સુસજ્જ છે. નાગરિકોને ત્વરિત સારવાર મળી રહે તે માટે અમદાવાદ એરપોર્ટ ખાતે ૨૪ કલાક સ્ક્રિનિંગ માટે ટર્મિનલ-૨ ઉપર ૨૪ કલાક એક ડૉક્ટર તેમજ બે પેરા મેડીકલ સ્ટાફ સાથેની મેડીકલ ટીમ

બંધ કારમાં ઊંઘી જતાં ૧૯ વર્ષીય યુવકનું ગુંગળામણથી મોત નીપજ્યું

અમદાવાદ

બંધ કારમાં ઊંઘી રહેતા ડ્રાઈવરો માટે લાલબત્તી સમાન કિસ્સો અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં સામે આવ્યો છે. સાઉથ બોપલના ઓર્ચિડ સેન્ટર પાસે બંધ કારમાંથી ભાવેશ રબારી નામના યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો છે. પોલીસે આ મામલે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે કાર ચાલુ હતી અને કારમાં હિટર પણ ચાલું હતું. પ્રાથમિક તારણમાં એવું સામે આવ્યું છે કે ભાવેશ રબારીનું મોત કારમાં ગૂંગૂળામણને કારણે થયું છે.

મોતનું સાચું કારણ શોધવા માટે પોલીસે ભાવેશના મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો છે. પીએમ થયા બાદ ભાવેશના મોતનું કારણ બહાર આવશે. બોપલ પીએસઆઈ અનુષમાન નિનામાએ જણાવ્યું હતું કે, લાશને જોતા લાગે છે કે બાર કલાક પહેલા મોત થયું હશે, પરંતુ પીએમ પછી જ કંઈક કહી શકાશે. મૃતક ભાવેશ રબારીની ઉંમર ૧૯ વર્ષની છે. ભાવેશ ઓલા કાર ચલાવીને પોતાનું ગુજરાત ચલાવતો હતોઅને નાઈટ શીફ્ટ કરતો હતો.

પ્રાથમિક તારણ એવું કાઢવામાં આવ્યું છે કે ભાવેશ કારમાં હિટર ચાલુ કરીને ઊંઘી ગયો હશે. જે બાદમાં કારમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં તેનું ગૂંગળામણથી મોત થયું હશે. કારમાં ગરમીનું પ્રમાણ વધી જતાં તેના નાકમાંથી લોહી નીકળી ગયું હતું. મૃતકના શરીર પર ઈજાના કોઈ નિશાન જોવા મળ્યાં નથી. બીજી તરફ સાઉથ બોપલ જેવા વિસ્તારમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળતા પોલીસે પણ તપાસ હાથ ધરી છે. પોલીસે કાર અને કારમાંથી ભાવેશનો મોબાઈલ કબજે લીધો છે. ભાવેશ વેજલપુરમાં રહે છે. એટલે તે રાત્રે સાઉથ બોપલમાં કોને ડ્રોપ અથવા પીકઅપ માટે આવ્યો હતો તેની પણ તપાસ થશે.

રાજપથ ક્લબ નજીક ફંગોળાયેલ કાર સીસીટીવીમાં કેદ, એક શખ્સનો ચમત્કારિક બચાવ

(જી.એન.એસ)અમદાવાદ,તા.૩૧

બપોર બાદ ઈસ્કોન બ્રિજ તરફથી ગાંધીનગર તરફ જતા રોડ પર પૂરપાટ દોડતી એક કાર ફંગોળાઈ હતી. અચાનક કાર કોઈ કારણસર આગળથી ચોંટી ગઈ હતી અને સરકતી સરકતી ફૂટપાથના ડિવાઈડરને ટકરાઈને ૧૫ ફૂટ ઉછળીને પલટી મારી ગઈ હતી. આ બનાવ બન્યો ત્યારે ત્યાં સાઈન બોર્ડ નજીક ફૂટપાથ પર એક વ્યક્તિ બેઠો હતો. કાર ડિવાઈડરને અથડાઈને ઉછળીને તેની નજીકથી નીકળી ગઈ હતી અને તેનો ચમત્કારિક બચાવ થયો હતો. રામ રાખે તેને કોણ ચાખે એ કહેવત સાર્થક કરતા અકસ્માતના બનાવમાં જિંદગી અને મોત વચ્ચે માત્ર એક સેકન્ડનું જ અંતર રહી ગયું હતું. આ સમર્ગ બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

એસજી હાઈવે પર ડિવાઈડરને અથડાઈને કાર પલટી ગઈ હતી. ત્યારબાદ કારનો ચાલક અને અન્ય એક વ્યક્તિ કારમાંથી નીકળીને ફરાર થઈ ગયો હતો. કારનો અકસ્માત થતાં તેનો આગળનો ભાગ દબાઈ ગયો હતો અને કાચ ફૂટી ગયા હતા. જ્યારે સાઈન બોર્ડના થાંભલા પણ તૂટી ગયા હતા. કાર ડિવાઈડર પર ચડી જતા આસપાસથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. કારમાંથી ભાજપના ખેસ જોવા મળ્યા હતા.

કાર અને એક્ટીવા વચ્ચે અકસ્માત થતા એકનું મોત, બે ઘાયલ

જામનગર

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર જામનગરની ભાગોળે એક્ટીવા સ્કુટર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જે અકસ્માતમાં સ્કૂટર ચાલક યુવતીનું ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું છે. જ્યારે તેની પુત્રી સહિત અન્ય એક મહિલાને ઈજા થવાથી જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.

આ અકસમાતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ડિફેન્સ કોલોનીમાં રહેતી રીનાબેન જોગિન્દર વર્મા નામની ૩૦ વર્ષની યુવતી કે જે જામનગરના વાલ્કેશ્વરી નગરી વિસ્તારમાં સીએ હાઉસ ઓફિસમાં ફરજ બજાવે છે. તેણીની એક સહ કર્મચારી સુરભીબેન અતુલભાઈ મજીઠીયાને અમદાવાદમાં સી.એ. તરીકે નોકરી મળી જતાં જામનગરની ભાગોળે આવેલી એક હોટલમાં બંને બહેનપણીઓ જમવા માટે ગઈ હતી. જેમાં રીના બહેને પોતાની અઢી વર્ષની પુત્રી પીહુને પણ સાથે રાખી હતી.

જ્યાંથી સ્કૂટર પર બેસીને પરત આવતી વખતે નાઘેડી ગામના પાટિયા પાસે પૂરપાટ વેગે આવી રહેલી એક કારના ચાલકે એક્ટીવા સ્કુટર ને ટક્કર મારી દેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં રીનાબેન વર્મા ને ગંભીર ઈજા થવાના કારણે ઘટનાસ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેણીની પુત્રી પીહુ તેમજ સુરભીબેનને નાની મોટી ઈજા થઈ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વેચેલી મગફળીના નાણાં ન મળતા ખેડૂતોમાં રોષ, ઉઘરાણી માટે જિલ્લા પુરવઠાની ઓફિસે પહોંચ્યા

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ મહામહેનતે તૈયાર કરેલ મગફળીનો પાક ટેકાના ભાવે વેચ્યો હતો. મગફળીનો પાક લેતાં લેતાં ખેડૂતોના આંખે પાણી આવી ગયા હતા કારણ કે કુદરતી વિષમ પરિસ્થિતિઓએ ખેડૂતોને રોવડાવ્યા હતા. ત્યારે ટેકાના ભાવે વેચેલી મગફળીના સમયસર નાણાં ન મળતાં ભારે મુસીબત પેદા થઈ છે. કેટલાય ખેડૂતો બિયારણ દવાઓ માટે નાણાં વ્યાજે લાવીને પણ ખેત પેદાશો કરતા હોય છે. ત્યારે જરૂરિયાતના સમયે ટેકાના ભાવે વેચેલી મગફળીના નાણાં ન મળવાથી ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો. ખેડૂતોએ છેવટે કંટાળીને પુરવઠા અધિકારીની કચેરીએ પહોંચ્યા હતા અને તાત્કાલીક નાણાં મળી જાય તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. સાથે ખેડૂતોએ ભારે ગુસ્સા સાથે સમયસર નાણાં નહીં મળે તો હજારો ખેડૂતો ભેગા થઈ આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.

સમયસર ટેકાના ભાવે વેચેલી મગફળીના નાણાં ન મળતાં અરવલ્લી જિલ્લાના ખેડૂતો રોષે ભરાયા હતા અને જિલ્લા પુરવઠા ઓફિસમાં પહોંચી ગયા હતા. જ્યાં ખેડૂતો અને અધિકારી વચ્ચે થયેલ સંવાદનો વિડીયો પણ અરવલ્લીમાં વાઈરલ થયો હતો.

ગાર્ડન નગરી 'વડોદરા'માં ૧૦૩ બગીચા, પણ સ્ટાફની અછતથી ભારે હાલાકી

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના હાલ ૧૦૩ ગાર્ડન છે અને બીજા ૧૦ નવા ગાર્ડન બની રહ્યા છે. ગાર્ડનની નિભાવણી માટે કોર્પોરેશન પાસે પૂરતો સ્ટાફ ન હોવાથી મુશ્કેલી પડે છે. જેથી વડોદરા શહેરના કોર્પોરેશનના ૪ ઝોનમાં ઉપરાંત મોટા કહી શકાય તેવા ગાર્ડનની નિભાવણી માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સ્થાયી સમિતિમાં ૪ ઝોન પૈકી દક્ષિણ ઝોનના ગાર્ડન માટે વાર્ષિક રૂપિયા ૫૧ લાખના ખર્ચે તથા પાર્ક એન્ડ ગાર્ડન શાખા હસ્તકના મોટા ગાર્ડન માટે વાર્ષિક રૂપિયા ૧ કરોડના ખર્ચની મર્યાદામાં કોન્ટ્રાક્ટ અપાયો છે.

વડોદરા ગાર્ડન નગરી કહેવાય છે, હાલ ૧૦૩ ગાર્ડન છે. બીજા દસ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. વડોદરા શહેરમાં જ્યારે ગાર્ડનની સંખ્યા ૪૦ હતી, ત્યારે તે સમયે જેટલા કર્મચારીઓ હતા એટલા કર્મચારીઓ જ ચાલુ રખાયા હતા અને તેમાં કોઈ વધારો કરાયો નહીં.

બીજી બાજુ વય નિવૃત્તિને કારણે સંખ્યા ઘટતી ગઈ અને ૪૦ ગાર્ડન માટે જેટલો સ્ટાફ હતો તે ઘટીને અડધો થઈ ગયો છે અને તેની સામે ગાર્ડનની સંખ્યા બે ગણી વધી ગઈ છે. ગાર્ડનમાં મોટેભાગે લેબર વર્કની જરૂર વિશેષ હોય છે જેમાં સફાઈ, કટીંગ, ક્યારા સરખા કરવા, ક્યારાની માટી ખોદી ને ઉપર-નીચે કરવી, વગેરે... કામગીરીનો સમાવેશ થાય છે.

એક નાનું ગાર્ડન હોય તોપણ ૪ થી ૬ માણસની જરૂર રહેતી હોય છે. કોર્પોરેશન નવા કોઈ સ્ટાફને લેતો નહીં હોવાથી કોન્ટ્રાક્ટરને કામ સોંપવાનો વારો આવ્યો છે.

વૃદ્ધે સાતમાં માળેથી છલાંગ લગાવી આપઘાત કરતા ચકચાર મચી

વડોદરા

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા લાલબાગ બ્રિજ પાસે સાત માળના સત્વ હાઈટ્સ એપાર્ટમેન્ટના બી ટાવરની સાતમાં માળની ગેલેરીમાંથી કૂદીને અજાણ્યા વૃદ્ધે આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં જ માંજલપુર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ છે અને આધેડની ઓળખની કાર્યવાહી હાથ ધરી છે. જોકે આધેડ આપઘાત પહેલા સવારે ૬:૩૧ કલાકે લિફ્ટમાં જતો સીસીટીવીમાં દેખાયો હતો.

આ ઘટનાની વિગતો જોઈએ તો વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા લાલબાગ બ્રિજ પાસે સત્વ હાઈટ્સ એપાર્ટમેન્ટના બી ટાવરમાં આપઘાત કરનાર આશરે ૬૦ વર્ષનો વૃદ્ધ વહેલી સવારે ૬:૩૧ મિનીટે આધેડ એપાર્ટમેન્ટની લિફ્ટ તરફ જતો દેખાયો હતો અને ત્યારબાદ સાતમા માળે આવેલી બહારની ગેલેરીમાંથી આધેડે નીચે કૂદી ગયો હતો. આ ઘટના પછી માંજલપુર પોલીસે ઘટના સ્થળે પહોંચીને આધેડના પરિવારજનોની શોધખોળ હાથ ધરી હતી. અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. માંજલપુર પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે આત્મહત્યા કરનાર વૃદ્ધ સત્વ હાઈટ્સનો રહેવાસી નથી. આ વ્યક્તિ બહારથી આપઘાત કરવા માટે સત્વ હાઈટ્સમાં આવ્યો હતો. જેથી તેની ઓળખ થઈ નથી.

આશ્રમમાં દીવાબત્તી કરી રહેલા ૯૫ વર્ષના વયોવૃદ્ધ મહિલાનું દાઝી જતા મોત

જામનગર

જામનગરના આણદાબાવા આશ્રમમાં ગઈકાલે કરુણ બનાવ બન્યો હતો. ૯૫ વર્ષના વયોવૃદ્ધ મહિલા એ દિવાબત્તી કરવા માટે દિવાસળી પેટાવતા અકસ્માતે દાઝી ગયા પછી તેઓનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયુ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં લીમડા લેન વિસ્તારમાં આવેલા વૃદ્ધાશ્રમમાં રહેતા નિર્મળાબેન જગજીવનદાસ માંડલીયા નામના ૯૫ વર્ષના વયોવૃદ્ધ મહિલા ગત ૨૫મી જાન્યુઆરીના દિવસે દિવાબત્તી કરવા જતાં અકસ્માતે સળગતી દીવાસળી તેમના કપડાં પર પડી હતી અને તેઓ ગંભીર સ્વરૂપે દાઝી ગયા હતા.

૯૫ વર્ષીય વયોવૃદ્ધ મહિલા ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં દાખલ કરાયા પછી સારવાર દરમિયાન તેઓનું કરૂણ મૃત્યુ નિપજયુ છે. સિટી બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચીનથી પરત આવેલી વિદ્યાર્થિનીએ કહ્યું, 'વાયરસના નામે એરલાઈન્સની ઉઘાડી લૂંટ'

રાજકોટ

ચીનમાં કોરોના વાયરસને કારણે ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ ફસાયા છે. ત્યારે ગોંડલની પ્રિન્સી નામની એમબીબીએસની વિદ્યાર્થિની ચીનથી પરત ફરી છે. ચીનથી દિલ્હી, દિલ્હીથી અમદાવાદ અને અમદાવાદથી રાજકોટ પહોંચેલી પ્રિન્સીએ જણાવ્યું હતું કે, ચીનથી દિલ્હી રીટર્ન ફ્લાઈટના બજાર ભાવ ૩૦ હજાર છે પરંતુ હાલ જે પરિસ્થિતિ છે તેને લીધે એક વખતના જ ૨૬ હજાર ચૂકવવા પડી રહ્યા છે. જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ ફ્લાઈટના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

ભારત આવવા માટે સૌપ્રથમ ચીનના એરપોર્ટ પર મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે. જેમાં બોડી ટેમ્પરેચર સહિત સ્કેનિંગ કરવામાં આવે છે. જો રિપોર્ટ દરમિયાન કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાય તો એરપોર્ટ પરથી જ સીધા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવે છે. તેવી જ રીતે ચીનથી આવતી તમામ ફ્લાઈટના પ્રવાસીઓનું ભારત આવતા એરપોર્ટ પર જ મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે અને ત્યારબાદ જ એરપોર્ટથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવે છે. તો સાથોસાથ ચીનમાં કોરોના વાયરસને લીધે એરલાઈન્સ દ્વારા પણ એક પ્રકારની લૂંટ ચલાવવામાં આવી રહી છે.

પ્રિન્સી છેલ્લા એક વર્ષથી નાંચાંગ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહી છે. નાંચાંગમાં છેલ્લા પાંચ દિવસથી તમામ મોલ અને કેન્ટીન બંધ કરી દેવામાં આવ્યા છે. જેથી કરીને જમવાની પણ અનેક તકલીફો સર્જાય છે તો સાથોસાથ યુનિવર્સિટીના મેનેજમેન્ટ દ્વારા રૂમની બહાર નીકળવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે. જેમણે પણ પોતાના દેશમાં પરત ફરવું હોય તેમણે મેનેજમેન્ટને એક અરજી પણ કરવાની રહે છે ત્યારબાદ જ યુનિવર્સિટી છોડીને એરપોર્ટ જવાની અનુમતિ આપવામાં આવે છે. અમારી યુનિવર્સિટીમાં રાજકોટના કુલ ચાર વિદ્યાર્થીઓ મારી સાથે અભ્યાસ કરે છે જેમાંથી ત્રણ તો પહેલાથી જ રાજકોટ વેકેશનમાં પરત આવી ગયા છે જ્યારે મને પણ ડર લાગતા હું રાજકોટ પરત આવી છું.

પરિણીતાએ પ્રેમી પાસેથી ૨૦ હજાર લીધા પછી પરત ન આપતા મળી ધમકી

અમદાવાદ

અમદાવાદ શહેરના એક પોલીસસ્ટેશનમાં પતિ પત્ની ઓર વો નો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પરિણીતા તેના દારૂડિયા પતિથી કંટાળી સંતાનો સાથે રહેવા લાગી હતી. બાદમાં તેણે એક પરિચીતને કોઈ યુવક લગ્ન કરવા માટે ધ્યાનમાં હોય તો બતાવવા કહ્યું હતું. દરમિયાનમાં તેને એક યુવક સાથે પ્રેમ થયો હતો. સંબંધ દરમિયાન પ્રેમી પાસેથી આ મહિલાએ ૨૦ હજાર રૂપિયા લીધા હતા પણ તે પરત ન આપતા પ્રેમીએ ધમકીઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે પતિ પત્ની બંને વચ્ચે સમાધાન થઇ જતા તેઓ પાછા એકબીજા સાથે રહેવા લાગ્યા હતા. સૈજપુર બોઘામાં રહેતી ૩૩ વર્ષીય યુવતી પતિ અને પુત્રી સાથે રહે છે. તે કેન્સરના દર્દીઓને લાવવા લઈ જવાનું કામ કરે છે. વર્ષ ૨૦૧૩માં આ યુવતીના લગ્ન થયા હતા અને વર્ષ ૨૦૧૯માં પતિ ખુબ દારૂ પીતો હોવાથી સમાજના નિયમો મુજબ તેની સાથે છુટાછેડા લીધા હતા. બાદમાં જયેશભાઇ નામના વ્યક્તિને આ પરિણીતાએ કહ્યું હતું કે લગ્ન માટે કોઈ ધ્યાનમાં હોય તો કહેજો.

જેથી જયેશભાઇએ આ પરિણીતાનો ભરત સોલંકી નામના યુવક સાથે પરિચય કરાવ્યો હતો. ભરત અને પરિણીતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ દરમિયાનમાં પરિણીતાએ ભરત પાસેથી વીસેક હજાર રૂપિયા લીધા હતા.

પણ બાદમાં પરિણીતાને તેના પતિ સાથે સમાધાન થઇ ગયું હતું અને તે ભરત સાથે હવે લગ્ન કરી શકે તેમ ન હતું. જેથી ભરતે તેની પાસે પૈસાની ઉઘરાણી કરી તેને ધમકી આપી હતી. ભરતે કહ્યું કે રૂપિયા પરત આપી દે, અથવા લગ્ન કરે નહિ તો તે પરિણીતાને સમાજમાં બદનામ કરી નાખશે. આખરે પરિણીતાએ આ ધમકીઓથી કંટાળીને કૃષ્ણનગર પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

બિભત્સ વાતોથી વિદ્યાર્થીનીને ફસાવતા પ્રોફેસરનો આબાદ બચાવ, ઓડિયો ક્લિપને બોગસ કહી

રાજકોટ

થોડા દિવસો અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એક પ્રોફેસર અને પીએચડી કરી રહેલી વિદ્યાર્થિનીની ઓડિયો ક્લિપ વાઈરલ થઈ હતી. આ ઓડિયો ક્લિપમાં પ્રોફેસર વિદ્યાર્થિની પાસે શરીરસુખની માગણી કરી રહ્યો હતો. ઓડિયો ક્લિપ વાઈરલ થતાં જ સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઓડિયો ક્લિપ પ્રોફેસર ઝાલાની હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. પણ હવે આ મામલે એક નવો જ વળાંક આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બિભત્સ ઓડિયો ક્લિપ મામલે યુવતીએ જણાવ્યું છે કે, આ ઓડિયો ક્લિપ અમારી નથી. તો પ્રોફેસર ઝાલાએ પણ રજિસ્ટાર સમક્ષ પોતાના જવાબમાં જણાવ્યું છે કે, આ ઓડિયો ક્લિપ તેઓની નથી. હવે પ્રોફેસર ઝાલા અને વિદ્યાર્થિની બંનેએ આ ઓડિયો ક્લિપ પોતાની ન હોવાનો દાવો કરતાં આ મામલો વધારે ગૂંચવાયો છે.

વાઈરલ ઓડિયો ક્લિપને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિએ પ્રોફેસર ઝાલાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા. તો હવે જ્યારે વિદ્યાર્થિનીએ યુ ટર્ન લઈ લીધો છે ત્યારે આ ઓડિયો ક્લિપ કોની છે તેને લઈ હવે સવાલ ઉઠી રહ્યા છે. હાલ તો આ મામલે કુલપતિએ કહ્યું છે કે, સમગ્ર મામલે એન્ટી વુમન્સ સ્ક્વોડનાં રિપોર્ટનાં આધારે તપાસ થશે.

IITEના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપિતાના આદર્શ અને મૂલ્યોની શિખામણ એક હજાર શાળાઓમાં આપી

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી સમગ્ર દેશ ઉજવણી કરી રહ્યો છે. ત્યારે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન ગાંધીનગર દ્વારા ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં એક હજાર સ્કુલોમાં દોઢ લાખ બાળકોને બાપુના વિચારો અને મૂલ્યોનો વિસ્તાર કરવા માટે ૪૮૦ વિદ્યાર્થીઓ ૮૦ અધ્યાપકો ગુજરાતમાં ફરી રહ્યા છે. અને 'બાપુ સ્કૂલ મેં' ના સ્લોગન સાથે વિચાર પ્રગટ કરી રહ્યા છે .ગાંધીનગરમાં આવેલા તાલુકાઓની શાળાઓમાં જઈને આ વિદ્યાર્થીઓએ ગાંધીજીના વિચાર અને મૂલ્યોનો પ્રચાર પ્રસાર કર્યો હતો. ત્યારે આ વિચારોની કામગીરી ૨૬ તારીખના રોજથી ૩૧મી સુધી રાખવામાં આવ્યો હતો.મહાત્મા ગાંધી નિર્વાણ દિવસે ગાંધીનગર ખાતે આવેલ જીસીઆરટીસીની મુલાકાત લીધી હતી. આ સંસ્થા સાથે ગુજરાતમાં આવેલ ડાયેટ પણ સંકળાયેલી છે.

જેમાં ઘણા વિદ્યાર્થીઓએ બાપુના ૧૧ વૃત વિશે ઉપર વાર્તા કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી હતી. આઈઆઈટીઈના તમામ વિદ્યાર્થીઓ 'બાપુ સ્કૂલ મેં' પઠન સાથે અલગ અલગ શાળાઓ, કોલેજો અને ગાંધીજીની સંસ્થાઓમાં જઈ એક અનુભવ પ્રાપ્ત કરી ગાંધીના વિચારોને પોતાના જીવનમાં ઉતારી અમલ કરશે. ત્યારે આઈ.આઈ.ટી.ઈ ની વિદ્યાર્થીની વૈશાલીએ જણાવ્યું કે આજે ગાંધી બાપુ ને આખું વિશ્વ ઓળખે છે અને અન્ય દેશોમાં ગાંધી બાપુના વિચારોને ફોલો કરી પોતાના જીવનમાં ઉતારે છે પણ આપણે હિન્દુસ્તાન ના રહેવાસી છીએ એટલે આપણે પણ બાપુને યાદ કરી બાપુની કામગીરી અને વિચારોની માહિતી પૂરી પાડીને અમલ કરીયે.

૧૩ વર્ષની બાળકીનું ઝાડા ઉલટીના કારણે મોત નિપજતા હોબાળો મચ્યો

વડોદરા

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં આવેલ અમરનગર, દક્ષા નગર, ગાયત્રી ધામ સોસાયટીમાં છેલ્લા છ માસથી દૂષિત પાણી આવે છે. સ્થાનિક લોકોએ વારંવાર દૂષિત પાણીની ફરિયાદ કરી હોવા છતાં પાલિકાના સત્તાધીશો ફરિયાદનો ઉકેલ નથી લાવી રહ્યા. આ પરિસ્થિતિ વચ્ચે ૧૩ વર્ષની ઉર્વશી જાદવ નામની કિશોરીનું ઝાડા ઉલટીના કારણે મોત નિપજયું છે. ઉર્વશીના માતા-પિતા દક્ષા નગર સોસાયટીમાં ભાડે થી રહેતા હતા અને તેમની પુત્રી છેલ્લા ૧૫ દિવસ થી બીમાર હતી. આ બીમારીને પગલે ઉર્વશીને હોસ્પિટલ ખસેડાઈ હતી પણ સારવાર દરમિયાન તેનું મોત નિપજયું હતું. આ ઘટનાને પગલે લોકોમાં રોષ છે.

વડોદરાના આ વિસ્તારોમાં છેલ્લા છ માસથી દૂષિત પાણી આવતું હોવાથી ઘરે ઘરે લોકોને કમળો, ટાઈફોઈડ અને ઝાડા ઉલટી જેવા રોગ થયા છે. આ પરિસ્થિતિનો વિરોધ કરવા માટે આજે સ્થાનિક લોકોએ ભેગા થઈ દૂષિત પાણીથી બોટલ હાથમાં રાખી પાલિકા વિરુદ્ધ દેખાવો અને સૂત્રોચાર કર્યા તેમજ માટલા ફોડી વિરોધ કર્યો. આ સંજોગોમાં લોકોએ સ્વચ્છ પાણી નહિ આપવામાં આવે તો વેરો ન ભરવાની અને કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. આ સિવાય કોંગ્રેસના કોર્પોરેટર પુષ્પા વાઘેલાએ પાલિકા પાસે મૃતક પરિવારને વળતર આપવાની માંગ કરી છે.

ચીનથી પરત ફરેલા ગોધરાના વિદ્યાર્થીમાં તાવના લક્ષણો દેખાતા આઈસોલેશન વોર્ડમાં ખસેડાયો

વડોદરા

કોરોના વાઈરસના હાહાકારને પગલે ચીનના જયુજયાન શહેરમાંથી પરત ફરેલા ગોધરાના વિદ્યાર્થી કિશનસિંહ ગોહિલમાં શરદી અને તાવના લક્ષણો દેખાતા મેડિકલ ચેકઅપ માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેને કોરોના વાઈરસ માટે તૈયાર કરેલા આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન પર રાખવામાં આવ્યો છે.

૨૯ જાન્યુઆરીએ ગોધરાના કિશનસિંહ ગોહિલ સહિતના ૧૦ વિદ્યાર્થીઓ વાયા બેંગકોકથી અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે કિશનસિંહ સહિત ૧૦ જેટલા વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યુ ન હતું. ઘરે આવ્યા બાદ કિશનસિંહને શરદી અને તાવ આવતા તેને સ્થાનિક હોસ્પિટલ સારવાર લીધા બાદ આજે મેડિકલ તપાસ માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું મેડિકલ ચેકઅપ કરવામાં આવશે. આ પહેલાં ૩૦ જાન્યુઆરીએ કંપનીના કામથી ચીન ગયેલા ૨ યુવાનો સહિત ૩ લોકો વડોદરા પરત ફર્યા હતા. જેમનું સયાજી હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરાયું હતું.

સોસાયટીમાં આંટા મારતો દીપડો સીસીટીવીમાં કેદ, રહીશોમાં ફફડાટ

ઈડર

સમગ્ર ગુજરાતમાં દીપડાઓનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે અરવલ્લીની ગીરીમાળાઓમાં મોટા પ્રમાણમાં દીપડાઓ વસવાટ કરતા હોવાથી સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના અરવલ્લીની તળેટીમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં અનેકવાર માનવ વસાહતમાં ઘુસી જઈ પશુઓનું મારણ કરી હોવાની ઘટનાઓ નોંધાઈ ચુકી છે ત્યારે ઈડરના રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. સોસાયટીમાં આંટો મારતો દીપડો સીસીટીવીમાં કેદ થતા લોકોમાં ભયનો માહોલ પેદા થયો છે.

ઈડરના ગઢ ઉપર પર દીપડા વિહરતા હોવાની સાથે થોડા સમય અગાઉ ગઢની તળેટીમાંથી દીપડાનો મૃતદેહ પણ મળી આવ્યો હતો ઈડરની ગઢ તળેટી પાસે આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રાત્રે દીપડો ઘૂસી આવ્યો હતો. તેણે કૂતરાનો શિકાર કર્યો હોવાનું સામે આવ્યું છે. દીપડાએ દેખા દેતા લોકોએ ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યું હતું ગઢ પાસે બે દિવસ પહેલા દીપડાએ પશુનું મારણ કર્યું હતું. દીપડો ઘૂસ્યાની જાણ થતાં લોકોમાં ભયનો માહોલ વ્યાપ્યો હતો.સોસાયટીના રહીશોમાં વનવિભાગ તંત્ર દીપડાને પાંજરે પુરે તેવી માંગ પ્રબળ બની છે.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત માંડલમા કાર્યક્રમ યોજાયો



અતિ કુપોષિત બાળકોને દત્તક લેનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું

ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦ થી ૨૦૨૨ની અમદાવાદ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશ બાબુ, જીલ્લાકક્ષાના અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ બાળકો પોષણયુકત બને તે માટે સતત પ્રયત્ન કરી કુપોષણ દુર કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં પૂર્વ ધારાસભ્ય ડો.તેજશ્રીબેન પટેલ અધ્યક્ષ સ્થાને ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં એસ. જી. પંડીત (CF), જીલ્લા સદસ્ય ઈચ્છાબેન પટેલ લાયઝન અધિકારી ડો આર.એન .પટેલ, તાલુકા ના ચુંટાયેલા સદસ્ય, સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કન્યા શાળા ના વિધાથીઓ એ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવેલ જેવા કે પોષણ અદાલત પોષણ ના શપથ લેવડાવવા માં આવેલ. જેમને અતિ કુપોષિત બાળકો દતક લીધેલ છે તેમનુ સન્માન કરવામાં આવેલ હતુ. તેમજ અન્ય કાર્યક્રમ માં ભાગ લીધેલ અન્ન પ્રાશન વિધિ કરાવી તેમને ઈનામ વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમ ને સફળ બનાવવામાં કન્યા શાળા ના આચાર્ય પરેશભાઈ , સી.ડી.પી.ઓ. મીતા જાની. આઈ. સી. ડી. એસ.ના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતનો કોઈ પણ બાળક કુપોષિત ન રહે એની સરકારની જ નહિ, સમાજની પણ જવાબદારી છે : બાલુભાઈ પટેલ

સુરત

રાજ્યવ્યાપી 'ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨'ના પ્રારંભે સમાજના અગ્રણીઓએ પણ રાજ્યના ભૂલકાઓને કુપોષણમુક્ત કરવાની સરકારની પહેલને આવકારી છે. ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામે પોષણ અભિયાન અંતર્ગત આયોજિત સમારોહમાં ઈચ્છાપોર 'પાલક વાલી' બનેલા ઈચ્છાપોર સહકારી મંડળીના ૬૬ વર્ષીય સેક્રેટરીશ્રી બાલુભાઈ કુબેરભાઈ પટેલ આંગણવાડીના દત્તક બાળકની દેખરેખ રાખશે.

શ્રી બાલુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સમાજસેવા માટે કુપોષિત બાળકોના પાલક વાલી બની સમાજનું ઋણ અદા કરવાનો ઉત્તમ અવસર છે. અલ્પપોષિત બાળકોના પોષણની સ્વૈચ્છિક જવાબદારી સમાજવર્ગો, સેવાભાવી સંસ્થાઓ, NGO પાલક વાલી બની ઉપાડશે અને 'એક પાલક એક બાલક'ના ઉદાત્ત અભિગમથી આવા બાળકની સારસંભાળ દેખરેખ રાખશે તો આવનારા સમયમાં રાજ્યનો એક પણ બાળક કુપોષિત નહી રહે એવું મારૂ દ્રઢપણે માનવું છે. ગુજરાતનો કોઈ પણ બાળક કુપોષિત ન રહે એની સરકારની જ નહિ, સમાજની પણ જવાબદારી છે એમ જણાવી શ્રી બાલુભાઈએ બાળકના પાલક વાલી બનવાની લાગણી ઉમેર્યું હતું.

કુલપાડા શ્યામ સુંદર સોસાયટીમાં ચાર માસથી ગંદુ પાણી આવતું હોવાની રાવ

કોર્પોરેટર દિનેશ કાછડીયાની કમિશનરને ફરિયાદ

સુરત

કોંગ્રેસના કોર્પોરેટર દિનેશભાઈ કાછડીયાએ મ્યુનિ. કમિશનરને ફરિયાદ કરી છે કે વરાછા ઝોન (વિભાગ-એ)ના ઈલેકશન વોર્ડ નં.૫ ગલીસરા-સૈયદપુરા-કુબેરનગરમાં સમાવિષ્ટ (અશ્વિનીકુમાર-કુલપાડ) માં સમાવિષ્ટ શ્યામસુંદર સોસાયટીમાં છેલ્લાં ૪ માસથી પણ વધુ સમયથી પાલિકા દ્વારા આપવામાં આવતા × ગંદા, ડહોળા અને વાસ મારતા તથા જીવાતવાળા × અશુદ્ધ પીવાના પાણીની સમસ્યા અને ફરિયાદ મને ત્યાંના સ્થાનિક રહીશો દ્વારા આજે સવારે કરવામાં આવતા મે આ વિસ્તારમાં તાત્કાલિક પાણી વિભાગના અધિકારીઓને ઉપરોકત સ્થળ પર મારી સાથે રૂબરૂ બોલાવી આ વિસ્તારોમાં આવતા પીવાના અશુધ્ધ પાણીના સેમ્પલો આપીને યુધ્ધના ધોરણે આ સેમ્પલો લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી આપવા સુચના આપેલ છે.

આ અંગે સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવેલ ફરિયાદ મુજબ તેઓના દ્વારા સતત ચાર મહિનાથી લેખિત તેમજ મોખિક ફરિયાદો ઓફલાઈન તથા ઓનલાઈન કરી આ અત્યંત હાનિકારક પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ કરવા વિવિધ સ્થળે ફરિયાદ કરવામાં આવેલ છે છતાં પાલિકા દ્વારા હજી સુધી કોઈ પણ પ્રકારની નકકર કામગીરી કરવામાં આવેલ નથી. તેઓની ફરિયાદ છે કે અધિકારીઓ દ્વારા વખત પાણીના સેમ્પલ મેળવી હજી સુધી તેના રિપોર્ટ પણ પુરા પાડેલ નથી તેમજ આ પ્રકારના અશુદ્ધ પીવાના પાણીની સમસ્યાનું કાયમી સમાધાન પણ કરી શકયા નથી જે ખરેખર ખુબ જ આઘાતજનક અને નિંદનીય છે.

વિરમગામના કરકથલ ખાતે ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



પોષણ અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અને આંગણવાડી દ્વારા આપવામાં આવતી સવલતોની માહિતી આપવામાં આવી

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાની કરકથલ પ્રાથમિક શાળા ખાતે રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશુતોષકુમાર ઝા, કિરીટસિંહ ગોહીલ, લખુભા મોરી, ધીરૂભાઈ ચૌહાણ, ડાહ્યાભાઈ પટેલ, રસીકભાઈ પટેલ, પ્રમોદભાઈ પટેલ, વિષ્ણુભાઈ, સીડીપીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, આ કરકથલ ગામમાં આયોજીત કાર્યક્રમમાં પોષણ અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અને આંગણવાડી દ્વારા આપવામાં આવતી સવલતોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નાના ભૂલકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા તે તમામ બાળકોને મહાનુભાવો દ્વારા ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધી નિર્વાણ દિને દાંડીમાં કૂચ કવર અને સિક્કાનું અનાવરણ

અનોખુ પ્રદર્શન જાહેર જનતા બે દિવસ સુધી માણી શકશે

નવસારી

મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારક દાંડી ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ તથા પોસ્ટલ વિભાગ નવસારીના સંયુકત ઉપક્રમે દાંડીકૂચના ચિત્રનું કવર અને સિકકાનું અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત વિધાનાસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આ ર . સી . પ ટે લ ની ઉપસ્થિતિમાં દેશ વિદેશમાં મહાત્મા ગાંધીજીની બહાર પાડવામાં આવેલી ટિકિટો તથા કવરના પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રદર્શન બે દિવસ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી એક અનેરા માનવી હતા કે જેની નોંદ્ધધ દેશ વિદેશમાં ટપાલ ટિકિટોના માધ્યમથી થઈ રહી છે. જેના વિચારથી જ સ્વચ્છતા અભિયાન સફળ થયું છે. સત્યાગ્રહમાં પણ ટપાલખાતાનો મોટો ફાળો છે. દાંડીમાં પણ ગાંધીજીના મૂલ્યો સાથે વિકાસના કામો થાય તે જરૂરી છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે નવસારીના મુખ્ય પોસ્ટ ઓફિસના વડા શ્રી ગૌતમભાઈ ભાનાણીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને ટપાલ વિભાગને સીધો સંબંધ છે. જેલ હોય કે મહેલ આ વિભાગનું કાર્ય ભેદભાવ વિના નિરંતર ચાલી રહયું છે. માય સ્ટેમ્પ કે જે ટપાલની ટિકિટમાં પોતાનો ફોટો કે જેનો ઉપયોગ કરવાની સરકારે માન્યતા આપેલ છે. આ મશીન પણ તા.૩૦-૩૧ બે દિવસ દાંડી ખાતે સ્મારકમાં રહેશે તેમ જણાવ્યું હતું.પ્રવાસન વિભાગના શ્રી એમ.એસ.જાષીએ પ્રવાસન વિભાગ દ્વારા થનાર કાર્યોની રૂપરેખા સાથે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

કાર્યક્રમમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ પ્રિય બાપુ તમે અમર છો. . . . વિષયે પત્રલેખનની કામગીરી કરી હતી. અમદાવાદના ચીકાભાઈ ખરસાણી દિગ્દર્શિત પરિવર્તનની આંધી. . . . યુવા ગાંધી . . નાટક પણ ભજવવામાં આવ્યું હતું.આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાની શ્રી દિનકરભાઈ દેસાઈ, દાંડીના શ્રી ધીરુભાઈ પટેલ, શ્રી કાળુભાઈ ડાંગર, યોગેશભાઈ સુતરીયા, પ્રવાસન તેમજ ટપાલ વિભાગના પ્રતિનિધિઓ, રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારકના ભાઈ-બહેનો, શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

મહારાણા પ્રતાપ પ્રા. શાળામાં મહાત્મા ગાંધી અંજલી અર્પણ

વિશ્વના ૨૦૦ દેશોમાં મહાત્માના સ્મારકો છે : ધામેલિયા

સુરત

ન.પ્રા.શિ.સ.,સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રા.શા.ક્ર.૨૭૨, નાના વરાછામાં આજે ગાંધી નિર્વાણ દિને પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. શાળાના શિક્ષિકા શ્રીમતી રેખાબહેન વસોયાએ ગાંધીબાપુને પ્રિય પદ × વૈષ્ણવજન તો તેને રે કહીએ× અને ×રઘુપતિ રાઘવ રાજારામ× ધૂન ગવડાવી.

શાળાના શિક્ષક શ્રી રાજેશ ધામેલિયાએ રાષ્ટ્રપિતા ગાંધીજી વિશે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી- સંવાદરૂપે વાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીજીને સાચા અર્થમાં ઓળખવા માટે સૌ પ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલને સમજવાની ખાસ જરૂર છે. સ્પષ્ટ વક્તા અને ચોખ્ખે ચોખ્ખું કહી દેનારા સરદાર વલ્લભભાઈના ગાંધીજીને રૂબરૂ મળ્યા પહેલાંનાં વિચારો અને ગાંધીજીને મળ્યા પછીનો સરદારનો ગાંધીજી પ્રત્યેનો સમર્પણભાવ જાણીએ-સમજીએ તો કદાચ ગાંધીજીને ઓળખવાનો પ્રારંભ થઈ શકે. આજે વિશ્વના બસો જેટલા દેશોમાં ગાંધીજીની યાદમાં કોઈ

ને કોઈ સ્મારક,માર્ગ કે અન્ય વસ્તુ છે; ત્યારે ગાંધીજીના કાર્યોને પક્ષ, સંસ્થા કે અન્ય સંકુચિત વિચારધારામાંથી બહાર આવીને યથાર્થ રીતે જાણવાની જરૂર છે. ગાંધીજીએ દેશની આઝાદીની લડતની સાથે-સાથે માતૃભાષા સંવર્ધન, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ વગેરે અનેક બાબતોમાં અકલ્પનીય કાર્ય કર્યું છે.શાળાના વિદ્યાર્થીઓએ પણ બાપુના જીવન પ્રસંગો રજૂ કર્યા.

આચાર્ય શ્રી મિતેશભાઈએ બાપુના વિચારો ને વાણીમાં નહીં, પરંતુ વર્તનમાં મૂકવા બાબતે વાત કરી. શાળા પરિવારના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બાપુને ભાવથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

નવસારીમાં પોષણ અભિયાનનો આરંભ કરાવતા મંત્રી કિશોર કાનાણી



અભિયાનનો આરંભ ગર્ભવતી માતાઓથી કરવો પડશેઃ આરોગ્ય મંત્રી

નવસારી

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના આંતલીયા અને ગડત ખાતે ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ નો ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજયમંત્રી શ્રી કિશોર કાનાણીના હસ્તે પ્રારંભ કરાવ્યો હતો. તેમની સાથે ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઇ, જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલ, ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે મંત્રી શ્રી કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રીશ્રી ગુજરાતને કુપોષણ મુકત બનાવવા અભિયાન ચલાવી રહયાં છે. આ અભિયાનને સફળ બનાવવા માટે સૌપ્રથમ ગર્ભવતી માતાઓથી શરૂઆત કરવી પડશે. જેથી માતા સાથે બાળક પણ તંદુરસ્ત રહેશે. મંત્રીશ્રીએ આંગણવાડીના બહેનોની કામગીરીને પણ બિરદાવી હતી. સૌના સાથ સહકારથી કુપોષણ મુકત ગુજરાત બનાવવા અપેક્ષા વ્યકત કરી હતી. ગણદેવીના આંતલીયા ખાતે મંત્રી શ્રી કુમાર કાનાણીના હસ્તે અંદાજે રૂ.૬ લાખના ખર્ચે લોકફાળાથી નિર્મિત થનાર આંગણવાડી કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતનું ભાવિ તંદુરસ્ત બને તે માટે ગુજરાત સરકારના આ અભિયાનને સાર્થક બનાવવા સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો. આવનારું બાળક તંદુરસ્ત તેમજ આવનારી પેઢી તંદુરસ્ત રહે તે જરૂરી છે. આંગણવાડીની બહેનો દ્વારા સગર્ભા બહેનો ઘરે ઘરે જઈને જરૂરી માર્ગદર્શન આપે છે.

નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈએ એકપણ બાળક કુપોષિત ન રહે તે માટે જાગૃતિ અભિયાન જરૂરી છે તેમ જણાવી પાલક માતા-પિતાએ બાળકની જરૂરી સંભાળ રાખવા જણાવ્યું હતું.

નવસારી જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, સામાજીક જવાબદારી સમજીને જનઅભિયાન રૂપે બાળકોની કાળજી રાખવા જણાવ્યું હતું. એકપણ બાળક કુપોષિત ન રહે તે આપણી સૌની ફરજ છે. જેઓએ પાલક માતા-પિતા તરીકે જવાબદારી લીધી હતી તેઓને અભિનંદન પાઠવ્યા હતાં.

આ અવસરે સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો તથા ગ્રામજનોએ સહી પોષણ દેશ રોશન કાર્યક્રમ વિષયક ફિલ્મ તથા પોષણ અદાલત કાર્યક્રમ નિહાળ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં સી.ડી.પી.ઓ. શ્રીમતી રંજનબેન પટેલે મહેમાનોને આવકાર્યા હતાં. અંતમાં આભારવિધિ મહિલા બાળ વિકાસ વિભાગના અધ્યક્ષ શ્રીમતી સીતાબેન પટેલ કરી હતી. આ પ્રસંગે શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડાલ.સુજીત પરમાર, ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાણીબેન, નવસારી આઇ.સી.ડી.એસ. શ્રીમતી કુસુમબેન સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતાં.

ટેકવાન્ડોમાં સ્નેહલ કેદારીયા રાજ્યમાં તૃતીય ક્રમે વિજેતા

વલસાડ

વલસાડની શેઠ આર.જે.જે. હાઈસ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી સ્નેતહલબેન એસ.કેદારીયાએ ખેલ મહાકુંભ અંતર્ગત ઈન્ડોર સ્ટેજડિયમ ખાતે યોજાયેલી ટેકવાન્ડોસ અંડર-૧૭ વય ગ્રૂપ અને ૬૩-૬૮ વજનગ્રૂપ સ્પાર્ધામાં ભાગ લઈ તૃતીય ક્રમે વિજેતા થતાં બ્રોન્ઝટ મેડલ એનાયત કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, કુ.સ્ને હલે કરાટેની ટ્રેનિંગ આર્મર માર્શલ આર્ટ ગુજજુ કરાટે હેઠળ મેળવી સેકન્ડહ ડેન બ્લે?કબેલ્ટવ મેળવ્યો છે. રાજ્યટકક્ષાએ વિજેતા બની કુ. સ્નેહલે શાળા તેમજ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કાર્યકર સંવાદનું આયોજન

સુરત

સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના મહુવા, બારડોલી-પલસાણા, માંડવી તેમજ કામરેજ તાલુકા કોંગ્રેસ સમિતિમાં તા.૦૪ અને ૦૫/૦૨/૨૦૨૦ ના રોજ પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ભરતસિંહજી સોલંકીના અધ્યક્ષસ્થાને કોંગ્રેસ સમિતિના કાર્યકરોના ×સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં માજી કેન્દ્રીય મંત્રીશ્રી ડો.તુષારભાઈ ચૌધરી, ગુજરાત વિધાનસભાના ઉપદંડક શ્રી આનંદભાઈ ચૌધરી હાજરી આપવાના છે.

સુરત મનપા દ્વારા ૧૭માં ફલાવર શોનો આજથી પ્રારંભ, કેબલ સ્ટ્રેઈડ બ્રિજનું ખાસ આકર્ષણ



સુરત મહાનગરપાલિકા દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. ફલાવર શોના ઉદ્ઘાટન પૂર્વે ગ્રાઉન્ડ પર વિવિધ પ્રકારના ફલોમાંથી જુદી જુદી આકર્ષક કૃતિઓ સાકાર કરવામાં આવી છે.

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૯મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, ૧૭મો બાગાયત મેળો-ફલાવર શો અને ૯માં શિલ્પગ્રામ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આજથી શરૂ થતાં આ મેળામાં આ વખતે ફલાવર શોમાં પાલિકાએ અલગ અલગ થીમ રાખી છે ખાસ કરીને સુરતના વિકાસને ધ્યાનમાં રાખીને આ થીમ બનાવવામાં આવી છે. જેમાં મહત્વના આકર્ષણોમાં કેબલ સ્ટ્રેઈડ બ્રિજ અને બીઆરટીએસના રૂટ છે.

પાલિકા દ્વારા આજથી શરૂ થતા પુસ્તક મેળા અને બાગાયત મેળામાં આ વખતે ફલાવર શોમાં લોકોને એક અલગ મેસેજ મળે તે હેતુથી વિવિધ થીમ રાખવામાં આવી છે ખાસ કરીને કેબલ સ્ટેઈડ બ્રિજ કે જે સુરત માટે એક નજરાણું છે. તેની જાળવણી કઈ રીતે કરવી અને બીજી અગત્યની થીમ બીઆરટીએસ રૂટની બનાવવામાં આવી છે.

સુરતમાં જે રીતે બીઆરટીએસ રૂટમાં અકસ્માતોની સંખ્યા વધી રહી છે તે જોતા પાલિકાએ આ નવતર પ્રયોગ કર્યો છે. જેમાં ફલાવર શોમાં ફૂલો દ્વારા બીઆરટીએસનો આખો રૂટ બનાવવામાં આવ્યો છે. ફૂલની એક બસ પણ બનાવવામાં આવી છે.

આ થીમ દ્વારા પાલિકા લોકોને બીઆરટીએસ રૂટમાં વાહનોના ચલાવવા, રોડ ક્રોસ ના કરવો, રૂટમાં રમવું નહીં રૂટમાં ચાલવું નહીં તેમજ નાના છોકરાઓને બીઆરટીએસ રૂટથી દૂર રાખવા તે અંગેની સમજ આપશે. પાલિકાનો આ પ્રયત્ન લોકોને બીઆરટીએસ રૂટમાં થતા અકસ્માતોના કારણોથી અવગત કરાવવાનો છે. અને લોકો બીઆરટીએસના નિયમો પાળે તે છે.

પાલિકા દ્વારા ફલાવર શોમાં ૧૦૦માંથી ૫૦ ટકા ફૂલો બહારથી મંગાવવામાં આવ્યા છે. અને બાકીના પચાસ ટકા ફૂલો પાલિકાએ પોતાના જ ગાર્ડનો માંથી લાવીને આ થીમ બનાવી છે. લોકો માટે આ વખતનો ફલાવર શો અવનવા ફૂલો તો લઈને આવશે જ પરંતુ સાથે એક અલગ સંદેશ પણ લાવશે.

માનસિક તણાવમાં ધો.-૧૦ની વિદ્યાર્થીનીએ આપઘાત કરતા ખળભળાટ

સુરત

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વિદ્યાર્થીઓથી લઈ વાલીઓમાં પણ બોર્ડની પરીક્ષાનું ટેન્શન અત્યારથી દેખાઈ રહ્યું છે. તો વિદ્યાર્થીઓ બોર્ડમાં સારા માર્ક્સ સ્કોર કરવા માટે દિવસ-રાત એક કરી રહ્યા છે. તેવામાં બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે. સુરતમાં પ્રિલિમનરી પરીક્ષામાં ગુજરાતની પેપર ખરાબ જવાને કારણે માનસિક તણાવમાં આવીને ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, સુરતના અડાજણમાં રહેતી ૧૫ વર્ષીય હીર મોઢિયા ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી. હાલ તેની સ્કૂલ સંસ્કાર ભારતીમાં પ્રિલિમનરી પરીક્ષાઓ ચાલતી હતી. આ પરીક્ષામાં ૨૯ જાન્યુઆરીએ હીરનું ગુજરાતીનું પેપર ખરાબ ગયું હતું. પેપર ખરાબ જવાને કારણે તે સતત ચિંતામાં રહેતી હતી. જો કે ૩૦ જાન્યુઆરીએ ગણિતનું પેપર સારું ગયું હતું. અને આજના પેપરની તે તૈયારીઓ કરતી હતી.

પણ તેના દિમાગમાં ગુજરાતીનું પેપર ખરાબ ગયું હોવાની જ વાત ચાલી રહી હતી. તે સતત માનસિક તણાવનો સામનો કરી રહી હતી. ત્યારે ગુરુવારે સાંજે હીરની માતા ઘરવખરી લેવા માટે બહાર ગઈ હતી. તેવામાં જ હીરે હોલમાં જ પંખા સાથે દુપટ્ટો બાંધીને પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. ત્યારે બોર્ડની પરીક્ષા પહેલાં જ ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે.

હું ઈચ્છાપોર આંગણવાડીના બાળકને કુપોષણથી મુક્ત બનાવીશ અને અન્યને પણ પ્રેરણા આપીશ : કવાસ ગામના પાલક વાલી વર્ષાબેન પટેલ

સુરત

સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના સુપોષિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા 'ગુજરાત પોષણ અભિયાન'ની ઉજવણી રાજ્યભરમાં કરવામાં આવી રહી છે, સમગ્ર રાજ્યમાં કોઈ પણ બાળક તેની ઉંમરમાં યોગ્ય પોષણથી વંચિત રહી ન જાય અને રોગનો ભોગ ન બને તે માટે 'પોષણ અભિયાન-૨૦૨૦-૨૨'ની હોંશભેર ઉજવણી થઈ રહી છે.

સુરત શહેરના ઈચ્છાપોર ખાતે આયોજિત ગામ સ્થિત શારદા વિદ્યાલયમાં ગુજરાત પોષણ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને દત્તક લઈને પાલક વાલી બનેલા કવાસ ગામના રહેવાસી ૩૩ વર્ષીય વર્ષાબેન હરીશભાઈ પટેલ જણાવે છે કે, રાજ્યનો એક પણ બાળક કુપોષિત ન રહે તે પ્રકારનું આયોજન થયું છે, જે સરાહનાને પાત્ર છે. હું ઈચ્છાપોર આંગણવાડીના બાળકને કુપોષણથી મુક્ત બનાવીશ અને અન્યને પણ પ્રેરણા આપીશ. દત્તક બાળકને એક વર્ષ સુધી પૂરતું પોષણ અને ખોરાક મળી રહે તેની હું પુરેપુરી તકેદારી રાખીશ.

લેઉવા પટેલ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો

સુરત શહેરના ગોપીન ગામ ખાતે શ્રી તળાજા-મહુવા લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત ૩૦માં સમૂહ લગ્ન પ્રસંગે ૧૫૩ નવદંપતીઓને આશીર્વાદ આપતા કૃષિ, ગ્રામવિકાસ મંત્રીશ્રી આર.સી.ફળદુએ દાંપત્યજીવનમાં પગલાં પાડનાર નવદંપતીઓનું જીવન કીર્તિમાન અને યશસ્વી બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

નગર પ્રાથમિક શાળા સમિતિ દ્વારા વાર્ષિક રમત-ગમત ઉત્સવ યોજાયો



સ્પોર્ટ્સ ડેમાં ૩૨૮ શાળાના ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા તા.૨૦/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૧/૨૦૨૦ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડોર ગેમ્સ જેવી કે યોગા, કુસ્તી, ચેસ અને કેરમ તેમજ દેશી અને પરંપરાગત રમતો જેવી કે લખોટી, લખોટા, ભમરડા, તાક ઝલ, ચોરસ નાક અને ગણિત દોડ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આઉટડોર રમતોમાં એથ્લેટિક્સ, લંગડી, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ક્રિકેટ અને રસ્સાખેંચ જેવી મેદાની રમતો રમાડવામાં આવી હતી. આ રમતોત્સવમાં કુલ ૩૨૮ શાળાઓમાંથી ૨૦,૦૩૨ જેટલાં બાળ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ઝોન કક્ષામાં વિજેતા બનેલ ખેલાડીઓ માટે શહેર કક્ષાના રમતોત્સવનું આયોજન તા.૨૯/૦૧/૨૦૨૦ અને તા.૩૦/૦૧/૨૦૨૦ દરમિયાન કરવામાં આવેલ હતું. શહેર કક્ષાના રમતોત્સવમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફથી રમતને અનુરૂપ ગણવેશ, બૂટ-મોજાં આપવામાં આવ્યા હતા.

તા.૩૧/૦૧/૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે સ્પોર્ટ્સ સંકુલ, મજૂરાગેટ ખાતે વિજેતા બનેલ તમામ ખેલાડીઓને ટ્રોફી, પ્રમાણપત્રો, ઈનામ અને લ્હાણી અર્પણ કરી સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં સુરત શહેરના માન. મેયરશ્રી, માન. સાંસદશ્રીઓ, માન. ધારાસભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં અંદાજિત ૬૦ જેટલી ટૂકડીઓ માર્ચ પાસ્ટ કરી મહાનુભાવોને સલામી આપી હતી.

સંયમના માર્ગે જઈ રહેલા ૭૭ મુમુક્ષોની વરસીદાન યાત્રા નીકળી

સુરત



સુરતમાં જૈન સમાજ માટે સૌથી મોટો ઉત્સવ યોજાઈ રહ્યો છે કારણકે સુરતની ધરતી પર ૧૦૦ કરતાં વધુ દીક્ષા થઈ રહી છે ત્યારે ત્રીજા રાઉન્ડમાં એક સાથે ૭૭ લોકો દીક્ષા લેવાના છે. શુક્રવારે તેમની વરસીદાન યાત્રા નીકળી હતી. આ દીક્ષા સમારોહમાં ૧૦ વર્ષથી લઈને ૮૪ વર્ષના લોકો દીક્ષા લેવાના છે ત્યારે ૧૦ કિલો મીટર લાંબી યાત્રા જેમાં બળદ ગાડીમાં દીક્ષાર્થીઓ સવાર થયા હતા અને આખી યાત્રામાં દરેક રાજ્યનું લોક નૃત્ય લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

સુરતમાં હાલમાં જૈન સમાજમાં દીક્ષા મહોત્સવ ચાલી રહ્યો છે. પહેલાં ૭ દીક્ષા બાદમાં ૧૯ દીક્ષા અને હવે એક સાથે ૭૭ દીક્ષા થવા જઈ રહી છે ત્યારે આ દીક્ષા પહેલાં દીક્ષા લેનારા લોકોની વરસીદાન યાત્રા નીકળી હતી. શહેરના આઠવાગેટ વિસ્તારથી શરૂ થયેલી યાત્રા ૧૦ કિલોમીટર લાંબી હતી જેમાં હાથી કે ઘોડા નહીં પણ બદળગાડા તૈયાર કરવામાં આવ્યા હતા.

બળદગાડાની અલગ અલગ બગીમાં આ યાત્રા નીકળી હતી. આ યાત્રા માં ૭૭ દીક્ષાર્થીઓમાં સુરત સહિત, મુંબઈ, અમદાવાદ, પૂના, બેંગલુરુ, ડીસા, કોઈમ્બતુર, બાડમેર વગેરે શહેરો-ગામના દીક્ષાર્થીઓ છે.

સુરતમાં ૧૦ વર્ષથી ૮૪ વર્ષના મુમુક્ષો દીક્ષામાર્ગે જઈ રહ્યા છે. જેમાં ૨૦ જેટલા બાળમુમુક્ષુઓ છે. ૩૪ જેટલા ૨૦થી ૪૦ વર્ષના છે. જેમાં ચાર પરિવારો ઘરને તાળું મારીને દીક્ષા માર્ગે પ્રયાણ કરશે.

તા.૭ ફેબ્રુઆરીએ વાપીમાં નિરંકારી સંત સમાગમ યોજાશે

ચલા સ્થિત જગન પાર્કમાં સત્સંગ કાર્યક્રમ

સુરત

સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ના આગમન પર ૭મી ફેબ્રુઆરી એ વાપી માં નિરંકારી સંત સમાગમ થશે, જેની તૈયારીઓ માટે સેવા કાર્યની શરૂઆત થઈ ગઈ છે. સ્વૈચ્છીક સેવા નો શુભારંભ ગઈકાલે સુરત ઝોન ના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓંકાર સિંહ જી ના કર કમળો દ્વારા કરવામાં આવ્યું.

સુરત ઝોન ના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે વાપી માં નિરંકારી સંત સમાગમ ૭ મી ફેબ્રુઆરી ના રોજ ચલા સ્થિત જગન પાર્ક, કસ્ટમ રોડ પર આયોજિત થવા જઈ રહ્યો છે.

તેમણે જણાવ્યું કે સંત સમાગમ ની તૈયારીઓ માં વાપી તેમજ તેની આજુ બાજુ ના ક્ષેત્રો સહીત દમણ, બીલીમોરા, સિલવાસા, ભીલાડ, સુરત, વ્યારા, કિમ, નૌગામા, નવસારી, વલસાડ, ડુંગરી, કપરાડા, પરીયા, ઉમરગામ, વગેરે ના હજારો સેવાદાર ભક્ત સેવાઓ માં જોડાઈ ગયા છે. સેવા શુભારંભ પર ઝોનલ ઈન્ચાર્જ શ્રી એ નિરંકારી સેવાદળ ના સદસ્યોને સંબોધિત કરતા જણાવ્યું કે માત્ર સેવાદળ ના સદસ્યો જ નહિ પરંતુ સંગત ના દરેક સદસ્યો પણ સેવા કરી રહ્યા છે. દરેક એક બીજામાં નિરંકાર ની જ્યોતિ જોઈ ને સમર્પિત થઈ રહ્યા છે અને આ જ તેમની પૂજા - અર્ચના છે. તેમણે કહ્યું કે આ સમાગમ નો લક્ષ્ય માનવ એકતા, પ્રેમ-પ્રીત તથા શાંતિ ને મજબૂતી આપવાનો છે. આ મિશન ચાહે છે કે બધા એકસાથે મળી ને રહે, માનવીય ગુણો થી માનવતાની બોલબાલા કરે અને સમગ્ર વિશ્વને એક પરિવાર નું રૂપ પ્રદાન કરે.

પ્રેસિડન્સી માનવ સહાય કેન્દ્રમાં સિનિયર સીટીઝનનું બહુમાન

સુરત

શ્રી મગનલાલ જીવનભાઈ કારિયા પરિવાર પ્રેરિત અને પ્રેસિડન્સી સ્કૂલ અને લાયન્સ ક્લબ પ્રેસિડન્સી સંચાલિત માનવ સહાય કેન્દ્ર દ્વારા જરૂરીયાત મંદોને વિના મુલ્યે ઓર્થોપેડીક સાધનોની સુવિધા પુરી પાડવામાં આવે છે આ કામગીરીમાં જોડાયેલા પ્રેસિડન્સી સિનિયિર સિટીઝન વાચનાલયના સભ્ય શ્રી મહેનદ્રભાઈ પસ્તાગીયા અને શ્રી ચંપકભાઈ ત્રિવેદીની નિઃસ્વાર્થ ઉત્તમ કામગીરી બદલ પ્રેસિડન્સી પરિવાર દ્વારા ડો. જીતેન્દ્ર ડુમસવાલા , ડો. મુકુંદ કારિયા , લાયન મોના દેસાઈના વરદ હસ્તે શાલા, ટ્રોફી અને બુકે એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે લા. હિતેન્દ્ર ચુડાવાળા, લા. પ્રા. એન.એમ.કારિયા, લા. પ્રકાશભાઈ ગજ્જર, લા. શ્રીમતી નિલમ ગજ્જર, લા. શ્રીમતિ પ્રિતિ શાહ, લા. કુ. દીપિકા શુકલ અને સિનિયર સીટીઝન વાચનાલયના પ્રમુખ શ્રી નવીનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

રોટરી આર્ટ ગેલેરીમાં અજીત પારેખના ફોટોઓનું પ્રદર્શન

શનિ અને રવિવારે પણ પ્રદર્શન નિહાળી શકાશે

સુરત

જાણીતા ફોટો ગ્રાફર શ્રી અજીત પારેખનો ફોટો શો એક્ષપેક્ટ અનસીન સીન ફેબ્રુઆરીની ૨ થી ૧૫ દરમ્યાન, રોટરી આર્ટ ગેલેરી, નાનપુરા અઠવા લાઈન્સ, સુરત મુકામે યોજાયો છે. સમય રહેશે સોમ શુક્ર ૩ થી ૮ જ્યારે શનિ -રવિ ૯ થી ૧૨ અને ૩થી ૮ રહેશે. ગયા વર્ષનો પોટો શો હિમાલય બહોળી પ્રશંસા-પ્રસિદ્ધિ પામ્યો છે. અજીત પારેખના ઘણા ફોટોગ્રાફ્સ કેલેન્ડર તથા ગ્રીટીંગ્સ કાર્ડમાં છપાયા છે. તેમજ સામાયિક તથા ચોપડીઓમાં સમાવેશ પામ્યા છે.

યુવકને હનીટ્રેપમાં ફસાવી ૨૫ લાખની માગણી કરતી બે યુવતીઓની ધરપકડ

સુરત

સુરતના સરથાણા વિસ્તારમાં રહેતાં યુવકે પોતાના મિત્ર પાસે શરીરસુખ માણવા કોઈ યુવતીનો સંપર્ક મંગાયો હતો. તેના મિત્રએ રાંદેરમાં રહેતી મહિલાનો ફોન નંબર આપ્યો હતો. યુવકને મહિલાએ રાંદેર વિસ્તારમાં આવેલાં તેના ઘરે બોલાવ્યો હતો. અને ત્યાર બાદ યુવક યુવતીનાં ઘરે પહોંચી જાય છે. યુવક ઘરમાં આવ્યા બાદ યુવક અને યુવતી કઢંગી હાલતમાં આવી ગયા હતા.

જે બાદ પ્લાન મુજબ બહારથી દરવજો ખોલી એક ૨૨ વર્ષીય યુવતી પોતાના હાથમાં મોબાઈલ લઈ અંદર ઘૂસી આવી હતી. અને બંનેનાં કઢંગી હાલતમાં વીડિયો ઉતારી લીધો હતો. ત્યારબાદ યુવકને બ્લેકમેલ કરવા લાગે છે. કહે છે કે, હવે આ મામલો પતાવો હોઈ તો ૨૫ લાખ આપવા પડશે. રૂપિયા નહીં આપે તો આ વીડિયોને ટીવી ચેનલમાં પ્રસારીત કરી દેવામાં આવશે.

યુવતીની આ વાતોથી ગભરાયેલાં યુવકે તેના મિત્રને સમગ્ર હકીકત જણાવી હતી. અને જણાવ્યું હતું કે તે કઈ રીતે ફસાઈ ચૂક્યો છે. અને તેને ૨૫ લાખ રૂપિયાની જરૂર છે તેવું પણ કહે છે. ત્યારબાદ તેના મિત્રએ બનાવવાળી જગ્યાએ પહોંચી ૧૦૦ નંબર પર ફોન કરી પોલીસ બોલાવી લે છે. જે બાદ પોલીસ યુવકને મહિલાઓનાં ચુંગાલમાંથી મુક્ત કરાવે છે. સમગ્ર મામલે રાંદેર પોલીસ બંને યુવતી અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. ૩ લોકોની ગેંગ દ્વારા હનીટ્રેપનું આ રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. અને તેઓની મોડસ ઓપરેન્ડી પણ આ જ હતી. શરીરસુખ માણવા આવેલાં યુવકનો વીડિયો ઉતારી તેને બ્લેકમેલ કરીને પૈસા પડાવવા. આ રેકેટમાં સામેલ બે યુવતીઓની પોલીસે ધરપકડ કરી છે. જ્યારે ફરાર એક યુવકની શોધખોળ હાથ ધરી છે.

ગ્રામજનોને સરકારી યોજનાનો લાભ લેવા અનુરોધ

દાંતેજમાં પોષણ અભિયાન શરૂ કરાવતા એમ.થૈન્નારસન

નવસારી

રાજ્યવ્યાપી ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ના પ્રારંભ ત્રિદિવસીય કાર્યક્રમ ચાલી રહયો છે જે અંતર્ગત નવસારીના ડિવાઈન સ્કુલ દાંતેજ ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ઉદ્યોગ ભવન ગાંધીનગરના ઉપાધ્યક્ષ અને વહીવટ સંચાલક શ્રી એમ. થૈન્નારસનની ઉપસ્થિતિમાં ગુજરાત પોષણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ઉપાધ્યક્ષ અને વહીવટ સંચાલક શ્રી શ્રી એમ.થૈન્નારસને જણાવ્યું હતું કે, ખાસ કરીને વાલીઓ અને ગામના આગેવાનોએ આગળ આવી, ગુજરાત પોષણ અભિયાનમાં ભાગ લેવા જણાવ્યું હતું. જેથી બાળકો અને માતાઓની તંદુરસ્તી અંગે સમજ કેળવાશે. આજનું બાળક આવતી કાલનું નાગરિક છે. ઉપસ્થિત ગ્રામજનોને સરકારશ્રીની યોજનાઓનો લાભ લઈ કુપોષણમુકત ગુજરાત બનાવવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું ઉપાધ્યક્ષશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો તથા ગ્રામજનોએ સહી પોષણ દેશ રોશન કાર્યક્રમ વિષયક ફિલ્મ તથા પોષણ અદાલત કાર્યક્રમ નિહાળ્યો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારી શ્રી તુષાર જાની સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં

દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નજીવો વધારો : નવસારીમાં ૯ ડીગ્રી

સુરતમાં લઘુત્તમ ૧૩ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજથી ફરી એક વખત ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. શીત લહેરની અસરથી શહેરીજનોને ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો જ્યારે ગ્રામીણ વિસ્તારમાં લોકો ઠંડીથી ઠુંઠવાયા હતા. આજે તાપમાનમાં નજીવો વધારો થયો છે. પરંતુ પવનની ગતિ મંદ હોવાથી ઠંડીનો ચમકારો ઓછો અનુભવાઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર શહેરનું અધિકતમ તાપમાન ૨૮.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે શહેરનું તાપમાન યથાવત રહ્યું છે. પરંતુ ઉત્તર દિશાથી પવનના લીધે બેઢી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૯.૩ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ ૭.૦ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડીગ્રીનો વધારો થયો હોવા છતાં પણ ઠંડીનું જોર ગતરોજ જેટલું જ યથાવત રહ્યું છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરના લીધે શહેરી વિસ્તારમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

શાકભાજી વેપારી હત્યા કેસ : આરોપી પત્ની બાદ તેનો પ્રેમી પણ ઝડપાયો

સુરત

પાંડેસરાના વડોદ ગામના મહાવીરનગરમાં મૂળ યુપીના પ્રેમચંદ્ર રામગોપાલ સોનકર ચાર સંતાન અને પત્ની સાથે રહેતો હતો અને શાકભાજીનો વેપાર અને ગેસ બોટલ રિપેરિંગનું કામ કરતા હતો. બુધવારે મધરાત્રે ૧.૩૦ વાગ્યે સંતોષ પ્રજાપતિ મહિલાના રૂમમાં આવ્યો હતો. જેના કારણે પતિ પ્રેમચંદ્રનો સંતોષ સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવતમાં પત્ની સુધાએ પતિના બે હાથ પકડી રાખ્યા અને પ્રેમીએ પહેલા પ્રેમચંદ્રને નાયલોન દોરીથી ગળે ટૂંપો આપ્યો ત્યાર પછી તેના માથામાં હથોડી મારી અને કસાઈની જેમ પ્રેમી સંતોષે મહિલાના પતિનું ગળું કાપી નાખ્યું હતું.

હત્યા કર્યા બાદ પત્ની ઘરને તાળું મારી ચાર સંતાનો સાથે સામેના રૂમમાં જ રહેતા પ્રેમી સંતોષના ઘરે ચાલી જઈ આખી રાત વિતાવી હતી. વહેલી સવારે સંતોષ બેગ લઈને ફરાર થઈ ગયો ત્યાર પછી મહિલા તેના રૂમનું તાળું ખોલવા માટે પડોશીઓને વાત કરી હતી. જોકે, પડોશીએ ખોલવાની ના પાડતાં આખરે તેણે ઘરનો દરવાજો ખોલી બૂમાબૂમ કરી હતી. જેથી આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા. રૂમમાં પતિની લોહીથી લથપથ હાલતમાં લાશ પડી હતી. બે દીકરીઓને માતાએ ખોટું બોલવા માટે તૈયાર કર્યા હતાં. જ્યારે બે સંતાનોએ પોલીસને સાચી હકીકતો જણાવી દેતાં આખરે પત્નીનો હત્યાનો ભાંડો ફૂટી ગયો હતો. જેમાં પ્રેમી સંતોષ પ્રજાપતિ યુપી નજીકથી પોલીસના હાથે પકડાયો હતો. હત્યા કરીને તે યુપીના ચિત્રકુટ જિલ્લાના ગામમાં પોતાના વતન જતો હતો. મહિલાનું સંતોષ પ્રજાપતિ સાથે દોઢેક વર્ષથી પ્રેમ પ્રકરણ હતું અને તેના ઘરની સામે જ પ્રેમી રહેતો હતો. મૃતક પ્રેમચંદ્રને ત્યાં જ પ્રેમી સંતોષ નોકરી કરતો હતો.

૪૨ મીટરની ઉંચાઈને આંબી શકશે, લેડરની લિફ્ટ ચાર લોકોનું રેસ્ક્યૂ કરી શકશે

સુરત મનપાએ ફાયરબ્રિગેડ માટે બીજા ટર્ન ટેબલ લેડરનો ઓર્ડર આપ્યો



સુરત

આગ સહીતની ઘટના દરમિયાન રેસ્કયુ ઓપરેશન હાથ ધરવા માટે સુરત મનપા બાવન લાખના ખર્ચે ૪૨ મીટર ઉચાઈ ધરાવતું ટર્ન ટેબલ લેડરની ખરીદી કરશે. હાઈડ્રોલિક પ્લેટ ફોર્મને ઓપરેટ કરવામાં માટે ત્રણથી ચાર મિનિટનો સમય લાગે છે. જયારે આ ટર્નટેબલ લેડર ૩૦ સેકેન્ડથી એક મિનીટના સમયમાં ૪૨ મીટરની ઉચાઈ સુધી જઈ શકશે. મનપા પાસે હાલ એક ટર્ન ટેબલ લેડર છે. મોરા ખાતેના મેળાની ચકડોળમાં ફસાયેલા લોકો તેમજ રઘુવીર માર્કેટની આગ ઘટના દરમિયાન ટર્ન ટેબલ લેડર ખુબ ઉપયોગી બન્યું હતું.

થોડા સમય પુર્વે સુરત મનપાએ ૫૫ મીટર ઉચાઈ ધરાવતું ટર્ન ટેબલ લેડરની ખરીદી હતી. જરૂરીયાતને ધ્યાને લઈ હવે મનપા ૪૨ મીટરની ઉચાઈ ધરાવતું ટર્ન ટેબલ લેડર ખરીદશે. જણાવ્યું હતું કે, થોડા સમય પુર્વે મોરા ગામ ખાતેના મેળાની એક ચકડોળ ખોટકાઈ જતા ૩૫ જેટલા લોકો ફસાઈ ગયા હતા. દરમિયાન ૫૫ મીટર ઉચાઈ ધરાવતા ટર્ન ટેબલ લેડરની મદદથી રેસ્કયુ ઓપરેશન હાથ ધરી તમામ લોકોને સહી સલામત ઉતારી લેવામાં આવ્યા હતા. હાઈડ્રોલિક પ્લેટફોર્મને ઓપરેટ કરવામાં ચારથી પાંચ મીનીટનો સમય લાગે છે. જયારે ટર્ન ટેબલ લેડર ૩૦ સેકન્ડથી એક મીનિટના સમયમાં ઓપરેટ થઈ જાય છે. એટલું જ નહી ટર્ન ટેબલ લેડરમાં એક લીફ્ટ હોય છે. જેને નિચેથી ઓપરેટર કરી શકાય છે. રેસ્કયુ ઓપરેશન માટે ટર્ન ટેબલ લેડર ખુબ ઉપયોગી બને છે. મુંબઈ ફાયર બ્રિગેડ પાસે પાંચ ટર્ન ટેબલ લેડર છે. જયારે અમદાવાદ મનપા પાસે બે ટર્નટેબલ લેડર છે.



ભરૂચના દહેજમા સ્થિત ટેકનીક ઈન્ડસ્ટ્રીઝમાં પ્રેસર વાલ્વ લીક થતા અકસ્માતમાં એક કામદારનું મોત થયુ હતું. કંપનીના કામદારોએ હંગામો કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મામલો શાંત કર્યો હતો.

મહિધરપુરા અને સચીનમાં પોલીસે છાપા માર્યા : ૧૭ જુગારી ઝડપાયા

સુરત

મહિધરપુરા અને સચીન જીઆઈડીસી પોલીસે બે સ્થળે દરોડા પાડી જુગાર રમતા ૧૭ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૩૪,૬૪૦ની મતા કબજે કરી હતી.

મહિધરપુરા પોલીસે બાતમીના આધારે બેગમપુરા તુલસી ફળીયામાં ધમધમતી જુગારની ક્લબ ઉપર દરોડા પાડી જુગાર મહેશ શંભુ, અજય દંતાણી, મો.ઈરસાદ નાનવાલા, અબ્દુલ અજીજ, વિજય જયસ્વાલ, પ્રવિણ રમેશ નાયક, અનિલ મિસ્ત્રી, અબ્દુલ ગફાર, રાજેશ રાજપુત, અલ્તાફ એયુબ, રાજેશ દલવી, સંતોષ ઠાકુર, મોહન નાથુની ધરપકડ કરી રોકડા રૂપિયા ૨૭૦૦૦ કબજે કર્યા હતા. સચીન જીઆઈડીસી પોલીસે કનસાડ રોડ ઉમંગ રેસીડેન્સીના પાર્કિંગમાં જુગાર રમતાં સુરેશ ગુમા, અમરસાગર, બ્રિજેશ રામસિંગ, શ્યામસુંદર વિશ્વકર્માની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૧૬૪૦ કબજે કર્યા હતા.

૩ લાખના દારૂ સાથે નીકળેલી લક્ઝૂરીયસ બીએમડબ્લ્યુ કાર સાથે એકની ધરપકડ

વલસાડ

બુટલેગરો દ્વારા ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે હવે લક્ઝૂરીયસ કારનો ઉપયોગ કરવામાં આવતો હોવાના બનાવો સામે આવી રહ્યાં છે. સુરત એસ.ઓ.જી દ્વારા લકઝૂરીયસ બી.એમ.ડબ્લ્યુ કારમાં લઇ જવાતો દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. સાથે જ કારમાં દારૂની હેરફેર કરનાર એકને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સેલવાસથી દારૂનો જથ્થો લઈને પારડી ભરીને આવતા સુરત એસ.ઓ.જી દ્વારા કારની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨,૧૧,૨૦૦નો દારૂ સાથે પ્રીતેશ માંઘ્યવંશીની ધરપકડ કરવામાં આવી હતી. ચેકપોસ્ટ હટાવ્યા બાદ અનેક એન્જસીઓ દ્વારા વલસાડમાં ઘુસાડતા દારૂ પર વોચ રાખી દારૂ ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.બીએમડબ્લ્યુ કાર સાથે ઝડપાયેલા ઈસમ સામે રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સામાન ચોરીને ટેમ્પામાં લઈ જતુ દંપતિ ઝડપાયું

પોલીસે ચોરીના સામાન સાથે ટેમ્પો જપ્ત કર્યો

સુરત

અમરોલી રજવાડી પાર્ટી પ્લોટ ખાતે ટાવરના એન્ટીનાની જગ્યાની ફેરબદલી કરવા માટે નીચે ઉતારવામાં આવ્યો હતો. આ ૩૦ હજાર રૂપિયાનો માલ સામાનની ચોરી કરી જતા હતા. ત્યારે પોલીસે તેમને રોકી પૂછપરછ કરી દંપતિની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી-ઉત્રાણ હળપતિવાસ ખાતે મનીષભાઈ સોલંકી રહે છે. અમરોલી રજવાડી પાર્ટી પ્લોટ ખાતે ટાવરનો એન્ટીના નીચે ઉતારીને મુકવામાં આવ્યો હતો. અમરોલી મનીષા ગરનાળા પાસે રહેતાં અનિલ કૌશલ તથા તેની પત્ની સોનલબેન વગેરેઓ એન્ટીનાની ચોરી કરી એક થ્રી વ્હીલ ટેમ્પામાં લઈ જતા હતા. ત્યારે પોલીસે તેની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હજીરા રેલ લાઈન પર કારીગરને પથ્થર મારી લૂંટી લેવાયો

સુરત - અમરોલી અંજની ઈન્ડસ્ટ્રીયલ હજીરા તરફ જતી રેલવે લાઈનના પટ્ટા પાસે બે અજાણ્યા યુવકે કારીગરને આંતરી મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૨૧૫૦ની લૂંટ કરી નાસી ગયા હતા. અમરોલી સાયણ રોડ અંજની ઈન્ડસ્ટ્રીયલમાં કામ કરતો કારીગર ધર્મેન્દ્રસિંગ ઈન્દ્રજીતસિંગ તોમર ગત તા.૩૦મીના રોજ અંજની ઈન્ડસ્ટ્રીયલ પાસે હજીરા તરફ જતી રેલવે લાઈન પાસે બે અજાણ્યા યુવકોએ આંતરી પથ્થર મારી ઈજા પહોંચાડી રોકડા રૂપિયા ૧૫૦ અને મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨૧૫૦ની મતા લૂંટી નાસી ગયા હતા. અમરોલી પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

દહેજની ટેક્નિક ઈન્ડસ્ટ્રીઝમાં પ્રેસર વાલ્વ લીક થતાં એક કામદારનું મોત

ભરૂચ

દહેજ જીઆઈડીસીની ટેક્નિક ઈન્ડસ્ટ્રીઝમાં પ્રેસર વાલ્વ લીક થતાં એક કામદારનું મોત નીપજ્યું હતું. જેને પગલે કંપનીના કામદારોએ હોબાળો મચાવ્યો હતો. દુર્ઘટનાને પગલે વાગરા

દહેજ જીઆઈડીસીની કંપનીઓમાં વારંવાર ગેક લીકેજ થવાની ઘટનાઓ બને છે. જેમાં કામદારોના મોત થાય છે. જેને કારણે કામદારોમાં રોષ જોવા મળી રહ્યો છે. ૧૫ દિવસ પહેલા જ દહેજ જીઆઈડીસીમાં આવેલી ઈજેક્ટ કંપનીમાં કામ કરી રહેલા કામદારને ગેસની અસર થતાં તેનું મોત નિપજ્યું હતું. જેમાં પ્રેસર વેસેલ પ્લાન્ટમાં ઓર્ગન વેલિંગ કરતાં ગેસ ગળતર થયું હતું. જેથી તે ગુંગળાઈ જતાં બેભાન થયો હતો. તોફિક અચાનક બેભાન થતાં તેની સાથે કામકરતા અન્ય કામદારોમાં ભાગદોડ મચી હતી. સાથી કામદારોએ તાત્કાલિક તેને સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

હડતાળમાં દક્ષિણ ગુજરાતની બેંકોના ૧૦ હજાર કર્મચારીઓ જોડાયા



રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાળનો આરંભ બેંકો બંધ રહેતા કામકાજ ખોરંભે

સુરત

રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઇને આજથી બે દિવસની હડતાળ પર ઉતર્યા છે. જેમાં દક્ષિણ ગુજરાતના ૧૦ હજારથી વધુ કર્મચારીઓ જોડાયા છે. જેના પગલે ૧૪૦૦ કરોડ જેટલી રકમનું ક્લિયરિંગ અટવાઇ જશે.

સંજીવ દલાલ (જનરલ સેક્રેટરી, યુનિયન બેંક સુરત) ગુજરાત બેંક વર્કર યુનિયન રાજકોટ જોઈન્ટ સેક્રેટરી)એ જણાવ્યું હતું કે, ૪ વખત સરકારી બેંકોના વિલીનીકરણ અને પડતર માંગણીઓના મુદ્દે હડતાળ થઈ ચૂકી છે. જોકે, સરકાર દ્વારા તે મુદ્દે કોઇ યોગ્ય પ્રતિસાદ આપવામાં આવ્યો નથી. આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન ૩ હડતાળનું આયોજન કરાયું છે. જેમાં પ્રથમ હડતાળ આજે ૩૧મી જાન્યુઆરી અને ૧લી ફેબ્રુઆરીના દિવસે થશે. જ્યારે ૧૧થી ૧૩ માર્ચે બીજી હડતાળ અને ૧લી એપ્રિલથી અનિષ્ટિતકાળ માટે હડતાળનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે.

હડતાળના કારણે શહેરની ૧૧ રાષ્ટ્રીયકૃત બેંકોની ૩૫૦ જેટલી બ્રાંચો બંધ રહેશે. આ સાથે ક્લિયરીંગ હાઉસ પણ બંધ રહેવાના કારણે ગુરૂવારે થર્ડ પાર્ટીના ક્લિયરીંગમાં ગયેલા ચેક સીધા સોમવારથી ક્લિયર થવાનું શરૂ થશે. સુરતમાં ચેક, કેસ અને ઓનલાઈન એમ મળીને કુલ રૂ.૭૦૦ કરોડનું ટ્રાન્ઝેક્શન થાય છે. જ્યારે સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી કુલ ૧૯ બેંકનું ૧૪૦૦ કરોડના ક્લિયરીંગને અસર થશે. વધુમાં એટીએમમાં પણ એડવાન્સ કેસ રિફીલ કરી દેવાય છે. જેના કારણે સામાન્ય ખાતેદારોને અસર થાય નહીં. બેંકના કર્મચારીઓ જણાવે છે કે, સામાન્ય રીતે નાના વિસ્તારમાં રૂ.૧૦ થી ૧૫ લાખની કેસ ફીડ કરવામાં આવતાં હોય છે. હડતાળને જોતાં ૪૦ લાખની ક્ષમતા ધરાવતા એટીએમને રીફિલ કરી દેવાયા છે. આ સાથે કેસ ડિપોઝીટ મશીનમાં પણ રૂ.૧૦ લાખની કેસ ગોઠવી દેવાય હોવાનું જણાવ્યું છે.

હડતાળ પર ઉતરેલા બેંક કર્મચારીઓ દ્વારા ૨૦ ટકાનો પગાર વધારો, ૫ ડે વર્કનો નિયમ બેંકોમાં અમલમાં મૂકવો, સ્પેશિયલ એલાઉન્સને મૂળ પગારમાં ભેળવી દેવું, નવી પેન્શન યોજના રદ્દ કરી, જુની યોજના ફરી અમલમાં મુકવી, પેન્શન અપડેશન વગેરે માંગણી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી છે.

ચણોદમાં એપ્રેન્ટીસ ભરતી મેળાનું કરાયેલું આયોજન

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી ખાતેની કૌશિક હરિયા ટેકનીકલ સેન્ટ ૨ ચણોદ, સેલવાસ રોડ ખાતે રોજગાર કચેરી, વલસાડ, તા.૫મી ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે એપ્રેન્ટીડસ ભરતી મેળાનું આયોજન કરાયું છે. સેક્ટ્રવાઈઝ ખાનગી એકમોમાં રોજગારી અને એપ્રેન્ટીયસ તાલીમ મેળવી શકશે.

આ ભરતી મેળા માટે ધોરણ ૮ પાસ અને ધોરણ ૧૦/૧૨ પાસ કે તેથી વધુ તેમજ વયમર્યાદા ૧૮ થી ૪૦ વર્ષ, આઇ.ટી.આઇ. પાસ, ડીપ્લો માં મેકેનીક, કેમિકલ અને બી.એ./બી.કોમ/ બી.એસ.સી. પાસ માટે વયમર્યાદા૧૮ થી ૩૫ વર્ષ નિયત કરવામાં આવી છે.

ઉક્તમ જગ્યાાઓ ઉપર રોજગારી/ એપ્રેન્ટીસ તાલીમ મેળવવા માંગતા યુવક-યુવતીઓ તેમના બાયોડેટા/ સીવી તેમજ રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવવા માટ તમામ અસલ પ્રમાણપત્રો અને ઝેરોક્ષના બે સેટ, પાસપોર્ટ સાઈઝ ફોટો-૨ સાથે લાવવાના રહેશે, એમ રોજગાર અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.



સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ભારત ભવન સુધી જુલાઈ ૨૦૧૯ પછીના દબાણો દૂર કરવા હાઈકોર્ટનો આદેશ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કેવડિયા ૬ ગામ ગ્રામજનોએ નર્મદા યોજના માટે સૌ પ્રથમ જમીન ગુમાવી હતી, જેથી જમીન વળતરના મુદ્દે સરકાર સામે તેઓએ હાઈકોર્ટમાં કેસ કર્યો હતો.એ કેસનો હાઈકોર્ટે ૩૧મી જાન્યુઆરીએ સુનાવણી દરમિયાન ચુકાદો આપ્યો છે.ચુકાદા મુજબ ગ્રામજનો અને પક્ષકારો વચ્ચે કમિટી બનાવીને ફોર્મ્યુલા નક્કી કરી ૧૦ દિવસમાં કોર્ટ સમક્ષ મૂકે,અથવા ૧૦ દિવસ બાદ કોર્ટ નિર્ણય લેશે.ત્યારે કોર્ટે બીજી તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ભારત ભવન સુધી જુલાઈ ૨૦૧૯ પછીના દબાણો દૂર કરવા હાઈકોર્ટનો આદેશ આપ્યો છે.

હાઈકોર્ટના જુલાઈ ૨૦૧૯ પછીના ગેરકાયદેસર દબાણો દૂર કરવાનો હુકમ થતાની સાથે નર્મદા જિલ્લા કલેકટર મનોજ કોઠારીની સૂચનાથી જીઢ્ઢ ભગત, ડે.કલેકટર અસારી, ગરુડેશ્વર મામલતદાર, નર્મદા નિગમના અધિકારી તેમજ પોલિસને સાથે રાખીને કેવડિયા શ્રેષ્ઠ ભારત ભવનથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના જુલાઈ ૨૦૧૯ પછીના જે દબાણ હતા તે દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી.જેના ભાગ રૂપે કેવડીયા ગામમાં રણછોડજીનું મંદિર નજીકમાં નવું બનાવેલું ટોયલેટ બાથરૂમ જેસીબી મશીનથી તોડવામાં આવ્યુ છે,તેમજ વાગડિયા આદિતેશ્વર મંદિરની જમીન માપણી કરવામાં આવી હતી.

બેકાબૂ કાર થાંભલા સાથે અથડાતા આગ લાગી, બાળકનો બચાવ

સુરત

સુરતમાં એક એવી ઘટના બની છે તે જાણીને ભલભલાના રુવાડા ઉભા થઈ જાય ઉગત કેનાલ રોડ પર આવેલ એસએમસી આવાસમાં એક કારે પ્રવેશ કર્યો હતો. ગાડી પ્રવેશ કરતાની સાથે ડ્રાઈવરે ગાડીના સ્ટિયરીંગ પરનું નિયંત્રણ ગુમાવી નાખ્યું હતું જેને લઈને આવાસમાં પાર્ક કરેલ બાઈકોને પહેલાં અડફેટે લઈને તેનો કચ્ચરઘાણ બોલાવ્યો હતો ત્યારબાદ આગળ વધતા રસ્તામાંથી પસાર થતા બાળક અડફેટે આવતાઆવતા બચ્યો હતો જેને લઈને બાળકનો ચમત્કારી બચાવ થયો હતો.

જોકે તે સમયે ગાડી નજીકમાં આવેલ ઈલેક્ટ્રિક પોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી જેને લઈને આ ગાડીમાં આગ લાગી જવા પામી હતી. ગાડી અથડાવાના અવાજથી સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. લોકો એ જોયું કે ગાડીમાં આગ લાગી છે જેને લઈને ગાડીમાં સવાર લોકોને સ્થાનિક લોકોએ બહાર કાઢીને બહાર બેસાડી ગાડીમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આ સમયે રાહદારીઓ રસ્તા પર હોત તો ગાડી અનેકને અડફેટે લઈ લેત અને જો સ્થાનિક લોકો ન આવ્યા હોત તો ગાડીમાં બેસેલ લોકો બળીને ભડથું થઈ જાત. જોકે આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી.

નર્મદા જિલ્લામા રાષ્ટ્રીયકૃત બેન્કોની હડતાળને પગલે કરોડોના બેન્ક વ્યવહાર ઠપ્પ : ગ્રાહકોને ભારે મુશ્કેલી





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા સહિત રાજપીપળા શહેરમાં રાષ્ટ્રીયકૃત બેન્કોના કર્મચારીઓ પોતાની પડતર માંગણી ઓના મુદ્દે આજથી હડતાળ ઉપર ઉતર્યા હતા જેને પગલે બેન્કિંગ કાર્યની સુવિધાથી ગ્રાહકોને વંચિત રહ્યા હતા. બેક હડતાળને પગલે કરોડોનો બેંક વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો જેથી ગ્રાહકને ભારે હાડમારી વેઠવી પડી હતી.

સરકાર દ્વારા બેક કર્મચારી ની પડતર માંગણીઓ નહીં સ્વિકારવામા આવતા બેન્કના કર્મચારીઓ દ્વારા હડતાળ નો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને પગલે બેંક કર્મચારી ઓ આજથી હડતાળ પર ઉતરતા બેકનો કરોડોનું ટ્રાજેકશન ખોરવાઈ ગયું હતું.આ હડતાળ ને પગલે ગ્રાહકોને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડયો હતો.

નર્મદા જિલ્લા સહિત રાજપીપળાની દેના બેંક,બેંક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સહિત બેન્કના કર્મચારી ઓ પોતાના બેન્કિંગ કાર્યથી અળગા રહી વિરોધ સાથે હડતાળ ઉપર ઉતર્યા હતા, બેન્ક કર્મચારીઓ હડતાળ ઉપર જતા જરૂરી બેન્કિંગ કાર્ય ઉપર મોટી અસર જોવા મળી હતી.

કોહીનૂર માર્કેટમાં સાડીની દુકાનમાં રોકડા રૂપિયા ૪.૭૧ લાખ ચોરાયા

બપોરના સમયે દુકાનમાં પ્રવેશી ચોરે હાથફેરો કર્યો

સુરત

રિંગરોડ કોહીનૂર ટેક્ષટાઈર્લ્સ માર્કેટમાં આવેલ એમ.આર.ડી. સાડી એમ્પ્રોરીયમ નામની દુકાનમાંથી રોકડા રૂપિયા ૪,૭૧,૨૫૩ની ચોરી થઈ હતી.

મૂળ ઝારખંડના વતની અને સીટીલાઈટ ઓપેરા હાઉસ બંગલા નંબર ૪માં રહેતાં કાપડ વેપારી નિતેશ ભાગચંદ જૈને સલાબતપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૩૦મીના રોજ બપોરે ૧૨.૫૦ કલાકે અજાણ્યા ચોરે દુકાનની એસીની બારી વાટે દુકાનમાં પ્રવેશી કેસ કાઉન્ટર રૂમના ડ્રોઅરમાંથી રૂા.૪,૭૧,૨૫૩ની ચોરી કરી નાસી ગયો હતો. સલાબતપુરા પોલીસે વેપારી નિતેશ જૈનની ફરિયાદ નોંધી પો.સ.ઈ. આઈ.ડી. દેસાઈએ તપાસ હાથ ધરી છે. માર્કેટની દુકાનમાં ધોળા દિવસે મોટી રકમની ચોરીનો કિસ્સો બનતા પોલીસે દુકાન તથા આસપાસના સીસી કેમેરાના ફુટેજ મેળવી વિસ્તૃત તપાસ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

નર્મદા જીલ્લાના ત્રણ તાલુકા ખાતે ૧૫૦ મહિલાઓને સીવણમશીન અને પ્રમાણપત્રનુ વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના ત્રણ તાલુકા પૈકી નાંદોદ, તિલકવાડા અને ગરુડેશ્વરના કુંવરપરા, ભાદરવા અને અકતેશ્વર ગામ ખાતે ૧૫૦ મહિલાઓને ઓએનજીસી અને દેવ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૨ મહિનાથી શિવણ ક્લાસના તાલીમ લેતી મહીલાઓને સીવણ મશીનોનુ તથા તાલીમ લીધાના પ્રમાણપત્રોનુ વિતરણ નો ખાસ કાર્યક્રમ ત્રણે ગામોમા યોજાયો હતો જેનુ છોટાઉદેપુરના મહિલા સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાના અધ્યક્ષ સ્થાને મશીનો નું વિતરણ કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે પૂર્વમંત્રી શબ્દશરણ તડવી,નર્મદા સુગરના ચેરમેન ઘનશ્યામ પટેલ , નર્મદા જિલ્લા સરપંચ પરિષદના પ્રમુખ નિરંજન વસાવા તથા ઓએનજીસી અને દેવ ફાઉન્ડેશનના અધિકારીઓની ઉપસ્થિતિમા દિપપ્રાગટ્ય કરી સીવણ મશીનોનુ તથા તાલીમ લીધાના પ્રમાણપત્રોનુ વિતરણકરવામા આવ્યુ હતુ.

સાંસદ ગીતાબેને ગુજરાતના પ્રથમ મહિલામુખ્ય મંત્રી આનંદીબેની મહિલાઓમા ૩૩% અનામત લાવી મહિલા ઓને આગળ આવવા અનુરોધ કર્યો હતો .સીવણની તાલીમ લઈ સારા ફેશન ડિઝાઈનર બનવાની તક હોવાનુ જણાવી સ્કૂલના ડ્રેસ ના ઓર્ડરો આ તાલીમી મહિલા ઓને મળે તે માટે ટ્રાઈબલમા અને સરકારમા રજૂઆત કરી તાલીમી બહેનોને રોજગાર કામ આપવાની ખાત્રી આપી હતી.

નર્મદા સુગરના ચેરમેન ઘનશ્યામ પટેલે જણાવ્યુ હતુ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રોજના ૨૫ હજાર પ્રવાસીઓ આવે છે ત્યા જઈને બહેનો નવી ફેશનના સારા ડ્રેશ વેચવા આવશે તો ચપોચપ ઉપડી જશે.પૂર્વમંત્રી અને પૂર્વ ધારા સભ્ય શબ્દશરણ તડવી અને સરપંચ પરિષદના પ્રમુખ નિરંજન વસાવાએ પણ બહેનોને મશીનો થકી પગભર થવા અનુરોધ કર્યો હતો.

રાજપીપળા માંથી એરપોર્ટ હટી જવાના એંધાણના પગલે વેપારીઓ ચિંતિત : પ્લેન માટે રનવે નાનો પડે છે

• રાજપીપળાના એક સામાજિક કાર્યકરે મુખ્ય મંત્રી વિજય રૂપાણીને લેખિતમાં રજૂઆત કરી
• કેવડિયાના વિકાસમાં રાજપીપલાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે : વિવિધ વેપારી મંડળ પણ કરશે રજૂઆત
• રાજપીપળા માં એરપોર્ટ અને ઝડપી રેલ સેવા બનવી જોઈએ તેવી સ્થાનિક રહીશોની માંગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુને લઈને નર્મદા જિલ્લામાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે. પરંતુ આ વિકાસ વચ્ચે સરકાર રાજપીપળા સાથે અન્યાય કરી રહી છે. કેમકે પહેલા રેલવે જંક્શનની વાત હતી જે કેવડિયા લઈ જવાઈ અને હવે એક માત્ર એરપોર્ટ રાજપીપળા ને મળ્યું હતું તો હવે એ પણ કેવડિયા તરફ જવાની વાતો થતા રાજપીપળાના સ્થાનિક રહીશો અને જિલ્લાના રહીશોનો રોષ વધી રહ્યો છે. જિલ્લાનું મુખ્ય મથક જ વિકાસ થી વંચિત રહી જશે એવો ઘાટ ઉભો થયો છે.જોકે આ માટે રાજપીપળા ખાતે એરપોર્ટ રહે અને ત્યાં જ રેલવે જંક્શન પણ બને એ બાબતે રાજપીપળાના એક સામાજિક કાર્યકર ડી.પી.ટેલરે મુખ્ય મંત્રી વિજય રૂપાણીને લેખિતમાં રજૂઆત કરી છે અને દેશના વડા પ્રધાનને પણ રજૂઆત કરશે.

આ બાબતે ડી.પી ટેલરે જણાવ્યું હતું કે મોદી સરકારના ડ્રિમ પ્રોજેક્ટ નો ચારે કોરથી વિકાસ થઈ રહ્યો છે, જિલ્લો વિશ્વના નકશે અંકિત થઈ ગયો છે પરંતુ કેવડિયાના વિકાસમાં રાજપીપળાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે.કેવડિયા ખાતે રેલવે, સફારી પાર્ક થી લઈ તમામ કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે, તો એર્પપોર્ટ નું કામ શરૂ થતું નહોતું ત્યારે એ માટે પણ મેં સરકારમાં પત્ર લખ્યો હતો. ત્યારે પણ ટીમો ચેકીંગ કરવા આવી હતી પણ મને જાણવા મળ્યું છે કે રાજપીપળા એરોડ્રામ ખાતે જે એરટ્રીપ માટે જમીન છે જેમાં રનવે ઓછો પડે છે.તો રાજપીપળા થી એરપોર્ટ અન્યત્ર ખસી શકે એમ છે જેથી માટે મેં ફરી પત્ર લખ્યો કે રાજપીપળાને એરપોર્ટ મળવું જોઈએ.અને રેલવે જંક્શન પણ બનવું જોઈએ જેનાથી જિલ્લાના આ વડા મથકનો વિસ્તાર એકદમ વિકસિત થઈ જશે.

જોકે આ બાબતે વિવિધ વેપારી મંડળના પ્રમુખ જયેશ ગાંધી એ પણ જણાવ્યું હતું કે આગાઉ અમે પણ આ માટે રજુઆત કરી હતી અને જો એરપોર્ટ રાજપીપળા માંથી જવાની વાત હોય તો અમે પણ વિરોધ નોધાવીશું અને રજુઆત કરીશું કેમકે રાજપીપળા મુખ્ય મથક હોય અમારે અમદાવાદ મુંબઈ સુરત વિવિધ શહેરોમાં સામાન ખરીદી કરવા જવું પડે છે તો એરપોર્ટ હોય, રેલવે ફાસ્ટ હોય તો વિકાસ પણ થાય અને સ્થાનિકોની સુવિધા પણ વધે.

સુરત શહેરમાં જુદા જુદા સ્થળે ત્રણ યુવતીઓની આત્મહત્યા

પાલનપુર પાટીયામાં યુવકે કરેલો આપઘાત

સુરત

શહેરના વિવિધ વિસ્તારોમાં ત્રણ મહિલાઓ તથા યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડીંડોલી લક્ષ્મીનારાયણ સોસાયટી ખાતે રેણકુમારી વિમલેશ ઠાકુરે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પાંડેસરા ક્રિષ્ણા નગર ખાતે બીજો અકસ્માત મોતનો બનાવ નોંધ્યો હતો. પાંડેસરા ખાતે રંજન શેટ્ટી રહે છે. ૪૦ વર્ષની આ પરિણીતાએ બદામના ઝાડની ડાળી સાથે રૂમાલ વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ત્રીજા બનાવની વિગતો એવી છે કે, પશ્ચિમ બંગાળના વતની હાલમાં હનીફ નૂરે ઈસ્લામ સરદારે ઉ.વ.૩૪ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે ચોથો બનાવ અડાજણમાં બન્યો હતો. અડાજણ પાલનપુર પાટીયા ખાતે હિર અમીતભાઈ ચૌધરીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

આધેડ મહિલાનું ચાર વર્ષ સુધી દુષ્કર્મ આચરનાર કાકા-ભત્રીજાની ધરપકડ

સુરત

વરાછાના લુમ્સના કારખાનેદારના નામે અડાજણના વેપારીએ એલઆઈસીમાંથી રૂ.૪૦ લાખની લોન લીધી હતી અને લોનના હપ્તા ભરવાના પૈસા લેવા આવેલી કારખાનેદારની પત્નીનું વેપારીએ યૌન શોષણ કર્યું હતું અને તેનો વિડીયો વાઈરલ કરવાની ધમકી આપી વેપારી અને તેના ભત્રીજાએ ચાર વર્ષ સુધી અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં કારખાનેદારની પત્નીને બ્લેકમેઈલ કરી વેપારી અને તેના ભત્રીજાએ રૂ.૧.૫૦ કરોડ પણ પડાવી લીધા હતા. ભોગ બનનાર આધેડ મહિલાએ પાંચ માસ અગાઉ કાકા-ભત્રીજા ઉપરાંત તેમને મદદ કરનાર અન્ય પાંચ વ્યક્તિ વિરુદ્ધ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસે કાકા-ભત્રીજા આગોતરા જામીન સાથે હાજર થતા બંનેની ધરપકડ કરી હતી.

આ પ્રકરણમાં આખરે કારખાનેદારની પત્નીએ ગત ૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ વરાછા પોલીસ મથકમાં કાકા-ભત્રીજા ઉપરાંત તેમને મદદ કરનાર અલ્પેશ સવજીભાઈ શિરોયા (રહે. રાજહંસ ઓરેન્જ, પાલનપુર ગામ, સુરત), નિખિલ રાજુભાઈ રીબડીયા, વિપુલ પટોડીયા (રહે.રેશમા બિલ્ડીંગની બાજુમાં, કેનાલ રોડ, પૂણા, સુરત), હિતેશ જમનભાઈ તળાવીયા (રહે. જમન કાકા ગુરૂ મરચાવાલા, રેણુકા ભવન, બોમ્બે માર્કેટની પાછળ, સુરત) અને અરવિંદ સિદ્ધપરા (રહે. પરમ રો હાઉસ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, અડાજણ, સુરત) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણમાં કાકા-ભત્રીજા ગતરોજ આગોતરા જામીન સાથે વરાછા પોલીસ મથકમાં હાજર થતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી. વધુ તપાસ પીઆઈ ડી.એમ.કોરાટ કરી રહ્યા છે.

ભેસ્તાનમાં ચીંધીના ગોડાઉનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રૂા.૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે ગોડાઉન માલિકની ધરપકડ

સુરત

ભેસ્તાનમાં કાપડ ચીંધીના ગોડાઉનમાંથી પાંડેસરા પોલીસે દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. બે મોપેડ, રૂપિયા ૧,૩૯, ૯૦૦ની કિંમતનો દારૂ, બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨,૧૫,૯૦૦ના મુદ્દામાલ સાથે ગોડાઉન માલિકની ધરપકડ કરી હતી.

પાંડેસરા પોલીસે મળેલી બાતમીના આધારે ભેસ્તાન નવાબ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં.૧૨૫માં આવેલ જયહનુમાન હેડપ્રિન્ટની બાજુમાં કાપડ ચીંધીના ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. આ ગોડાઉનમાંથી રૂપિયા ૧,૩૯,૯૦૦ના કિંમતની ૩૬૫ નંગ દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂા.૨,૧૫,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ ગોડાઉનના માલિક રોહિત કૈલાશચંદ્ર જોષીની ધરપકડ કરી આરોપી નારાયણલાલ પ્રજાપતિ, કિશોર મેવાડા કલામને વોન્ટેડ જાહેર કર્યો હતો.

બુકાનીધારીઓએ વોચમેનને બંધક બનાવી ૧.૧૧ લાખની લૂંટ ચલાવી

સુરત

સુરત જિલ્લાના બારડોલી તાલુકાનાં તેન નાંદીડા નજીક સુરત બારડોલી રોડ ઉપર આવેલ બાલાજી એગ્રોમાં ૭ જેટલા બુકાનીધારીઓએ લૂટની ઘટનાને અંજામ આપ્યો હતો. લુટારુઓએ વોચમેનને બંધક બનાવી મારમારી એક લાખથી વધુની લૂંટ ચલાવી ઓફિસમાં તોડફોડ કરી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા કેદ થઈ હતી. ઘટનાની જાણ થતાં બારડોલી પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

સુરત જિલ્લાના બારડોલી તાલુકાનાં તેન નાંદીડા નજીક સુરત બારડોલી રોડ પર આવેલ બાલાજી એગ્રો મીલમાં ગત રાત્રિ દરમ્યાન ૭ જેટલા અજાણ્યા બુકાનીધારીઓએ લૂટ ચલાવી હતી. આ લુટારુઓએ બાલાજી એગ્રોમાં વોચમેન તરીકે કામ કરતાં ધર્મપાલ સોનરાવ બ્રોડ (રાજસ્થાન) ને બંધક બનાવી આંખે પટ્ટી બાંધી મારમારી લૂટ ચલાવી હતી. આ ધાડપાડુઓએ વોચમેનએ બંધક બનાવ્યા બાદ ઉપરના રૂમમાં સૂતેલા મહેન્દ્રસિંહ છત્રાસિંહ રાકડા તેમજ રાજેશસિંગ રાજપૂતના રૂમને આગળથી લોક મારી દીધો હતો. ત્યારબાદ ટેબલમાં મુકેલ ૧.૧૧ લાખ રૂપિયા રોકડા તેમજ ચાંદીના સિક્કાની લૂટ ચલાવી હતી. લુટારુઓએ ઓફિસમાં તોડફોડ કરી નુકશાન કર્યું હતું. જોકે સમગ્ર ઘટના સીસીટીવીમાં થઈ કેદ હતી. બનાવ અંગે બારડોલી પોલીસને જાણ થતાં તેઓ તુરંત ઘટના સ્થળે પહોંચી ફૂટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.